॥ श्रीकृष्णाय नमः ॥

# શ્રીપુરુષોત્તમ નામસહસ્ર

## પ્રસ્તાવના

**શ્રીપુરુષોત્તમનામસહસ્રથી** આપણા માર્ગનો ભાવિક કોઈપણ વૈષ્ણવ ભાગ્યે જ અણજાણ હશે. એ શ્રીમહાપ્રભુજીએ નિ:સાધન દૈવી જીવો પર કૃપા વિચારી પ્રકટ કરેલ છે. આપણી સાંપ્રદાયિક ગાથાનુસાર એ નીચે વર્ણવેલ સંયોગોમાં પ્રકટ થયેલ છે. શ્રીમહાપ્રભુજીને બે લાલજી : એક શ્રીગોપીનાથજી અને બીજા શ્રીગુસાંઈજી. બન્ને પુરુષોત્તમ, પરન્તુ એકમાં પ્રમાણ પ્રકટ અને બીજામાં પ્રમેય પ્રકટ. હવે પ્રમાણસ્વરૂપ શ્રીગોપીનાથજીનો એવો નિયમ હતો કે એક વાર સમગ્ર શ્રીમદ્ભાગવતનો પાઠ કર્યા બાદ જ ભોજન કરવું. સમગ્ર શ્રીમદ્ભાગવતનો પાઠ આ રીતે પૂર્ણ થતાં સહેજે બે-ત્રણ દહાડા ચાલ્યા જાય, એટલે આપશ્રી બે-ત્રણ દહાડે એકવાર ભોજન કરે. આપશ્રીનાં વહુજી મહારાજ પણ આ રીતે બે-ત્રણ દહાડે એકવાર આપશ્રી ભોજન કરી લે ત્યારબાદ ભોજન કરે. આ પ્રકારનું બન્નેનું કષ્ટ કૃપાનિધિ શ્રીમહાપ્રભુજીથી જોયું ન ગયું; અને આપે કૃપા કરી આ શ્રીપુરુષોત્તમનામસહસ્રનું રચન કર્યું. આનો પાઠ સમગ્ર શ્રીમદ્ભાગવતના પાઠતુલ્ય છે. આ ગ્રન્થના પ્રારમ્ભમાં આપશ્રી આજ્ઞા કરે છે કે अनन्ता एव कृष्णस्य लीला नामप्रवर्तिकाः उक्ता भागवते गूढाः प्रकटा अपि कुत्रचित् ॥ अतस्तानि प्रवक्ष्यामि नामानि मुरवैरिणः ॥ सहस्रं यैस्तु पठितैः पठितं स्याच्छुकामृतम् ॥ પ્રભુ છે તો એક; પરંતુ એમની લીલા અનેક છે; અને એને લઈ એમનાં નામ પણ અનેક છે. શ્રીમદ્ભાગવતમાં કોઈ સ્થળે આ લીલાઓ ગુપ્ત છે અને કોઈ સ્થળે પ્રકટ છે. માટે હું પ્રભુનાં એવાં હજાર નામ પ્રકટ કરું છું કે જેઓના પાઠથી સમગ્રશ્રીમદ્ભાગવતનો પાઠ થઈ જાય. શ્રીમદ્ભાગવતનો પાઠ એમાં વર્ણવેલ પ્રભુની લીલાઓના અનુસન્ધાન માટે કરવાનો છે. એ અનુસન્ધાન સમજપૂર્વક આ નામોના પાઠથી પણ થાય છે. શ્રીમદ્ભાગવતના મંગલાચરણના બીજા શ્લોકમાં એટલે કે धर्मः प्रोज्झितकैतवोऽत्र परमो निर्मत्सराणां सतां वेद्यं वास्तवमत्र वस्तु शिवदं तापत्रयोन्मूलनम्। श्रीमद्भागवते महामुनिकृते किं वा परैरीश्वरः सद्यो हृद्यवरुध्यतेऽत्र कृतिभिः शुश्रूषुभिस्तत्क्षणात् ॥ એ શ્લોકમાં એમ કહ્યું છે કે આ શ્રીમદ્ભાગવતના પાઠથી ભગવાન હૃદયારૂઢ થાય છે. આ શ્રીપુરુષોત્તમનામસહસ્રના પાઠથી પણ એ જ ફળ પ્રાપ્ત થાય છે. આ ગ્રન્થના અન્તમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે यः कृष्णभक्तिमिह वाञ्छति साधनौघैर्नामानि भासुरयशांसि जपेत् स नित्यम् । तं वै हरिः स्वपुरुषं कुरुतेऽतिशीघ्रमात्मार्पणं समधिगच्छति भावतुष्टः ॥ એટલે કે જે સાધન કરી ભગવદ્ભક્તિ પ્રાપ્ત કરવા માગતો હોય તેણે આ નામોનો સતત પાઠ કરવો; તેવા પાઠ કરનારને પ્રભુ પોતાનો સમજે છે અને તેને વશ થઈ જાય છે. આ રીતે ફળ એક છે, છતાં જેટલી સરળતા શ્રીપુરુષોત્તમ-નામસહસ્રના પાઠમાં છે તેટલી શ્રીમદ્ભાગવતના પાઠમાં નથી એ દેખીતું છે. ઉપરાંત શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે समासव्यासकथनाद् बुद्धिर्भवति वै स्थिरा ॥ એટલે કે એક વસ્તુનું ટૂંકમાં તેમ વિસ્તારથી નિરૂપણ થાય તો એ હૃદયારૂઢ થાય. આ આજ્ઞાનુસાર શ્રીમદ્ભાગવતનું બન્ને પ્રકારનું નિરૂપણ આવશ્યક છે. વિસ્તારથી નિરૂપણ શ્રીમદ્ભાગવતમાં છે અને ટૂંકમાં નિરૂપણ શ્રીપુરુષોત્તમનામસહસ્રમાં છે. એટલે આ બન્ને ગ્રન્થો પૂરેપૂરા જાણ્યાથી શ્રીમદ્ભાગવત હૃદયારૂઢ થઈ શકે. માટે પ્રથમ શ્રીપુરુષોત્તમનામસહસ્ર મોઢે કરી એક એક નામનો વિસ્તાર શ્રીમદ્ભાગવતમાં કયે પ્રકારે છે એ જાણી પછી જો પાઠ કરવામાં આવે તો સમગ્ર શ્રીમદ્ભાગવત હૃદયારૂઢ થાય. અને આ રીતે પાઠ કરવાથી ચારે પુરુષાર્થો તેમ પાંચમો પુરુષાર્થ ભક્તિ સહેજે સિદ્ધ થશે. પોતાના જીવો માટે દરેક સાધન જેમણે કરી રાખેલ છે તેવા શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલ આ અલૌકિક સાધનનો લાભ લઈ દૈવી જીવ પાંચ પુરુષાર્થો સહેજે સિદ્ધ કરશે એવી આશા સેવતા,

વલ્લભ તેમ વલ્લભીઓના દાસાનુદાસ
નાગરદાસ કા. બાંભણિયા
—ના સપ્રેમ ભગવત્સ્મરણ

શ્રી ભાગવતશાસ્ત્રનો આરંભ કરતાં વ્યાસજી મંગલાચરણ ÷ કરે છે :—

જન્માદ્યસ્ય યતોન્વયાદિતરતશ્ચાર્થેષ્વભિજ્ઞઃ સ્વરાટ્
તેને બ્રહ્મ હૃદા ય આદિકવયે મુહ્યન્તિ યત્ સૂરયઃ ।
તેજોવારિમૃદાં યથા વિનિમયો યત્ર ત્રિસર્ગો મૃષા
ધામ્ના સ્વેન સદા નિરસ્તકુહકં સત્યં પરં ધીમહિ ॥ ૧ ॥

*શ્રી ભાગવતનું લક્ષણ એ છે કે જેની ગાયત્રીથી શરૂઆત કરીને ધર્મનો વિસ્તાર વર્ણવ્યો હોય, અને જેમાં વૃત્રાસુરના વધની કથા હોય તે. આ પ્રથમ શ્લોક ગાયત્રીના અર્થરૂપ છે. એમાં ધીમહિ પદ છે તે ગાયત્રીના ધીમહિ પદનું અનુસંધાન કરાવે છે. સત્યં પરં પદો ગાયત્રીના તત્ પદના અર્થરૂપ છે. જન્માદ્યસ્ય યતોન્વયાદિતરતઃ એ ગાયત્રીના સવિતુઃ પદના અર્થરૂપ છે. સવિતા એટલે સૂર્ય નહિ, પણ પ્રસવકર્તા. અર્થેષ્વભિજ્ઞઃ પદો ગાયત્રીના દેવસ્ય પદનું સૂચન કરે છે. તેજોવારિમૃદાં અને ધામ્ના.... કુહકં પદો ગાયત્રીના વરેણ્યં અને ભર્ગઃ પદોના અર્થરૂપ છે. આ પ્રમાણે ગાયત્રીથી જ શ્રીમદ્ ભાગવતની શરૂઆત છે, આ શાસ્ત્રમાં ધર્મનો પણ વિસ્તાર છે અને વૃત્રાસુરની કથા પણ છે.

જે પરબ્રહ્મ આ જગતના જન્માદિનું સમવાયિ *અને નિમિત્ત કારણ છે, જે પરબ્રહ્મને સર્વે જીવોના સર્વે પુરુષાર્થોનું × સારી રીતે જ્ઞાન છે; જે પરબ્રહ્મ નિરપેક્ષ હોઈ સ્વ—સ્વરૂપથી પ્રકાશમાન = છે; + જે પરબ્રહ્મે વિદ્વાનોને ÷ પણ મોહ પમાડે તેવા વેદો આદિકવિ બ્રહ્માને પુરાણસહિત × વિસ્તારી ન આપ્યા, *જે પરબ્રહ્મના સ્વરૂપમાં દેહ, ઇન્દ્રિય અને અંતઃ-કરણના ધર્મો તેજમાં ÷ જલબુદ્ધિ, જલમાં પૃથ્વીની બુદ્ધિ પૃથ્વીમાં અગ્નિની બુદ્ધિ વગેરે જોનારના દૃષ્ટિદોષથી જેમ મિથ્યા છે તેવા જ—મિથ્યા છે, જે પરબ્રહ્મ પોતાના સ્વરૂપથી જ સદા = કપટને ▭ અથવા અવિદ્યાને દૂર કરે છે, એવા [illegible]

* મૃત્તિકા ઘટનું સમવાયિ અથવા ઉપાદાન કારણ છે, તેમ બ્રહ્મ જગતનું ઉપાદાન કારણ છે. ઘટ બનાવનાર કુંભાર અને બનાવવાનાં સાધન ચક્ર વગેરે નિમિત્ત કારણ છે, તેમ જગતનું નિમિત્ત કારણ. પણ બ્રહ્મ છે, એટલે જગતનું અભિન્ન નિમિત્તોપાદાન કારણ બ્રહ્મ છે, તેમજ પ્રયોજક અધિષ્ઠાન સર્વે કારણો બ્રહ્મ જ છે. × અર્થ એટલે પ્રયોજન અથવા નિમિત્ત. ભગવાનને ફળનું અજ્ઞાન નથી, પણ એકથી બહુ પ્રયોજનની સિદ્ધિ કરે છે, અથવા જીવોના સર્વે પુરુષાર્થોની સિદ્ધિને માટે જગતની ઉત્પત્તિ કરે છે. સર્વે પ્રયોજન જાણતાં છતાં પોતાને કાંઈ ખાસ પ્રયોજન નથી તે જણાવવા અર્થેષુ અર્થોમાં એમ સાતમી વિભક્તિ મૂકી છે. જ્ઞાનશક્તિનો અને પ્રયોજનનો સમાસ કર્યો નથી તેથી પોતાને હર્ષવિષાદ નથી એમ સૂચવે છે. = પોતે વિષયોમાં કદાપિ રમતા નથી, પણ સ્વસ્વરૂપમાં જ રમણ કરે છે. + આ પ્રકારે શ્લોકના પ્રથમ ચરણમાં જગતનું અથવા રૂપપ્રપંચનું કારણ પરમાત્મા છે. એમ વર્ણન કરીને બીજા ચરણમાં વેદનું અથવા નામ-પ્રપંચનું કારણ પણ પોતે જ છે એ વર્ણવે છે. જગતમાં જીવોનું બંધન થાય છે, અને વેદ મોક્ષ કરે છે, માટે બંનેની ઉત્પત્તિનું વર્ણન જુદું કર્યું છે. ÷ વિદ્વાનો મોહ પામે છે. કેમકે એમને ભગવદાશ્રય નથી, તેથી જ મીમાંસકો યજ્ઞને લૌકિક, માત્ર ફલસંબંધમાં જ વૈદિક, માને છે; સાંખ્યો અને યોગીઓ બ્રહ્મને જીવોનો આત્મા જ માને છે. પૌરાણિકો પરપર્યંત જાય છે. પરંતુ પુરુષોત્તમ પર્યંત જતા નથી. માત્ર ભગવાન અથવા ભગવદીયો જ વેદના ખરા અર્થને સમજી શકે છે. × પુરાણ એ ભગવાનનું હૃદય છે માટે, અથવા મનપૂર્વક. + વેદ નિત્ય હોવાથી ઉત્પત્તિ ન કહી, પણ તેને પદથી વિસ્તાર માત્ર કર્યો. * આ પ્રમાણે જગતથી બંધન અને વેદથી મોક્ષ એમ બંને પ્રકારે ભગવાન માત્ર ક્રીડા કરે છે, એ સર્વ ભગવાનની લીલા જ છે. એમ કહી બે ચરણથી ભગવાનનું માહાત્મ્ય સૂચવ્યું આગળ ભક્તિ ઉત્પન્ન કરનાર ગુણોનું વર્ણન કરે છે ÷ ઝાંઝવાંના જલરૂપ તેજમાં જલબુદ્ધિ, જલમાં પૃથ્વીબુદ્ધિ રાત્રે મણિ વગેરે પૃથ્વીમાં અગ્નિબુદ્ધિ, મૃત્તિકા, કાચ વગેરેમાં જલબુદ્ધિ, વાદળાંમાં ચન્દ્રબુદ્ધિ, ચંદ્રકિરણોમાં વસ્ત્રબુદ્ધિ વગેરે, એ જ પ્રમાણે માયા અથવા એનાં કાર્યો, દેહ ઇંદ્રિય અને અંતઃકરણના ધર્મો ભગવાનનાં સ્વરૂપમાં અને અવતારોમાં છે જ નહિ, માત્ર જોનારના દૃષ્ટિદોષથી જ ભાસે છે. ભગવાન તો સર્વદા પોતાના સ્વરૂપથી જ સર્વ કાર્યો કરે છે. ભગવાનમાં દેહ અને ઇંદ્રિયો કેટલાક કલ્પે છે, અને એમાં ચિત્ અને આનંદ કલ્પે છે, કેટલાક આનંદમાં દેહ અને ઇંદ્રિયો કલ્પે છે, કેટલાક કૃષ્ણનો આવેશ કલ્પીને જડ જીવનો સ્વરૂપમાં સંબંધ કલ્પે છે, કેટલાક કોઈ જીવવિશેષ અથવા જડવિશેષમાં ખાસ સામર્થ્ય કલ્પે છે, કેટલાક શરીરમાં માયાનો અને માયાવીનો અધ્યાસ કલ્પે છે. એ સર્વેની બુદ્ધિ ભ્રાંત છે. બ્રહ્મમાં શરીરનો અને ઇંદ્રિયોનો સંબંધ જ નથી. = કલિકાળ વગેરે કોઈ પ્રતિબંધક થઈ શકતાં નથી. ▭ દેહ ઇંદ્રિય વગેરેમાં આત્મભાવ થવો એ.

## 卐 પ્રકરણાર્થ 卐

દરેક સ્કન્ધમાં પ્રકરણો ભિન્ન છે. એમાં પ્રથમ સ્કન્ધમાં ત્રણ પ્રકરણ છે. પ્રથમ સ્કન્ધ અધિકાર નિરૂપક છે. એ અધિકાર હીન, મધ્યમ અને ઉત્તમ ભેદથી ત્રણ પ્રકારનો છે. સૂતશૌનક હીનાધિકારી છે. વ્યાસ અને નારદ મધ્યમાધિકારી છે. એના અધિકારના હેતુ નિબંધમાં વિસ્તારથી આપ્યા છે. એ અહીં લખતાં વિસ્તાર વધી જાય માટે જિજ્ઞાસુએ મુદ્રિત નિબંધમાંથી વાંચી લેવા.

દ્વિતીયસ્કન્ધ સાધનરૂપ છે. એમાં શ્રવણોનાં અંગોનું નિરૂપણ કર્યું છે. અધિકાર લીલાના અંગરૂપ છે તેમ દ્વિતીયસ્કન્ધ પણ દશ લીલાના અંગરૂપ છે, એટલે બારની સંખ્યા કાયમ રહે છે. શ્રવણાદિ અંગવાળી ભક્તિ કરવી એમ સ્કંધનો તાત્પર્યાર્થ છે. અધિકાર અને સાધન એ પુરુષના ચરણરૂપ કહ્યાં છે. એમાં તત્ત્વજ્ઞાન, હૃત્પ્રસાદ અને મનન નામનાં ત્રણ પ્રકરણ છે.

આમ અધિકારી અને સાધનની સિદ્ધિ કહી, હવે શ્રવણની યોગ્યતા થતાં પ્રથમ સર્ગ લીલા એ તૃતીય સ્કન્ધથી કહી છે. એ સર્ગ લૌકિક અને અલૌકિકના ભેદથી બે પ્રકારનો છે. એ સર્ગ ગુણાતીત સૃષ્ટિ, સગુણ સૃષ્ટિ, કાલ સૃષ્ટિ, તત્ત્વ સૃષ્ટિ અને જીવ સૃષ્ટિ એવા ભેદથી પાંચ પ્રકારનો છે. એ બંધ સૃષ્ટિ અને મોક્ષસૃષ્ટિ એવા ભેદથી પુનઃ દ્વિ પ્રકારક છે; એટલે એમાં દશ પ્રકરણ છે. પ્રકરણ વિભાગમાં શુકદેવજીના મતથી ઉપર કહ્યો પ્રકાર છે; મૈત્રેયના મતમાં પ્રકરણ વિભાગ ભિન્ન રીતે છે પણ સંખ્યામાં ભેદ નથી.

ચતુર્થ સ્કન્ધથી વિસર્ગ લીલા કહી છે. એમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ નામનાં ચાર પ્રકરણ છે. દક્ષને ધર્મ સિદ્ધ થયો છે. ધ્રુવને અર્થ સિદ્ધ થયો છે; પૃથુને કામ સિદ્ધ થયો છે અને પ્રચેતાઓને મોક્ષ સિદ્ધ થયો છે.

પંચમ સ્કન્ધમાં સ્થાન લીલા છે. સ્થિતિર્વૈકુણ્ઠ-વિજયઃ એવું એનું લક્ષણ કહ્યું છે. એ જ્યારે સર્વને સ્વાધીન કરે ત્યારે વિજય કહેવાય. તે તે પદાર્થને તે તે મર્યાદા સાથે રાખવો એ સ્થિતિ. એ તો તત્ત્વ અને આત્મા એમ બે પ્રકારની હોવાથી એનાં બે પ્રકરણ છે.

સ્થીયતેસ્મિન્નિતિ સ્થિતિઃ એવો યોગ લઈએ તો સ્વરૂપ સ્થિતિ અને દેશ સ્થિતિ. એમાં સ્વરૂપ અને જ્ઞાનના ભેદથી બે પ્રકાર છે. દેશ ભૂર્ભુવઃસ્વઃના ભેદથી ત્રણ પ્રકારનો હોઈને એમાં છ પ્રકરણ થાય છે. (સ્વરૂપ અને દેશ બન્નેના ત્રણ પ્રકાર કરીને ૭ પ્રકરણ કહ્યાં છે.)

ષષ્ઠ સ્કન્ધ પોષણ લીલારૂપ છે. એમાં નામ, ધ્યાન અને અર્ચન નામનાં ત્રણ પ્રકરણ છે.

સપ્તમ સ્કન્ધમાં ઊતિ લીલા છે. ઊતિ એટલે કર્મની વાસના. સદ્વાસના, અસદ્વાસના અને મિશ્રવાસના એ નામનાં સપ્તમ સ્કન્ધમાં ત્રણ પ્રકરણ છે.

અષ્ટમ સ્કન્ધમાં મન્વન્તર લીલા છે. મન્વન્તર એટલે સત્પુરુષના ધર્મ. એ પણ ભગવાનની એક લીલા છે. મોટાઓને આપત્તિ આવે તો ભગવાનનું સ્મરણ કરવું, સંપત્તિમાં સર્વદાન કરવું અને પોતે બોલ્યા હોઈએ એનું પાલન કરવું. એ અર્થ કહેનાર ત્રણ પ્રકરણ છે. એ ધર્મોને કહેનાર મત્સ્ય ભગવાનનું ચરિત્ર એ ચોથું પ્રકરણ. (એટલે હરિસ્મરણ, દાતા, સ્વોક્ત નિર્વાહ, મત્સ્ય અવતાર એ નામનાં ચાર પ્રકરણ આ સ્કન્ધમાં છે.)

નવમ સ્કન્ધમાં ઈશાનુકથા લીલા છે. ભગવાન અને એના ભક્તોની કથા તે ઈશાનુકથા. એમાં સૂર્યવંશ અને ચંદ્રવંશ નામનાં બે પ્રકરણ છે.

દશમ સ્કન્ધમાં નિરોધલીલા છે. પ્રપંચને ભૂલીને ભગવાનમાં આસક્ત થવું એનું નામ નિરોધ છે. એમાં પ્રથમ જન્મપ્રકરણ, બીજું તામસ પ્રકરણ, ત્રીજું રાજસ-પ્રકરણ, ચોથું સાત્ત્વિક પ્રકરણ અને પાંચમું ગુણ પ્રકરણ છે. એમાં તામસનાં ચાર, રાજસનાં ચાર અને સાત્ત્વિકનાં ત્રણ અવાંતર પ્રકરણો છે. એ બધાં પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલરૂપે ચતુર્ધા છે. સાત્ત્વિકને પ્રમાણની અપેક્ષા ન હોવાથી એનાં ત્રણ પ્રકરણ છે. પ્રમાણાદિમાં છ ધર્મો અને એક ધર્મી મળીને સાત અર્થ થાય છે, તેથી એ પૂર્ણ સ્વરૂપ ભગવાનની લીલા છે.

એકાદશ સ્કન્ધમાં મુક્તિલીલા છે. અન્યથારૂપને છોડી સ્વસ્વરૂપમાં સ્થિતિ કરવી એનું નામ મુક્તિ છે. જીવમુક્તિ અને બ્રહ્મમુક્તિ એવા ભેદોથી મુક્તિ બે પ્રકારની છે, તેથી એમાં બે પ્રકરણ છે. એમાં જીવમુક્તિમાં સાયુજ્ય અને બ્રહ્મભાવ એવા બે ભેદ છે, જ્યારે ઈશમુક્તિમાં અહંતા ત્યાગ અને મમતા ત્યાગ એ ભેદ છે.

દ્વાદશ સ્કન્ધમાં આશ્રય લીલા છે. કૃષ્ણાશ્રય, જગદાશ્રય, વેદાશ્રય, ભક્તિમાર્ગાશ્રય અને ભાગવતાશ્રય નામનાં પાંચ પ્રકરણ આશ્રયલીલાનાં છે.

એમ સ્થૂલ ભેદથી ૪૩ પ્રકરણો છે, જ્યારે સૂક્ષ્મભેદ વડે અવાંતર પ્રકરણો ગણીએ તો પ્રકરણોની સંખ્યા વધારે થાય છે. શ્રી વલ્લભાચાર્યે શાસ્ત્રીય રીતિથી ૪૩ પ્રકરણો વડે શ્રી ભાગવતનો વિચાર કર્યો છે. એમાં પૂર્વાપર પ્રકરણની સંગતિ મેળવી છે. તે તે પ્રકરણોના આરંભમાં શ્રી સુબોધિનીના પ્રકાશમાં જોવામાં આવે છે.

શ્રી આચાર્યચરણ શ્રી ભાગવતને ભગવન્નામાત્મકસ્વરૂપ માને છે. ભગવાન ભૂતલ ઉપર પધારી સ્વરૂપથી ઉદ્ધાર કરે છે તેમ અનવતાર દશામાં નામથી પણ ઉદ્ધાર કરે છે, તેથી તવ કથામૃતમ્ એ શ્લોકની ટીકામાં આપશ્રી આજ્ઞા કરે છે કે જેમ સ્વરૂપ ષડ્ગુણ છે તેવી નામલીલા પણ ષડ્ગુણ છે. નામ સ્વાધીન છે જ્યારે સ્વરૂપ કોઇને અધીન નથી, સ્વતંત્ર છે; પરંતુ સ્વરૂપ ઘનપદાર્થ હોઇને સચવાય છે, ત્યારે નામરસ વિરલ હોઇને સંભાળવાની બહુ મુશ્કેલી નડે છે; બાકી ફલસમર્પક તો બન્ને તુલ્ય છે; ઇત્યાદિ.

શ્રી આચાર્યચરણ શ્રી ભાગવતના સાત અર્થ કરે છે:

શાસ્ત્રે સ્કન્ધે પ્રકરણે-ધ્યાયે વાક્યે પદેક્ષરે ।
એકાર્થં સપ્તધા જાનન્નવિરોધેન મુચ્યતે ॥

(શાસ્ત્રાર્થ, સ્કન્ધાર્થ, પ્રકરણાર્થ, અધ્યાયાર્થ, વાક્યાર્થ, પદાર્થ અને અક્ષરાર્થ એમ સાત અર્થોમાં વિરોધ ન આવે તેવી રીતે એક અર્થ જાણે તે મુક્ત થાય છે.)

આ સાત અર્થોમાં શાસ્ત્રાર્થ, સ્કન્ધાર્થ, પ્રકરણાર્થ અને અધ્યાયાર્થ એ ચાર અર્થ શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી ભાગવતાર્થનિબંધમાં આપ્યા છે, જ્યારે વાક્યાર્થ, પદાર્થ અને અક્ષરાર્થો શ્રી સુબોધિની નામની શ્રી ભાગવતની ટીકામાં આપ્યા છે.

ઉપર કહ્યા સાત અર્થોમાં શાસ્ત્રાર્થ એ હરિની લીલા છે.

આનન્દસ્ય હરેર્લીલા, શાસ્ત્રાર્થો દશધા હિ સઃ ।
અત્ર સર્ગો વિસર્ગશ્ચ, સ્થાનં પોષણમૂતયઃ ॥
મન્વન્તરેશાનુકથા, નિરોધો મુક્તિરાશ્રયઃ ।
અધિકારી સાધનાનિ, દ્વાદશાર્થાસ્તતોઽત્ર હિ ॥

આનંદરૂપ હરિની લીલા એ આ સમગ્ર ભાગવત-શાસ્ત્રનો અર્થ છે. એ લીલા, સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રયના નામથી દશધા છે.

અધિકારીના ભેદ બતાવનાર પ્રથમ સ્કન્ધ છે, સર્વ પ્રકારના જ્ઞાનને કહેનાર સાધનરૂપ (ભક્તિનાં અંગને કહેનાર) દ્વિતીય સ્કન્ધ છે, તેથી એ સર્વ પ્રકારનાં જ્ઞાન ભક્તિના અંગરૂપે છે એમ પણ બતાવ્યું છે. એ દશ લીલા તૃતીય સ્કન્ધથી દ્વાદશ સ્કન્ધ સુધીમાં કહેલી છે. એ લીલાઓનો સમન્વય બતાવતાં આપ આજ્ઞા કરે છે કે—અશરીરસ્ય વિષ્ણોઃ પુરુષશરીરસ્વીકારઃ સર્ગઃ, પુરુષાદ્ બ્રહ્માદીનામુત્પત્તિર્વિસર્ગઃ, ઉત્પન્નાનાં તત્તન્મર્યાદયા પાલનં સ્થાનં, સ્થિતાનામભિવૃદ્ધિઃ પોષણં, પુષ્ટાનામાચાર ઊતિઃ તત્રાપિ સદાચારો મન્વન્તરમ્, તત્રાપિ વિષ્ણુભક્તિરીશાનુકથા, ભક્તાનાં પ્રપંચાભાવો નિરોધઃ, નિષ્પ્રપંચાનાં સ્વરૂપલાભો મુક્તિઃ, મુક્તાનાં બ્રહ્મસ્વરૂપેણાવસ્થાનમાશ્રયઃ ॥ પ્રત્યેક પદાર્થમાં કારણપણાથી ભગવાનની સ્થિતિ એ 'સર્ગ' પદનો અર્થ છે. કાર્યરૂપે પ્રથમથી જ એમાં રહેવાપણું એનું નામ 'વિસર્ગ'. જેમ તંતુથી કપડું બને છે તો પણ કપડું ન હતું ત્યારે પણ તાંતણા હતા, તેમ સર્વ વસ્તુમાં વસ્તુરૂપે અને મૂળરૂપે તે તે મર્યાદાથી રહેવું એનું નામ 'સ્થાન'. સર્વસમર્થ એવા ભગવાનનો જગદ્રૂપ કાર્ય સિદ્ધ કરવા માટે એ સ્થાનમાં પ્રવેશ એ 'પુષ્ટિલીલા'. બ્રહ્મજ્ઞાનીને બ્રહ્મની પ્રતીતિ કરાવવા માટે એવી લીલા બતાવવી એ 'ઊતિલીલા'. એમ પાંચ લીલાઓ ભગવદન્વયરૂપે કહી. એમાં ભગવાનનો સમન્વય કહી એટલે ભગવાન એ લીલા એમાં રહીને કરે છે. હવે પાંચ લીલા વ્યતિરેક વડે કરે છે એ કહે છે: કારણરૂપ છે તેનાથી જુદા રૂપે એટલે ઘટપટાદિકરૂપે સંપુરુષના ધર્મમાં કારણરૂપ થાય એ 'મન્વન્તર લીલા.' કેમ કે એમાં પ્રપંચમાં રહ્યા છતાં એનાથી જુદા રૂપે દેખાય છે. ભગવાન ભક્તિના વિષય થાય; સેવારૂપ ધર્મ વડે લોકવેદથી જુદા જણાય ત્યારે એ 'ઈશાનુકથા' રૂપ કહેવાય છે. ભગવત્સ્વરૂપ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા લૌકિક વૈદિક ભક્તો જ્યારે સ્વરૂપ સેવા કરવા લાગે છે ત્યારે એ જ ભગવાન એઓના હૃદયમાં ત્યાગરૂપે રહી, બાહ્ય પદાર્થને છોડાવીને સ્વરૂપમાં નિરુદ્ધ કરે છે ત્યારે એ 'નિરોધ' રૂપ થાય છે. એ નિરોધરૂપ ભગવાન જ્યારે તે તે દેહાદિના અભિમાની આત્માઓને કૃત્રિમ સ્વરૂપ છોડાવીને સ્વરૂપસ્થિત કરે ત્યારે એ 'મુક્તિ' રૂપ કહેવાય. ઘડા વગેરેમાં ભગવાનની અસંગ—ઉદાસીનરૂપે સ્થિતિ એ જ મુક્તિ. આ ઉપર કહેલાં નવધા ભગવત્સ્વરૂપનો આધાર તે જ આશ્રયરૂપ સમજવો. આ પ્રમાણે ભગવાનની દશ લીલા જાણવામાં ન આવે ત્યાં સુધી સર્વ શાસ્ત્રોની એકવાક્યતા થતી નથી. એવી સંકલના ભાગવતશાસ્ત્રમાં હોવાથી ભાગવત સર્વનું ઉદ્ધારક છે અને સર્વ શાસ્ત્રનું નિર્વાહક પણ છે.

श्रीहरिः

# શ્રીપુરુષોત્તમસહસ્રનામાવલી

## પ્રથમ-સ્કન્ધનાં નામ

૧. **શ્રીકૃષ્ણાય નમઃ**
શ્રીકૃષ્ણ (સાકાર-સુંદર-સદાનંદ)ને નમસ્કાર

૨. **સચ્ચિદાનન્દાય નમઃ**
સત્-ચિત્-આનંદ-સ્વરૂપને નમસ્કાર

૩. **નિત્ય-લીલા-વિનોદ-કૃતે નમઃ**
નિત્યલીલાના આનંદને પ્રકટ કરનારને નમસ્કાર

૪. **સર્વાગમ-વિનોદિને નમઃ**
સર્વવેદ જેનો વિનોદ છે તેવાને નમસ્કાર

૫. **લક્ષ્મીશાય નમઃ**
વિભૂતિરૂપ લક્ષ્મીજીના સ્વામીને નમસ્કાર

૬. **પુરુષોત્તમાય નમઃ**
અક્ષરબ્રહ્મથી ઉત્તમ શ્રીપુરુષોત્તમને નમસ્કાર

૭. **આદિ-કાલાય નમઃ**
સૌથી પ્રથમ કાલ-રૂપને નમસ્કાર

૮. **સર્વ-કાલાય નમઃ**
સર્વને પ્રેરનાર કાલ-રૂપને નમસ્કાર

૯. **કાલાત્મને નમઃ**
કાલ-સ્વરૂપને નમસ્કાર

૧૦. **માયયાવૃતાય નમઃ**
માયા-રૂપ લક્ષ્મીજીથી સેવા કરવા માટે વરાયેલાને નમસ્કાર

૧૧. **ભક્તોદ્ધાર-પ્રયત્નાત્મને નમઃ**
ભક્તોનાં ત્રણ પ્રકારનાં દુઃખો દૂર કરવામાં (ઉદ્ધારના પ્રયત્નમાં) અંતઃકરણવાળાને નમસ્કાર

૧૨. **જગત્કર્ત્રે નમઃ**
જડ-ચેતન રૂપ જગતના કર્તાને નમસ્કાર

૧૩. **જગન્મયાય નમઃ**
જગદ્-રૂપ સ્વરૂપ-વાળાને નમસ્કાર

૧૪. **નામ-લીલા-પરાય નમઃ**
ઉત્તમ નામ અને લીલાવાળાને નમસ્કાર

૧૫. **વિષ્ણવે નમઃ**
વિષ્ણુ-વિશ્વવ્યાપક-ને નમસ્કાર

૧૬. **વ્યાસાત્મને નમઃ**
વ્યાસ-રૂપ અવતારવાળાને નમસ્કાર

૧૭. **શુક-મોક્ષદાય નમઃ**
શ્રીશુકદેવજીને માયાના બંધનમાંથી મોક્ષ દેનારાને નમસ્કાર

૧૮. **વ્યાપિ-વૈકુણ્ઠ-દાત્રે નમઃ**
ભક્તોને જ્ઞાનપૂર્વક વ્યાપક વૈકુણ્ઠ-લોક દેનારને નમસ્કાર

૧૯. **શ્રીમદ્-ભાગવતાગમાય નમઃ**
શ્રીમદ્-ભાગવત-શાસ્ત્ર-રૂપને નમસ્કાર

૨૦. **શુક-વાગમૃતાબ્ધીન્દવે નમઃ**
શ્રીશુકદેવજીના વાણી-રૂપ અમૃત-સાગર સમાન શ્રીમદ્-ભાગવત-શાસ્ત્રનાં સારભૂત ચંદ્રને નમસ્કાર

૨૧. **શૌનકાદ્યખિલેષ્ટદાય નમઃ**
શૌનક વગેરેને સંપૂર્ણ પ્રિય ભક્તિયોગ દેનારને નમસ્કાર

૨૨. **ભક્તિ-પ્રવર્તકાય નમઃ**
ભક્તિનો પ્રચાર કરનારાને નમસ્કાર

૨૩. **ત્રાત્રે નમઃ**
સર્વદુઃખમાંથી રક્ષણ કરનારાને નમસ્કાર

૨૪. **વ્યાસ-ચિંતા-વિનાશકાય નમઃ**
વ્યાસજીની ચિંતાને સંપૂર્ણ દૂર કરનારને નમસ્કાર

૨૫. **સર્વ-સિદ્ધાન્ત-વાગાત્મને નમઃ**
સર્વવાણીમાં સિદ્ધાન્તરૂપ સમાધિભાષા સ્વરૂપને નમસ્કાર

૨૬. **નારદાદ્યખિલેષ્ટદાય નમઃ**
નારદ-પર્વત-વગેરેને સર્વ-પ્રિય-ભક્તિ-દેનારને નમસ્કાર

૨૭. **અન્તરાત્મને નમઃ**
અન્તઃકરણ સ્વરૂપને નમસ્કાર

૨૮. **ધ્યાન-ગમ્યાય નમઃ**
ધ્યાન વડે જાણવા યોગ્યને નમસ્કાર

૨૯. **ભક્તિ-રત્ન-પ્રદાયકાય નમઃ**
ભક્તિ અને ભક્તિસાધન-રૂપ શ્રીમદ્-ભાગવત રૂપ રત્નને પ્રયત્નથી દેનારને નમસ્કાર

૩૦. **મુક્તોપસૃપ્યાય નમઃ**
મુક્ત-ભક્ત-જીવો જેની પાસે જવા યોગ્ય છે તેવાને નમસ્કાર

૩૧. **પૂર્ણાત્મને નમઃ**
સર્વગુણથી પૂર્ણ સ્વરૂપવાળાને નમસ્કાર

૩૨. **મુક્તાનાં રતિ-વર્ધનાય નમઃ**
મુક્ત-ભક્તોની પોતાનામાં અલૌકિક પ્રીતિ વધારનારને નમસ્કાર

૩૩. **ભક્ત-કાર્યૈક-નિરતાય નમઃ**
ભક્તોનાં કાર્ય કરવામાં હમેશાં તત્પરને નમસ્કાર

૩૪. **દ્રૌણ્યસ્ત્ર-વિનિવારકાય નમઃ**
અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રને વિશેષ-રીતે શાંત કરનારને નમસ્કાર

૩૫. **ભક્ત-સ્મય-પ્રણેત્રે નમઃ**
ભક્તોના ગર્વને દૂર કરનારને નમસ્કાર

૩૬. **ભક્ત-વાક્-પરિપાલકાય નમઃ**
ભક્ત (દ્રૌપદી)ની વાણીનું બધી રીતે પાલન કરનારને નમસ્કાર

૩૭. **બ્રહ્મણ્ય-દેવાય નમઃ**
બ્રહ્મમાં પ્રીતિવાળા ભક્તો સાથે સ્વચ્છન્દ-લીલા કરનારને નમસ્કાર

૩૮. **ધર્માત્મને નમઃ**
ધર્મરક્ષા-માટે અવતાર લેનારને નમસ્કાર

૩૯. **ભક્તાનાં પરીક્ષકાય નમઃ**
ભક્તોની પરીક્ષા કરનારને નમસ્કાર

૪૦. **આસન્ન-હિત-કર્ત્રે નમઃ**
અંતરંગો-ભક્તો-નું હિત કરનારને નમસ્કાર

૪૧. **માયા-હિત-કરાય નમઃ**
પોતાની શક્તિ-માયા-થી હિત કરનારને નમસ્કાર

૪૨. **પ્રભવે નમઃ**
સર્વ કાંઈ કરવા માટે સમર્થને નમસ્કાર

૪૩. **ઉત્તરા-પ્રાણ-દાત્રે નમઃ**
ઉત્તરાના પ્રાણ વગરના-મરેલા-ગર્ભને પ્રાણદાન કરનારને નમસ્કાર

૪૪. **બ્રહ્માસ્ત્ર-વિનિવારકાય નમઃ**
અમોઘ બ્રહ્માસ્ત્રને સર્વથા શાંત કરનારને નમસ્કાર

૪૫. **સર્વતઃ પાંડવ-પતયે નમઃ**
સઘળાં અનિષ્ટોમાંથી પાણ્ડવોની રક્ષા કરનારને નમસ્કાર

૪૬. **પરીક્ષિચ્છુદ્ધિ-કારણાય નમઃ**
પરીક્ષિતની શુદ્ધિના કારણ-રૂપને નમસ્કાર

૪૭. **સર્વ-વેદેષુ ગૂઢાત્મને નમઃ**
સર્વવેદોમાં પણ જેનું સ્વરૂપ ગુપ્ત છે તેવાને નમસ્કાર

૪૮. **ભક્તૈક-હૃદયંગમાય નમઃ**
ભક્તોના જ હૃદયમાં વસનારને નમસ્કાર

૪૯. **કુંતિ-સ્તુત્યાય નમઃ**
કુન્તાજીથી સ્તુતિ કરવા યોગ્યને નમસ્કાર

૫૦. **પ્રસન્નાત્મને નમઃ**
પ્રસન્ન ચિત્તવાળાને નમસ્કાર

૫૧. **પરમાદ્ભુત-કાર્ય-કૃતે નમઃ**
અન્ય ન કરી શકે તેવાં શ્રેષ્ઠ-આશ્ચર્યકારક-કાર્ય કરનારને નમસ્કાર

૫૨. **ભીષ્મ-મુક્તિ-પ્રદાય નમઃ**
સર્વ દુઃખમાંથી ભીષ્મને મુક્તિ દેનારને નમસ્કાર

૫૩. **સ્વામિને નમઃ**
ભક્તોના સ્વામી-વા ભક્ત-સ્વરૂપને નમસ્કાર

૫૪. **ભક્ત-મોહ-નિવારકાય નમઃ**
ભક્ત-યુધિષ્ઠિર-ના ધર્મના અજ્ઞાનથી થયેલા મોહને દૂર કરનારને નમસ્કાર

૫૫. **સર્વાવસ્થાસુ સંસેવ્યાય નમઃ**
સઘળી અવસ્થાઓમાં કપટ-રહિતપણે સેવા કરવા યોગ્યને નમસ્કાર

૫૬. **સમાય નમઃ**
સર્વકાલમાં સર્વવિકાર-રહિતને નમસ્કાર

૫૭. **સુખ-હિત-પ્રદાય નમઃ**
ભક્તોને સુખ અને હિત પ્રયત્નપૂર્વક દેનારને નમસ્કાર

૫૮. **કૃત-કૃત્યાય નમઃ**
પૃથ્વીનો ભાર ઉતારવાનું કાર્ય જેણે કર્યું છે, તેને નમસ્કાર

૫૯. **સર્વ-સાક્ષિણે નમઃ**
સર્વને સાક્ષાત્સ્વરૂપ-જ્ઞાનથી જોનારને નમસ્કાર

૬૦. **ભક્ત-સ્ત્રી-રતિ-વર્ધનાય નમઃ**
ભક્તો-સ્ત્રીઓનો ભક્તિભાવ વધારનારને નમસ્કાર

૬૧. **સર્વ-સૌભાગ્ય-નિલયાય નમઃ**
સર્વશ્રેષ્ઠ સૌભાગ્યના સહજ-સ્થાનભૂતને નમસ્કાર

૬૨. **પરમાશ્ચર્ય-રૂપ-ધૃજે નમઃ**
પરમ આશ્ચર્યરૂપ સ્વરૂપને ધારણ કરનારને નમસ્કાર

૬૩. **અનન્ય-પુરુષ-સ્વામિને નમઃ**
અનન્ય-પુરુષોના સ્વામીને નમસ્કાર

૬૪. **દ્વારકા-ભાગ્ય-ભાજનાય નમઃ**
દ્વારકાની સર્વસમ્પત્તિના કારણરૂપને નમસ્કાર

૬૫. **બીજ-સંસ્કાર-કર્ત્રે નમઃ**
બીજ રૂપ પરીક્ષિત રાજાના કર્મથી મળેલા દેહની નિવૃત્તિ કરી ભગવદ્-ભજન-યોગ્ય દેહ-સંપત્તિ સિદ્ધ કરનારને નમસ્કાર

૬૬. **પરીક્ષિજ્-જ્ઞાન-પોષકાય નમઃ**
પરીક્ષિતને માતાના ઉદરમાં મળેલ જ્ઞાનને પોષનારને નમસ્કાર

૬૭. **સર્વત્ર-પૂર્ણ-ગુણકાય નમઃ**
અંદર અને બહાર-સર્વત્ર-ઐશ્વર્ય વગેરે પૂર્ણ-ગુણોવાળાને નમસ્કાર

૬૮. **સર્વ-ભૂષણ-ભૂષિતાય નમઃ**
મુકુટ-કુંડલ વગેરે સર્વ-આભૂષણથી સુશોભિતને નમસ્કાર

૬૯. **સર્વ-લક્ષણ-દાત્રે નમઃ**
ઈક્ષ્વાકુ વગેરે રાજાઓમાં પ્રસિદ્ધ પ્રજાપાલન વગેરે સર્વલક્ષણો પરીક્ષિતમાં દેનારને નમસ્કાર

૭૦. **ધૃતરાષ્ટ્ર-વિમુક્તિદાય નમઃ**
વિદુરનાં વચનથી વૈરાગ્ય દઈ ધૃતરાષ્ટ્રને મુક્તિ દેનારને નમસ્કાર

૭૧. **નિત્ય-સન્માર્ગ-રક્ષકાય નમઃ**
ઘર છોડી ભગવાનને મેળવવા સાધન કરવાં, તેવા સન્માર્ગનું નિત્ય રક્ષણ કરનારને નમસ્કાર

૭૨. **વિદુર-પ્રીતિ-પૂરકાય નમઃ**
વિદુરજીની પ્રીતિરૂપ ભક્તિને પૂરી કરનારને નમસ્કાર

૭૩. **લીલા-વ્યામોહ-કર્ત્રે નમઃ**
આસુરમોહ માટે મનુષ્યના અનુકરણ રૂપ લીલા-વડે સર્વથા મોહ કરનારને નમસ્કાર

૭૪. **કાલ-ધર્મ-પ્રવર્તકાય નમઃ**
ભયંકર-કાલના આધ્યાત્મિક-આધિભૌતિક-આધિદૈવિક એ ત્રિવિધ ઉત્પાત રૂપ ધર્મની પ્રવૃત્તિ કરનારને નમસ્કાર

૭૫. **પાણ્ડવાનાં મોક્ષ-દાત્રે નમઃ**
પાણ્ડવોને મોક્ષ દેનારને નમસ્કાર

૭૬. **પરીક્ષિદ્-ભાગ્ય-વર્ધનાય નમઃ**
પરીક્ષિતના ભાગ્યને વધારનારને નમસ્કાર

૭૭. **કલિ-નિગ્રહ-કર્ત્રે નમઃ**
કલિકાલને સ્વાધીન કરનારને નમસ્કાર

૭૮. **ધર્માદીનાં પોષકાય નમઃ**
બળદ-રૂપ-ધારી ધર્મના તૂટેલા પગ સાંધી-ચારે પગ દઈ,- તેનું પોષણ કરનાર તથા દીનજનોના પોષકને નમસ્કાર

૭૯. **સત્સંગ-જ્ઞાન-હેતવે નમઃ**
સંત-સમાગમથી થનારા જ્ઞાનમાં કારણરૂપને નમસ્કાર

૮૦. **શ્રીભાગવત-કારણાય નમઃ**
શ્રીમદ્‌ભાગવતની પ્રવૃત્તિના કારણરૂપને નમસ્કાર

૮૧. **પ્રાકૃતાદૃષ્ટ-માર્ગાય નમઃ**
પ્રકૃતિનાં કાર્ય દેહાદિ અને પ્રારબ્ધને દૂર કરનારને નમસ્કાર

બીજા-સ્કંધનાં નામ

૮૨. **સકલાગમૈઃ શ્રોતવ્યાય નમઃ**
સકલ સિદ્ધાન્તવાળાઓએ શ્રવણ કરવા આવશ્યકને નમસ્કાર

૮૩. **શુદ્ધ-ભાવૈઃ-કીર્તિતવ્યાય નમઃ**
કામ-ક્રોધાદિ-રહિત શુદ્ધ-અંતઃકરણ-વૃત્તિવાળાઓ વડે કીર્તન કરવા આવશ્યકને નમસ્કાર

૮૪. **આત્મ-વિત્તમૈઃ સ્મર્તવ્યાય નમઃ**
કૃપાથી ભગવાનના જ્ઞાનવાળાઓ વડે સ્મરણ કરવા આવશ્યકને નમસ્કાર

૮૫. **અનેક-માર્ગ-કર્ત્રે નમઃ**
અનેક-માર્ગના પ્રવર્તકને નમસ્કાર

૮૬. **નાના-વિધ-ગતિ-પ્રદાય નમઃ**
જુદા જુદા પ્રકારનાં સાધનો પ્રમાણે ગતિ આપનારને નમસ્કાર

૮૭. **પુરુષાય નમઃ**
વૈરાજ (વિરાટ્‌ની અંદર રહેલા ભગવાન્) પુરુષને નમસ્કાર

૮૮. **સકલાધારાય નમઃ**
બ્રહ્માંડ-દેહ-રૂપ સકલના આધારને નમસ્કાર

૮૯. **સત્ત્વૈક-નિલયાત્મ-ભુવે નમઃ**
સાત્ત્વિક ગુણ-યુક્ત ચિત્તવાળા ભક્તોમાં પ્રકટ થનારને નમસ્કાર

૯૦. **સર્વ-ધ્યેયાય નમઃ**
સર્વ-ભક્તોએ ધ્યાન કરવા યોગ્યને નમસ્કાર

૯૧. **યોગ-ગમ્યાય નમઃ**
ભક્તિયોગથી જાણવા યોગ્યને નમસ્કાર

૯૨. **ભક્ત્યા ગ્રાહ્યાય નમઃ**
ભક્તિથી ગ્રહણ કરાતાને નમસ્કાર

૯૩. **સુર-પ્રિયાય નમઃ**
દૈવીજીવો જેને પ્રિય છે તેને નમસ્કાર

૯૪. **જન્માદિ-સાર્થક-કૃતયે નમઃ**
નિજજનોના જન્માદિને સફલ કરવા લીલા કરનારને નમસ્કાર

૯૫. **લીલા-કર્ત્રે નમઃ**
લીલા કરનાર-માયા-પ્રેરકને નમસ્કાર

૯૬. **સતાં પતયે નમઃ**
સત્પુરુષોના રક્ષકને નમસ્કાર

૯૭. **આદિ-કર્ત્રે નમઃ**
આકાશને પ્રકટ કરનારને નમસ્કાર

૯૮. **તત્ત્વ-કર્ત્રે નમઃ**
પ્રકૃતિ વગેરે ચોવીસ તત્ત્વોના કર્તાને નમસ્કાર

૯૯. **સર્વ-કર્ત્રે નમઃ**
સર્વ વિશ્વને રચનારને નમસ્કાર

૧૦૦. **વિશારદાય નમઃ**
અત્યંત કુશલ વિશિષ્ટ વાણીવાળાને નમસ્કાર

૧૦૧. **નાનાવતાર-કર્ત્રે નમઃ**
જુદા જુદા અવતારો ધારણ કરનારને નમસ્કાર

૧૦૨. **બ્રહ્માવિર્ભાવ-કારણાય નમઃ**
બ્રહ્માજીની ઉત્પત્તિમાં કારણરૂપને નમસ્કાર

૧૦૩. **દશ-લીલા-વિનોદિને નમઃ**
સર્ગ વગેરે દશ-લીલાઓથી ક્રીડા કરનારને નમસ્કાર

૧૦૪. **નાના-સૃષ્ટિ-પ્રવર્તકાય નમઃ**
દેવ-પિતૃ-મનુષ્ય વગેરે સૃષ્ટિ રચનારને નમસ્કાર

૧૦૫. **અનેક-કલ્પ-કર્ત્રે નમઃ**
બ્રહ્મ-પદ્મ વગેરે અનેક કલ્પ કરનારને નમસ્કાર

૧૦૬. **સર્વ-દોષ-વિવર્જિતાય નમઃ**
સર્વદોષ-રહિતને નમસ્કાર

ત્રીજા-સ્કન્ધનાં નામ

૧૦૭. **વૈરાગ્ય-હેતવે નમઃ**
વૈરાગ્ય ઉત્પન્ન કરનારને નમસ્કાર

૧૦૮. **તીર્થાત્મને નમઃ**
તીર્થ-સ્વરૂપને નમસ્કાર

૧૦૯. **સર્વ-તીર્થ-ફલ-પ્રદાય નમઃ**
સર્વ તીર્થમાં દર્શન રૂપ ફલ દેનારને નમસ્કાર

૧૧૦. **તીર્થ-શુદ્ધૈક-નિલયાય નમઃ**
તીર્થ-સેવનથી શુદ્ધ થયેલ એક ભક્ત વિદુર જ જેમનું વાસ-સ્થાન છે તેને નમસ્કાર

૧૧૧. **સ્વમાર્ગ-પરિપોષકાય નમઃ**
ભક્તિમાર્ગનું સર્વ રીતે પોષણ કરનારને નમસ્કાર

૧૧૨. **તીર્થ-કીર્તયે નમઃ**
તીર્થની કીર્તિમાં કારણરૂપને નમસ્કાર

૧૧૩. **ભક્ત-ગમ્યાય નમઃ**
ભક્તોથી મેળવી શકાય તેવાને નમસ્કાર

૧૧૪. **ભક્તાનુશય-કાર્ય-કૃતે નમઃ**
ભક્તોના નિરોધ-માટે લીલા કરનારને નમસ્કાર

૧૧૫. **ભક્ત-તુલ્યાય નમઃ**
ભક્તોને સમાન ગણનારને નમસ્કાર

૧૧૬. **સર્વ-તુલ્યાય નમઃ**
સૌમાં સમાનને નમસ્કાર

૧૧૭. **સ્વેચ્છા-સર્વ-પ્રવર્તકાય નમઃ**
પોતાની ઈચ્છા પ્રમાણે સૌને પ્રેરનારને નમસ્કાર

૧૧૮. **ગુણાતીતાય નમઃ**
સત્ત્વાદિ-ગુણોથી પરને નમસ્કાર

૧૧૯. **અનવદ્યાત્મને નમઃ**
અનિંદનીય ભક્તોનાં આત્મા-રૂપને નમસ્કાર

૧૨૦. **સર્ગ-લીલા-પ્રવર્તકાય નમઃ**
સૃષ્ટિરચના રૂપ લીલા કરનારને નમસ્કાર

**૧૨૧. સાક્ષાત્-સર્વ-જગત્-કર્ત્રે નમઃ**
અન્યની અપેક્ષા વગર પોતાના સ્વરૂપથી જ જડ-ચેતન સર્વ-વિશ્વને રચનારને નમસ્કાર

**૧૨૨. મહદાદિ-પ્રવર્તકાય નમઃ**
મહત્તત્ત્વ-બુદ્ધિ-વગેરેની પ્રવૃત્તિ કરનારને નમસ્કાર

**૧૨૩. માયા-પ્રવર્તકાય નમઃ**
ત્રિગુણાત્મિકા માયાને પ્રેરનારને નમસ્કાર

**૧૨૪. સાક્ષિણે નમઃ**
સાક્ષાત્ જોનારને નમસ્કાર

**૧૨૫. માયા-રતિ-વિવર્ધનાય નમઃ**
માયા વડે દેહ-ગેહ વગેરેમાં આસક્તિ વધારનારને નમસ્કાર

**૧૨૬. આકાશાત્મને નમઃ**
આકાશ-પ્રકાશમાન-સ્વરૂપવાળાને નમસ્કાર

**૧૨૭. ચતુર્મૂર્તયે નમઃ**
વાસુદેવ-સંકર્ષણ-પ્રદ્યુમ્ન-અનિરુદ્ધ એ ચાર વ્યૂહરૂપને નમસ્કાર

**૧૨૮. ચતુર્ધે નમઃ**
ચારે પુરુષાર્થ ધર્મ-અર્થ-કામ-મોક્ષને ધારણ કરનારને નમસ્કાર

**૧૨૯. ભૂત-ભાવનાય નમઃ**
આકાશ-તેજ-વાયુ-જલ-પૃથ્વી એ- પાંચે ભૂતોને પ્રકટ કરનારને નમસ્કાર

**૧૩૦. રજઃ-પ્રવર્તકાય નમઃ**
રજોગુણના પ્રેરકને નમસ્કાર

**૧૩૧. બ્રહ્મણે નમઃ**
બ્રહ્માજી - સ્વરૂપને નમસ્કાર

**૧૩૨. મરીચ્યાદિ-પિતામહાય નમઃ**
મરીચિ વગેરેના પિતામહને નમસ્કાર

**૧૩૩. વેદ-કર્ત્રે નમઃ**
વેદોને પ્રકટ કરનારને નમસ્કાર

---

**૧૩૪. યજ્ઞ-કર્ત્રે નમઃ**
અગ્નિહોત્ર વગેરે યજ્ઞોને સર્જનારને નમસ્કાર

**૧૩૫. સર્વ-કર્ત્રે નમઃ**
સર્વ-વેદમય કર્તાને નમસ્કાર

**૧૩૬. અમિતાત્મકાય નમઃ**
અસંખ્ય અવતારોવાળાને નમસ્કાર

**૧૩૭. અનેક-સૃષ્ટિ-કર્ત્રે નમઃ**
અનેક-ગુણો વડે સૃષ્ટિ રચનારને નમસ્કાર

**૧૩૮. દશધા-સૃષ્ટિ-કારકાય નમઃ**
મહત્-અહંકાર-ભૂત-ઐન્દ્રિય-વૈકારિક-દેવ-તામસ એ છ પ્રાકૃત તથા વૃક્ષ-તિર્યક્-અર્વાક્-સ્રોતસ્ એ ત્રણ વૈકૃત અને દેવસર્ગ,- કુલ દસ પ્રકારની સૃષ્ટિ રચનારને નમસ્કાર

**૧૩૯. યજ્ઞાઙ્ગાય નમઃ**
યજ્ઞરૂપ અવયવવાળા-વરાહને નમસ્કાર

**૧૪૦. યજ્ઞ-વારાહાય નમઃ**
યજ્ઞરૂપ વરાહ અવતારવાળાને નમસ્કાર

**૧૪૧. ભૂધરાય નમઃ**
દાઢના અગ્રભાગથી પૃથ્વીને ધારણ કરનારને નમસ્કાર

**૧૪૨. ભૂમિ-પાલકાય નમઃ**
ભૂમિના રક્ષકને નમસ્કાર

**૧૪૩. સેતવે નમઃ**
સૌને પોતપોતાના ધર્મમાં બાંધનાર મર્યાદા રૂપને નમસ્કાર

**૧૪૪. વિધરણાય નમઃ**
ગરુડજી જેને ધારણ કરે છે તેને નમસ્કાર

**૧૪૫. જૈત્રાય નમઃ**
જયનશીલને નમસ્કાર

**૧૪૬. હિરણ્યાક્ષાંતકાય નમઃ**
હિરણ્યાક્ષ-દૈત્યનો નાશ કરનારને નમસ્કાર

**૧૪૭. સુરાય નમઃ**
દૈત્યને મારી સર્વને સુશોભન-મંગલ દેનારને નમસ્કાર

**૧૪૮. દિતિ-કશ્યપ-કામૈક-હેતુ-સૃષ્ટિ-પ્રવર્તકાય નમઃ**
દિતિ-કશ્યપની કામના એક જેમાં કારણભૂત છે તેવી સૃષ્ટિ રચનારને નમસ્કાર

**૧૪૯. દેવાભય-પ્રદાત્રે નમઃ**
દેવોને અભય દેનારને નમસ્કાર

**૧૫૦. વૈકુણ્ઠાધિપતયે નમઃ**
વિજ્ઞાનપૂર્ણ વૈકુણ્ઠ- લોકના સ્વામીને નમસ્કાર

**૧૫૧. મહતે નમઃ**
પૂજ્યને નમસ્કાર

**૧૫૨. સર્વ-ગર્વ-પ્રહારિણે નમઃ**
સર્વના ગર્વને પ્રયત્નથી હરનારને નમસ્કાર

---

**૧૫૩. સનકાદ્યખિલાર્થદાય નમઃ**
સનકાદિને દર્શન-રૂપ સંપૂર્ણ પુરુષાર્થ દેનારને નમસ્કાર

**૧૫૪. સર્વાશ્વાસન-કર્ત્રે નમઃ**
સનત્કુમાર-જયવિજય વગેરે સર્વને સાન્ત્વન દેનારને નમસ્કાર

**૧૫૫. ભક્ત-તુલ્યાહવ-પ્રદાય નમઃ**
ભક્ત-હિરણ્યાક્ષ-ને અનુરૂપ યુદ્ધ દેનારને નમસ્કાર

**૧૫૬. કાલ-લક્ષણ-હેતવે નમઃ**
દૈત્યના પ્રસવ-કાલને જણાવનાર ઉત્પાતરૂપ લક્ષણમાં કારણરૂપને નમસ્કાર

**૧૫૭. સર્વાર્થ-જ્ઞાપકાય નમઃ**
સર્વ પદાર્થોરૂપ વરાહને જણાવનારને નમસ્કાર

**૧૫૮. પરાય નમઃ**
ભક્તની ઈચ્છા પૂર્ણ કરનારને નમસ્કાર

**૧૫૯. ભક્તોન્નતિ-કરાય નમઃ**
ભક્તોની ઉન્નતિ કરનારને નમસ્કાર

**૧૬૦. સર્વ-પ્રકાર-સુખ-દાયકાય નમઃ**
સર્વ પ્રકારના સુખ આપનારને નમસ્કાર

**૧૬૧. નાના-યુદ્ધ-પ્રહરણાય નમઃ**
જુદી-જુદી જાતના યુદ્ધ અને શસ્ત્રોવાળાને નમસ્કાર

**૧૬૨. બ્રહ્મ-શાપ-વિમોચકાય નમઃ**
બ્રાહ્મણ-સનકાદિ-ના શાપમાંથી મુક્તિ આપનારને નમસ્કાર

૧૬૩. **પુષ્ટિ-સર્ગ-પ્રણેત્રે નમઃ**
અનુગ્રહ-માટે સૃષ્ટિ સર્જનારને નમસ્કાર.

૧૬૪. **ગુણ-સૃષ્ટિ-પ્રવર્તકાય નમઃ**
ગુણમય સૃષ્ટિ સર્જનારને નમસ્કાર.

૧૬૫. **કર્દમેષ્ટ-પ્રદાત્રે નમઃ**
કર્દમ-ઋષિને ઈચ્છેલું દેનારને નમસ્કાર.

૧૬૬. **દેવહૂત્યખિલાર્થદાય નમઃ**
દેવહૂતિજીને સઘળું પ્રિય દેનારને નમસ્કાર.

૧૬૭. **શુક્લ-નારાયણાય નમઃ**
સત્યયુગમાં અવતરેલા શુદ્ધસત્ત્વાત્મક નારાયણને નમસ્કાર.

૧૬૮. **સત્ય-કાલ-ધર્મ-પ્રવર્તકાય નમઃ**
યથાર્થ ક્રીડોપયોગી કાલધર્મ પ્રકટ કરનારને નમસ્કાર.

૧૬૯. **જ્ઞાનાવતારાય નમઃ**
જ્ઞાનરૂપ અવતારને નમસ્કાર.

૧૭૦. **શાન્તાત્મને નમઃ**
કામક્રોધાદિ-રહિત સ્વરૂપવાળાને નમસ્કાર.

૧૭૧. **કપિલાય નમઃ**
કપિલવર્ણના-શ્રેષ્ઠી ઉપર કૃપા કરનાર-ભગવાન્ કપિલને નમસ્કાર.

૧૭૨. **કાલ-નાશકાય નમઃ**
તત્ત્વોપદેશથી મૃત્યુ-રૂપ કાલને દૂર કરનારને નમસ્કાર.

૧૭૩. **ત્રિ-ગુણાધિપતયે નમઃ**
ત્રણગુણવાળા કાલના નિયામકને નમસ્કાર.

૧૭૪. **સાંખ્ય-શાસ્ત્ર-કર્ત્રે નમઃ**
આત્મ-અનાત્મ-વિવેક રૂપ સાંખ્યશાસ્ત્રના કર્તાને નમસ્કાર.

૧૭૫. **વિશારદાય નમઃ**
શાસ્ત્રમાં નિપુણને નમસ્કાર.

૧૭૬. **સર્ગ-દૂષણ-હારિણે નમઃ**
સૃષ્ટિમાંના દૂષણોને હરનારને નમસ્કાર.

૧૭૭. **પુષ્ટિ-મોક્ષ-પ્રવર્તકાય નમઃ**
પુષ્ટિમાર્ગીય મોક્ષ-(કર્દમ-મુનિ)ને-દેનારને નમસ્કાર.

૧૭૮. **લૌકિકાનન્દ-દાત્રે નમઃ**
લોકાનુસારી પુત્ર-સ્નેહાદિ આનંદ આપનારને નમસ્કાર.

૧૭૯. **બ્રહ્માનન્દ-પ્રવર્તકાય નમઃ**
અક્ષરબ્રહ્મમાં રહેલા આનંદને દેનારને નમસ્કાર.

૧૮૦ **ભક્તિ-સિદ્ધાન્ત-વક્ત્રે નમઃ**
ભક્તિને સિદ્ધાન્ત-રૂપે કહેનારને નમસ્કાર.

૧૮૧. **સગુણ-જ્ઞાન-દીપકાય નમઃ**
ગુણ-સહિતના પ્રપંચ-જ્ઞાનનો પ્રકાશ કરનારને નમસ્કાર.

૧૮૨. **આત્મ-પ્રદાય નમઃ**
શાસ્ત્ર દ્વારા પોતાના સ્વરૂપને પ્રયત્નપૂર્વક દેનારને નમસ્કાર.

૧૮૩. **પૂર્ણ-કામાય નમઃ**
પરિપૂર્ણ કામનાઓવાળાને નમસ્કાર.

૧૮૪. **યોગાત્મને નમઃ**
યોગ-સમાધિમાં ધ્યાન કરવા યોગ્ય સ્વરૂપવાળાને નમસ્કાર

૧૮૫. **યોગ-ભાવિતાય નમઃ**
અષ્ટાંગ યોગ-યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, સમાધિ-દ્વારા ચિંતન કરાયેલાને નમસ્કાર.

૧૮૬. **જીવન્મુક્તિપ્રદાય નમઃ**
જીવતાં જ કામનાઓમાંથી મુક્તિ દેનારને નમસ્કાર.

૧૮૭. **શ્રીમતે નમઃ**
શોભાવાળાને નમસ્કાર.

૧૮૮. **અન્ય-ભક્તિ-પ્રવર્તકાય નમઃ**
અન્ય-પુરુષાર્થ, ધર્મ, અર્થ, કામ, મોક્ષ, કરતાં ભક્તિનો જ અધિકતાથી પ્રચાર કરનારને નમસ્કાર.

૧૮૯. **કાલ-સામર્થ્ય-દાત્રે નમઃ**
યજ્ઞાત્મક કાલને સામર્થ્ય દેનારને નમસ્કાર.

૧૯૦. **કાલ-દોષ-નિવારકાય નમઃ**
કાલથી થતા દોષોને દૂર કરનારને નમસ્કાર.

૧૯૧. **ગર્ભોત્તમ-જ્ઞાન-દાત્રે નમઃ**
ગર્ભસ્થાનમાં સાત માસ પછી ઉત્તમ જ્ઞાન દેનારને નમસ્કાર.

૧૯૨. **કર્મ-માર્ગ-નિયામકાય નમઃ**
(જન્મમરણનો હંમેશા માટે નાશ કરનારને) ભાગ્યાધીન જન્મમરણ રૂપ કર્મનું ફલ દેનારને નમસ્કાર.

૧૯૩. **સર્વ-માર્ગ-નિરાકર્ત્રે નમઃ**
ભક્તિ સિવાયના સર્વમાર્ગનું નિરાકરણ કરનારને નમસ્કાર.

૧૯૪. **ભક્તિ-માર્ગૈક-પોષકાય નમઃ**
એક માત્ર ભક્તિમાર્ગના પોષકને નમસ્કાર.

૧૯૫. **સિદ્ધિ-હેતવે નમઃ**
દેવહૂતિની ભગવત્પ્રાપ્તિ-રૂપ સિદ્ધિના કારણને નમસ્કાર.

૧૯૬. **સર્વ-હેતવે નમઃ**
સર્વત્ર સર્વની સિદ્ધિના કારણ-રૂપને નમસ્કાર.

૧૯૭. **સર્વાશ્ચર્યૈક-કારણાય નમઃ**
સર્વ-અદ્‌ભુત-આશ્ચર્યના એક માત્ર કારણને નમસ્કાર.

૧૯૮. **ચેતના-ચેતન-પતયે નમઃ**
જ્ઞાની અજ્ઞાનીના પાલકને નમસ્કાર.

૧૯૯. **સમુદ્ર-પરિપૂજિતાય નમઃ**
સમુદ્રથી સંપૂર્ણ પૂજાયેલાને નમસ્કાર.

૨૦૦. **સાંખ્યાચાર્ય-સ્તુતાય નમઃ**
આત્મ-અનાત્મ વિવેકવાળા સાંખ્ય-જ્ઞાનને આચરી લોકમાં પ્રચાર કરતાં સાંખ્યાચાર્યોથી સ્તવન કરાયેલને નમસ્કાર.

૨૦૧. **સિદ્ધ-પૂજિતાય નમઃ**
સિદ્ધ-પુરુષોથી પૂજાયેલને નમસ્કાર.

૨૦૨. **સર્વ-પૂજિતાય નમઃ**
ચારણ વગેરે સર્વથી પૂજા કરાયેલને નમસ્કાર.

### ચતુર્થ-સ્કંધનાં નામ

૨૦૩ **વિસર્ગ-કર્ત્રે નમઃ**
વિસર્ગલીલા કરનારને નમસ્કાર.

૨૦૪. **સર્વેશાય નમઃ**
સર્વના સ્વામીને નમસ્કાર

૨૦૫. **કોટિ-સૂર્ય-સમ-પ્રભાય નમઃ**
કરોડો સૂર્યની સમાન ક્રાંતિવાળાને નમસ્કાર

૨૦૬. **અનન્ત-ગુણ-ગંભીરાય નમઃ**
દેશકાલ વગેરેની મર્યાદાથી રહિત અનન્ત ગુણો વડે પૂર્ણને નમસ્કાર

૨૦૭. **મહાપુરુષ-પૂજિતાય નમઃ**
મહાપુરુષ-બ્રહ્મા-નારદ-વગેરે વડે પૂજાયેલને નમસ્કાર

૨૦૮. **અનન્ત-સુખ-દાત્રે નમઃ**
અમાપ સુખ દેનારને નમસ્કાર

૨૦૯. **બ્રહ્મ-કોટિ-પ્રજાપતયે નમઃ**
કરોડો બ્રહ્માઓને પ્રકટ કરવાથી તેમના પણ પ્રજાપતિને નમસ્કાર

૨૧૦. **સુધા-કોટિ-સ્વાસ્થ્ય-હેતવે નમઃ**
અપાર અમૃતથી અધિક, કલાદિથી અભયરૂપ-સ્વસ્થતામાં કારણરૂપને નમસ્કાર

૨૧૧. **કામ-ધુક્-કોટિ-કામદાય નમઃ**
કરોડો કામધેનુની જેમ કામનાઓ પૂર્ણ કરનારને નમસ્કાર

૨૧૨. **સમુદ્ર-કોટિ-ગંભીરાય નમઃ**
કરોડો સમુદ્ર જેવા ગુણ રૂપ રત્નથી પૂર્ણ-ગંભીર-ને નમસ્કાર

૨૧૩. **તીર્થ-કોટિ-સમાહ્વયાય નમઃ**
કરોડો તીર્થો સમાન પવિત્ર નામવાળાને નમસ્કાર

૨૧૪. **સુમેરુ-કોટિ-નિષ્કમ્પાય નમઃ**
કરોડો સુમેરુપર્વત જેવા અચલને નમસ્કાર

૨૧૫. **કોટિ-બ્રહ્માંડ-વિગ્રહાય નમઃ**
કરોડો બ્રહ્માણ્ડો જેમના સ્વરૂપમાં છે તેવાને નમસ્કાર

૨૧૬. **કોટ્યશ્વમેધ-પાપઘ્નાય નમઃ**
કરોડો અશ્વમેધ-યજ્ઞથી અધિક પાપનાશકને નમસ્કાર

૨૧૭. **વાયુ-કોટિ-મહા-બલાય નમઃ**
કરોડો વાયુ કરતાં વધારે મોટા અને બલવાનને નમસ્કાર

૨૧૮. **કોટીન્દુ-જગદાનંદિને નમઃ**
કરોડો ચન્દ્રની જેમ જગતને આનન્દ દેનારને નમસ્કાર

૨૧૯. **શિવ-કોટિ-પ્રસાદ-કૃતે નમઃ**
કરોડો શંકરની જેમ કૃપા કરનારને નમસ્કાર

૨૨૦. **સર્વ-સદ્‌ગુણ-માહાત્મ્યાય નમઃ**
સર્વશ્રેષ્ઠ ગુણોથી મહિમાવાળાને નમસ્કાર

૨૨૧. **સર્વ-સદ્‌ગુણ-ભાજનાય નમઃ**
સર્વ સદ્‌ગુણોના પાત્રરૂપને નમસ્કાર

૨૨૨. **મન્વાદિ-પ્રેરકાય નમઃ**
મનુ વગેરેને સૃષ્ટિ-માટે પ્રેરનારને નમસ્કાર

૨૨૩. **ધર્માય નમઃ**
મનુ વગેરેએ રચેલા ધર્મરૂપને નમસ્કાર

૨૨૪. **યજ્ઞ-નારાયણાય નમઃ**
યજ્ઞાત્મક નારાયણને નમસ્કાર

૨૨૫. **પરાય નમઃ**
સર્વથી શ્રેષ્ઠને નમસ્કાર

૨૨૬. **આકૂતિ-સૂનવે નમઃ**
મનુપુત્રી આકૂતિના પુત્ર સુયજ્ઞને નમસ્કાર

૨૨૭. **દેવેન્દ્રાય નમઃ**
દેવોના ઈન્દ્રને નમસ્કાર

૨૨૮. **રુચિ-જન્મને નમઃ**
રુચિઋષિથી જન્મ લેનારને નમસ્કાર

૨૨૯. **અભય-પ્રદાય નમઃ**
યજ્ઞરૂપે દેવોને અભય દેનારને નમસ્કાર

૨૪૯. **ભારત-પૂજિતાય નમઃ**
ભરતખંડના લોકો દ્વારા પૂજાયેલને નમસ્કાર

૨૫૦. **અનંતાદ્‌ભુત-માહાત્મ્યાય નમઃ**
અપાર આશ્ચર્યયુક્ત મહિમાવાળાને નમસ્કાર

૨૫૧. **બદરી-સ્થાન-ભૂષણાય નમઃ**
બદરીકાશ્રમની શોભારૂપને નમસ્કાર

૨૫૨. **જિત-કામાય નમઃ**
કામને જીતનારને નમસ્કાર

૨૫૩. **જિત-ક્રોધાય નમઃ**
(કામને ક્રોધ વિના જ જીતવાથી) ક્રોધને જીતનારને નમસ્કાર

૨૫૪. **જિત-સંગાય નમઃ**
વિષયરૂપ સંગને જીતનારને નમસ્કાર

૨૫૫. **જિતેન્દ્રિયાય નમઃ**
ઈન્દ્રિયોને જીતનારને નમસ્કાર

૨૫૬. **ઉર્વશી-પ્રભવાય નમઃ**
ઉર્વશી અપ્સરાની ઉત્પત્તિના કારણરૂપને નમસ્કાર

૨૫૭. **સ્વર્ગ-સુખ-દાયિને નમઃ**
ઈન્દ્રાદિ-સ્વર્ગવાસીઓને ઉર્વશી દઈને સુખ આપનારને નમસ્કાર

૨૫૮. **સ્થિતિ-પ્રદાય નમઃ**
(ઉર્વશીને સ્વર્ગમાં) સ્થિર વાસ દેનારને નમસ્કાર

૨૫૯. **અમાનિને નમઃ**
(માનના આસુરપણાથી) માન વગરનાને નમસ્કાર

૨૬૦. **માનદાય નમઃ**
(લોકસંગ્રહ માટે અન્યને) માન દેનારને નમસ્કાર

૨૬૧. **ગોપ્ત્રે નમઃ**
સર્વના રક્ષકને નમસ્કાર

૨૬૨. **ભગવચ્છાસ્ત્ર-બોધકાય નમઃ**
નારદ-વગેરેને નારદ-પંચરાત્રાદિ ભગવચ્છાસ્ત્રનું જ્ઞાન દેનારને નમસ્કાર

૨૬૩. **બ્રહ્માદિ-વન્દ્યાય નમઃ**
બ્રહ્મા-શંકર-વગેરેના વન્દનીયને નમસ્કાર

૨૬૪. **હંસાય નમઃ**
(હંસ-પક્ષીની જેમ) સંસારને દૂર કરનારને નમસ્કાર

૨૬૫. **શ્રિયૈ નમઃ**
લક્ષ્મી-રૂપને નમસ્કાર

૨૬૬. **માયા-વૈભવ-કારણાય નમઃ**
પ્રકૃતિના વૈભવમાં કારણ-રૂપને નમસ્કાર

૨૬૭. **વિવિધાનન્ત-સર્ગાત્મને નમઃ**
રુદ્રે કરેલ વીરભદ્ર વગેરે જુદી જુદી અનન્ત-સૃષ્ટિમાં સામર્થ્ય-પ્રાકટ્ય દ્વારા જવાના સ્વભાવવાળાને નમસ્કાર

૨૬૮. **વિશ્વ-પૂરણ-તત્પરાય નમઃ**
વિશ્વના પોષણમાં સાવધાનને નમસ્કાર

૨૬૯. **યજ્ઞ-જીવન-હેતવે નમઃ**
યજ્ઞમાં દક્ષના જીવન વા યજ્ઞના પુનરુત્થાનમાં કારણરૂપને નમસ્કાર

૨૭૦. **યજ્ઞ-સ્વામિને નમઃ**
યજ્ઞના સ્વામીને નમસ્કાર

૨૭૧. **ઈષ્ટ-બોધકાય નમઃ**
રુદ્રની પ્રસન્નતાના ઉપાયરૂપ ઈષ્ટનું જ્ઞાન દેનારને નમસ્કાર

૨૭૨. **નાના-સિદ્ધાન્ત-ગમ્યાય નમઃ**
જુદા જુદા સિદ્ધાન્તોથી જાણવા યોગ્યને નમસ્કાર

૨૭૩. **સપ્ત-તન્તવે નમઃ**
અગ્નિષ્ટોમ-ઉક્થ્ય-ષોડશી-અતિરાત્ર-આપ્ત-અર્યામ-વાજપેય-એ યજ્ઞના સાત વિભાગોનો વિસ્તાર કરનારને નમસ્કાર

૨૭૪. **ષડ્-ગુણાય નમઃ**
ઐશ્વર્ય-વીર્ય-યશઃ-શ્રી-જ્ઞાન-વૈરાગ્ય-એ છ ગુણ-વાળાને નમસ્કાર

૨૭૫. **પ્રતિ-સર્ગ-જગત્કર્ત્રે નમઃ**
દરેક સૃષ્ટિક્રમમાં જગત્ રચનારને નમસ્કાર

૨૭૬. **નાના-લીલા-વિશારદાય નમઃ**
સૃષ્ટિ-સર્જન વગેરે જુદી જુદી લીલાઓમાં નિપુણને નમસ્કાર

૨૭૭. **ધ્રુવ-પ્રિયાય નમઃ**
ધ્રુવજીને પ્રિય- સિદ્ધિ જેનાથી મળી તેને નમસ્કાર

૨૭૮. **ધ્રુવ-સ્વામિને નમઃ**
ધ્રુવજીના સ્વામીને નમસ્કાર

---

૨૭૯. **ચિન્તિતાધિક-દાયકાય નમઃ**
ધ્રુવજીએ વિચારેલ સિદ્ધિ કરતાં અધિક સિદ્ધિ દેનારને નમસ્કાર

૨૮૦. **દુર્લભાનન્ત-ફલદાય નમઃ**
મેળવવું અશક્ય-અવિનાશિ-ફલ ધ્રુવને દેનારને નમસ્કાર

૨૮૧. **દયા-નિધયે નમઃ**
દયાના ભંડારને નમસ્કાર

૨૮૨. **અમિત્રઘ્ને નમઃ**
ધ્રુવજીના ભાઈને મારનાર-શત્રુ-યક્ષોને હણનારને નમસ્કાર

૨૮૩. **અંગ-સ્વામિને નમઃ**
અંગરાજાના સ્વામીને નમસ્કાર

૨૮૪. **કૃપા-સારાય નમઃ**
કૃપાના વરસાદ રૂપને નમસ્કાર

૨૮૫. **વૈન્યાય નમઃ**
વેનરાજાના પુત્ર - પૃથુ-ને નમસ્કાર

૨૮૬. **ભૂમિ-નિયામકાય નમઃ**
પૃથ્વીને વશ કરનારને નમસ્કાર

૨૮૭. **ભૂમિ-દોગ્ધ્રે નમઃ**
ગાય રૂપ પૃથ્વીનું દોહન કરનારને નમસ્કાર

૨૮૮. **પ્રજા-પ્રાણ-પાલનૈક-પરાયણાય નમઃ**
પ્રજાના પ્રાણોની દુષ્ટોથી રક્ષા કરવામાં સદા તત્પરને નમસ્કાર

૨૮૯. **યશો-દાત્રે નમઃ**
યશનું દાન કરનારને નમસ્કાર

૨૯૦. **જ્ઞાન-દાત્રે નમઃ**
સનત્કુમાર દ્વારા પૃથુને જ્ઞાન આપનારને નમસ્કાર

૨૯૧. **સર્વ-ધર્મ-પ્રદર્શકાય નમઃ**
પ્રવૃત્તિ-નિવૃત્તિ-લક્ષણવાળા ધર્મોને પ્રયત્નથી જણાવનારને નમસ્કાર

૨૯૨. **પુરંજનાય નમઃ**
પુર રૂપ શરીરને જન્મ દેનારને નમસ્કાર

૨૯૩. **જગન્મિત્રાય નમઃ**
જગતના મિત્રને નમસ્કાર

૨૯૪. **વિસર્ગાન્ત-પ્રદર્શકાય નમઃ**
પ્રાચીન-બર્હિ-રાજાની પુનઃ સૃષ્ટિ કરવાની ઈચ્છાને નારદજીના ઉપદેશ દ્વારા શાન્ત કરનારને નમસ્કાર

૨૯૫. **પ્રચેતસાં પતયે નમઃ**
શ્રેષ્ઠ-જ્ઞાનવાળા પ્રચેતસોના સ્વામીને નમસ્કાર

૨૯૬. **ચિત્ર-ભક્તિ-હેતવે નમઃ**
અલૌકિક ભક્તિના કારણરૂપને નમસ્કાર

૨૯૭. **જનાર્દનાય નમઃ**
(માયા) અવિદ્યાને દૂર કરનાર (લોકોથી પ્રાર્થિત)ને નમસ્કાર

---

૨૯૮. **સ્મૃતિ-હેતુ-બ્રહ્મ-ભાવ-સાયુજ્યાદિ-પ્રદાય નમઃ**
નારદ-મુખે સાંભળેલ ભગવજ્-જ્ઞાનના સ્મરણને કારણે થયેલ બ્રહ્મભાવથી સાયુજ્ય-મુક્તિ વગેરે આપનારને નમસ્કાર

૨૯૯. **શુભાય નમઃ**
કલ્યાણ-રૂપને નમસ્કાર

૩૦૦. **વિજયિને નમઃ**
વિશેષ-પ્રકારે જીતવાના સ્વભાવવાળા (વિજય મેળવનાર)ને નમસ્કાર

**પાંચમા-સ્કંધનાં નામ**

૩૦૧. **સ્થિતિ-લીલાબ્ધયે નમઃ**
સ્થિતિલીલાના સમુદ્રને નમસ્કાર

૩૦૨. **અચ્યુતાય નમઃ**
સ્વરૂપથી ભ્રષ્ટ ન થનારને નમસ્કાર

૩૦૩. **વિજય-પ્રદાય નમઃ**
સંસારમાંથી વિજય આપનારને નમસ્કાર

૩૦૪. **સ્વ-સામર્થ્ય-પ્રદાય નમઃ**
પ્રિયવ્રતને પોતાનું સામર્થ્ય દેનારને નમસ્કાર

૩૦૫. **ભક્ત-કીર્તિ-હેતવે નમઃ**
ભક્તોની કીર્તિના હેતુ-રૂપને નમસ્કાર

૩૦૬. **અધોક્ષજાય નમઃ**
જિતેન્દ્રિય-ભક્તોને પ્રત્યક્ષ થનારને નમસ્કાર

---

૩૦૭. **પ્રિયવ્રત-પ્રિય-સ્વામિને નમઃ**
પ્રિયવ્રત-રાજાના પ્રિય-સ્વામીને નમસ્કાર

૩૦૮. **સ્વેચ્છા-વાદ-વિશારદાય નમઃ**
પોતાની ઈચ્છાથી બ્રહ્માજીએ કરેલા વાદનો વિસ્તાર કરનાર (ચતુર)ને નમસ્કાર

૩૦૯. **સગ્ય-ગમ્યાય નમઃ**
બ્રહ્માજી વગેરે અધિકારીઓથી જાણી ન શકાય તેવાને નમસ્કાર.

૩૧૦. **સ્વ-પ્રકાશાય નમઃ**
પોતાના સ્વરૂપથી પ્રકાશિતને નમસ્કાર.

૩૧૧. **સર્વ-સંગ-વિવર્જિતાય નમઃ**
સર્વ (કવિ, મહાવીર, સવન- ત્રણે)નો વિષય-સંગ જેનાથી છૂટ્યો તેને નમસ્કાર.

૩૧૨. **ઈચ્છાયાં સમર્યાદાય નમઃ**
સંગ છોડવવાની ઈચ્છામાં મર્યાદા-સહિતને નમસ્કાર.

૩૧૩. **ત્યાગ-માત્રોપલંભનાય નમઃ**
સર્વસંગના ત્યાગ-માત્રથી પ્રાપ્ત થનારને નમસ્કાર.

૩૧૪. **અચિંત્ય-કાર્ય-કર્ત્રે નમઃ**
મનથી કલ્પના કરી ન શકાય તેવાં ભક્તોનાં કાર્ય કરનારને નમસ્કાર.

૩૧૫. **તર્કાગોચર-કાર્ય-કૃતે નમઃ**
અનુમાન ન કરી શકાય તેવાં કાર્ય કરનારને નમસ્કાર.

---

૩૧૬. **શ્રૃંગાર-રસ-મર્યાદાયૈ નમઃ**
શ્રૃંગાર-રસની સીમારૂપને નમસ્કાર.

૩૧૭. **આગ્નીધ્ર-રસ-ભાજનાય નમઃ**
આગ્નીધ્ર-રાજાને પૂર્વચિત્તિ-અપ્સરા મળવામાં રસના પાત્ર-રૂપ (સંપાદક)ને નમસ્કાર.

૩૧૮. **નાભીષ્ટ-પૂરકાય નમઃ**
આગ્નીધ્રના પુત્ર નાભિરાજાની ભગવાન્ સમાન પુત્ર મેળવવાની ઈચ્છા પૂર્ણ કરનારને નમસ્કાર.

૩૧૯. **કર્મ-મર્યાદા-દર્શનોત્સુકાય નમઃ**
લોકોને કર્મની રીત બતાવવા આતુરને નમસ્કાર.

૩૨૦. **સર્વ-રૂપાય નમઃ**
સર્વ કુલાચારનો વ્યવહાર કરનારને નમસ્કાર.

૩૨૧. **અદ્‌ભુતતમાય નમઃ**
અત્યંત અદ્‌ભુતને નમસ્કાર.

૩૨૨. **મર્યાદા-પુરુષોત્તમાય નમઃ**
વેદમાર્ગના રક્ષક પુરુષોત્તમ (ઋષભદેવજી)ને નમસ્કાર.

૩૨૩. **સર્વ-રૂપેષુ-સત્યાત્મને નમઃ**
બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે સર્વ-રૂપોમાં સત્યરૂપે રહેલાને નમસ્કાર.

૩૨૪. **કાલ-સાક્ષિણે નમઃ**
કાલના નિયામકને નમસ્કાર.

૩૨૫. **શશિ-પ્રભાય નમઃ**
ચન્દ્ર સમાન કાન્તિવાળાને નમસ્કાર.

---

૩૨૬. **મેરુદેવી-વ્રત-ફલાય નમઃ**
નાભિરાજાનાં પત્ની મેરુદેવીએ કરેલા પુંસવન-વ્રતના ફલરૂપને નમસ્કાર.

૩૨૭. **ઋષભાય નમઃ**
સર્વથી શ્રેષ્ઠ-ઋષભદેવ-ને નમસ્કાર.

૩૨૮. **ભગ-લક્ષણાય નમઃ**
ઐશ્વર્ય વગેરે છ ગુણને પોતાનામાં બતાવનારને નમસ્કાર.

૩૨૯. **જગત્-સન્તર્પકાય નમઃ**
જગતનું સર્વથા પોષણ કરનારને નમસ્કાર.

૩૩૦. **મેઘ-રૂપિણે નમઃ**
અજનાભખંડમાં મેઘરૂપવાળાને નમસ્કાર

૩૩૧. **દેવેન્દ્ર-દર્પઘ્ને નમઃ**
ઈન્દ્રના ગર્વને હણનારને નમસ્કાર

૩૩૨. **જયંતી-પતયે નમઃ**
ઈન્દ્રપુત્રી જયન્તીના પતિને નમસ્કાર.

૩૩૩. **અત્યન્ત-પ્રમાણાશેષ-લૌકિકાય નમઃ**
લૌકિક-પ્રમાણોને સર્વથા ઓળંગનાર (લૌકિક-પ્રમાણોથી પર)ને નમસ્કાર.

૩૩૪. **શતધા-ન્યસ્ત-ભૂતાત્મને નમઃ**
સો પ્રકારે પોતાના આત્માને દેહો(પુત્રો)માં સ્થાપનારને નમસ્કાર.

૩૩૫. **શતાનન્દાય નમઃ**
સો પુત્રો દ્વારા આનંદ પ્રાપ્ત કરનારને નમસ્કાર

---

૩૩૬. **ગુણ-પ્રસવે નમઃ**
ગુણવાન્ ભરતજીને જન્મ દેનારને નમસ્કાર

૩૩૭. **વૈષ્ણવોત્પાદનપરાય નમઃ**
વૈષ્ણવ ભરતજીને પ્રકટ કરનારને નમસ્કાર.

૩૩૮. **સર્વ-ધર્મોપદેશકાય નમઃ**
નિવૃત્તિ-લક્ષણવાળા સર્વધર્મોનો બ્રહ્મર્ષિયોને ઉપદેશ કરનારને નમસ્કાર.

૩૩૯. **પર-હંસ-ક્રિયા-ગોપ્ત્રે નમઃ**
પરમહંસોની ક્રિયાઓના રક્ષકને નમસ્કાર.

૩૪૦. **યોગ-ચર્યા-પ્રદર્શકાય નમઃ**
ભક્તિરૂપ યોગનાં આચરણ દેખાડનારને નમસ્કાર.

૩૪૧. **ચતુર્થાશ્રમ-નિર્ણેત્રે નમઃ**
સંન્યાસાશ્રમનું વિવેચન કરનારને નમસ્કાર.

૩૪૨. **સદાનન્દ-શરીરવતે નમઃ**
સર્વદા આનંદરૂપ શરીરવાળાને નમસ્કાર.

૩૪૩. **પ્રદર્શિતાન્ય-ધર્માય નમઃ**
અન્યના ધર્મોને પ્રસિદ્ધ કરનારને નમસ્કાર.

૩૪૪. **ભરત-સ્વામિને નમઃ**
જ્યેષ્ઠપુત્ર ભરતને શિક્ષા આપનારને નમસ્કાર.

૩૪૫. **અપાર-કૃતે નમઃ**
અપાર-સંસાર-સાગરને છેદનારને નમસ્કાર.

૩૪૬. **યથાવત્કર્મ-કર્ત્રે નમઃ**
શાસ્ત્રોક્ત કર્મના કર્તાને નમસ્કાર.

---

૩૪૭. **સંગાનિષ્ટ-પ્રદર્શકાય નમઃ**
ભગવત્-સંબંધ વગરના સંગથી થતા અનર્થને દર્શાવનારને નમસ્કાર.

૩૪૮. **આવશ્યક-પુનર્જન્મ-કર્મ-માર્ગ-પ્રદર્શકાય નમઃ**
અવશ્ય થનારા પુનર્જન્મમાં કારણભૂત કર્મમાર્ગને લોકમાં જણાવનારને નમસ્કાર.

૩૪૯. **યજ્ઞ-રૂપ-મૃગાય નમઃ**
વૃષલના-ભદ્રકાલીને બલિદાન દેવાના-યજ્ઞમાં બલિ તરીકે શોધાયેલા જડભરતને નમસ્કાર.

૩૫૦. **શાન્તાય નમઃ**
બંધાયા છતાં ગુસ્સે ન થતા શાન્તને નમસ્કાર.

૩૫૧. સાહેષ્ણવે નમઃ
સહનશીલને નમસ્કાર

૩૫૨. સત્પરાક્રમાય નમઃ
સત્યપરાક્રમ રૂપને નમસ્કાર

૩૫૩. રહૂગણ-ગતિ-જ્ઞાય નમઃ
રહૂગણ-રાજાના જ્ઞાનના ઉપાયને જાણનારને નમસ્કાર

૩૫૪. રહૂગણ-વિમોચકાય નમઃ
રહૂગણને જ્ઞાનોપદેશથી કાલપાશમાંથી છોડાવનારને નમસ્કાર

૩૫૫. ભવાટવી-તત્ત્વ-વક્ત્રે નમઃ
'ભવાટવી' સંસારવનના તત્ત્વને કહેનારને નમસ્કાર

૩૫૬. બહિર્મુખ-હિતે-રતાય નમઃ
વેદબાહ્ય બહિર્મુખ જીવના હિતમાં ઉન્મત્ત જેવાં આચરણથી તત્પરને નમસ્કાર

૩૫૭. ગય-સ્વામિને નમઃ
રાજર્ષિ ગયના પ્રભુને નમસ્કાર

૩૫૮. સ્થાન-વંશ-કર્ત્રે નમઃ
ધર્મની સ્થિતિ માટે ગયરાજાના વંશના કર્તાને નમસ્કાર

૩૫૯. સ્થાન-વિભેદ-કૃતે નમઃ
પ્રિયવ્રત રાજાના વંશની જુદી જુદી શાખાઓ કરનારને નમસ્કાર

૩૬૦. પુરુષાવયવાય નમઃ
વિરાડ્-રૂપ પુરુષના અવયવો ભૂગોલ વગેરે રૂપને નમસ્કાર

૩૬૧. ભૂમિ-વિશેષ-વિનિરૂપકાય નમઃ
ભૂમિનું ખંડ-પર્વત-નદી વગેરે વિશેષપણે નિરૂપણ કરનારને નમસ્કાર

૩૬૨. જંબૂદ્વીપ-પતયે નમઃ
જમ્બૂદ્વીપના સ્વામીને નમસ્કાર

૩૬૩. મેરુનાભિ-પદ્મ-રુહાશ્રયાય નમઃ
ઈલાવૃત્ત ખંડની મધ્યમાં કમલની જેમ પ્રકટેલા મેરુ પર્વત- એ આશ્રય રૂપને નમસ્કાર

૩૬૪. નાના-વિભૂતિ-લીલાઢ્યાય નમઃ
જુદા જુદા પ્રકારના લક્ષ્મીજીના વિલાસોથી સમૃદ્ધને નમસ્કાર

૩૬૫. ગંગોત્પત્તિ-નિદાન-કૃતે નમઃ
ગંગાજીની ઉત્પત્તિનું સ્થાન કરનારને નમસ્કાર

૩૬૬. ગંગા-માહાત્મ્ય-હેતવે નમઃ
પોતાના ચરણ-સંબંધી ગંગા-નદીના માહાત્મ્યમાં હેતુરૂપને નમસ્કાર

૩૬૭. ગંગા-રૂપાય નમઃ
ગંગાજી-સ્વરૂપને નમસ્કાર

૩૬૮. અતિ-ગૂઢ-કૃતે નમઃ
અતિગુપ્ત પાપોને ગંગાજી સ્વરૂપે છેદનારને નમસ્કાર

૩૬૯. વૈકુંઠ-દેહ-હેત્વમ્બુ-જન્મ-કૃતે નમઃ
ભગવાનની સેવા માટે (વૈકુણ્ઠ-લોકમાં) યોગ્ય દેહ મળવામાં કારણરૂપ ગંગાજલનો જન્મ કરનારને નમસ્કાર

૩૭૦. સર્વ-પાવનાય નમઃ
ગંગાજી રૂપે સર્વને પાવન કરનારને નમસ્કાર

૩૭૧. શિવ-સ્વામિને નમઃ
શિવજીના સ્વામીને નમસ્કાર

૩૭૨. શિવોપાસ્યાય નમઃ
શિવજીના ઉપાસ્યને નમસ્કાર

૩૭૩. ગૂઢાય નમઃ
કોઈ જાણી ન શકે તેવા સ્થલે રહેલા હોવાથી ગૂઢને નમસ્કાર

૩૭૪. સંકર્ષણાત્મકાય નમઃ
અંતકાલે સર્વનો સંહાર કરનાર સંકર્ષણ-રૂપને નમસ્કાર

૩૭૫. સ્થાન-રક્ષાર્થ-મત્સ્યાદિ-રૂપાય નમઃ
ભિન્ન ભિન્ન દ્વીપોમાં રક્ષા-માટે મત્સ્ય, કૂર્મ, વરાહ, નરસિંહ-આદિ રૂપ ધારણ કરનારને નમસ્કાર

૩૭૬. સર્વૈક-પૂજિતાય નમઃ
સર્વ પૂજ્ય સ્વરૂપોથી પૂજાયેલ એક માત્ર (શ્રીકૃષ્ણ) રૂપને નમસ્કાર

૩૭૭. ઉપાસ્ય-નાના-રૂપાત્મને નમઃ
ઉપાસના કરવા યોગ્ય મત્સ્યાદિ જુદા જુદા અવતારોવાળાને નમસ્કાર

૩૭૮. જ્યોતિ-રૂપાય નમઃ
જ્યોતિ-સૂર્ય-સ્વરૂપને નમસ્કાર

૩૭૯. ગતિ-પ્રદાય નમઃ
ઉત્તરાયન અને દક્ષિણાયન રૂપ ગતિ-વડે સર્વને શુભ-અશુભ ફલ આપનારને નમસ્કાર

૩૮૦. સૂર્ય-નારાયણાય નમઃ
સૂર્ય-મંડલ મધ્યવર્તી નારાયણને નમસ્કાર

૩૮૧. વેદ-કાન્તયે નમઃ
વેદ-ઋક્, સામ, યજુ-રૂપ-કાન્તિવાળાને નમસ્કાર

૩૮૨. ઉજજ્વલ-વેષ-ધૃજે નમઃ
પ્રકાશિત રૂપને ધારણ કરનારને નમસ્કાર

૩૮૩. હંસાય નમઃ
સર્વના આયુષને હરનાર (સૂર્ય)ને નમસ્કાર

૩૮૪. અન્તરિક્ષ-ગમનાય નમઃ
અંતરિક્ષમાં ગમન કરનારને નમસ્કાર

૩૮૫. સર્વ-પ્રસવ-કારણાય નમઃ
સર્વ-પ્રાણીની ઉત્પત્તિ વા પ્રેરણામાં કારણરૂપને નમસ્કાર

૩૮૬. આનન્દ-કર્ત્રે નમઃ
આનન્દ કરનાર-(ચન્દ્ર)ને નમસ્કાર

૩૮૭. વસુદાય નમઃ
જન્મકુંડલીમાં અગિયારમા સ્થાનમાં રહીને ધન દેનાર, અન્યથા ખંડન કરનાર - (મંગલ)ને નમસ્કાર

૩૮૮. બુધાય નમઃ
જ્ઞાની (બુધ)ને નમસ્કાર

૩૮૯. વાક્-પતયે નમઃ
વાણીના સ્વામી- (ગુરુ)ને નમસ્કાર

૩૯૦. ઉજ્જ્વલાય નમઃ
શ્વેત- (શુક્ર)ને નમસ્કાર

૩૯૧. કાલાત્મને નમઃ
શ્યામ સ્વરૂપવાળા-પીડા કરનાર-(શનિ)ને નમસ્કાર

૩૯૨. **કાલ-કાલાય નમઃ**
કાલના કાલ (રાહુ) ને નમસ્કાર

૩૯૩. **કાલ-ચ્છેદ-કૃતે નમઃ**
કાલ-રૂપ રાહુને છેદીને કેતુને પ્રકટ કરનાર (કેતુરૂપ)ને નમસ્કાર.

૩૯૪. **ઉત્તમાય નમઃ**
સર્વથી અત્યન્ત ઉપર શિશુમાર ચક્રરૂપે રહેલાને નમસ્કાર.

૩૯૫. **શિશુ-મારાય નમઃ**
શિશુને મારનાર જલજંતુ શિશુમાર જેવી આકૃતિથી શિશુમાર-રૂપને નમસ્કાર.

૩૯૬. **સર્વમૂર્તયે નમઃ**
ધર્મ-બ્રહ્માજી-વગેરે સ્વરૂપવાળાને નમસ્કાર

૩૯૭. **આધિદૈવિક-રૂપ-ધૃજે નમઃ**
આધિદૈવિક-રૂપને ધારણ કરનારને નમસ્કાર.

૩૯૮. **અનન્ત-સુખ-ભોગાઢ્યાય નમઃ**
અપાર સુખના ભોગથી સમૃદ્ધને નમસ્કાર.

૩૯૯. **વિવરૈશ્વર્ય-ભાજનાય નમઃ**
પાતાલ-રસાતલ-મહાતલ-તલાતલ-સુતલ-વિતલ-અતલ એ ભૂમિની નીચે આવેલા સાતે સ્થાનોના સમૃદ્ધિના આશ્રય-રૂપને નમસ્કાર.

૪૦૦. **સંકર્ષણાય નમઃ**
પાતાલથી ૩૦,૦૦૦ યોજન નીચે વિરાજતા સંકર્ષણને નમસ્કાર.

૪૦૧. **દૈત્ય-પતયે નમઃ**
તામસપણાથી દૈત્યોના સ્વામીને નમસ્કાર.

૪૦૨. **સર્વાધારાય નમઃ**
સર્વ પાતાલાદિ-ભૂગોલના આધાર રૂપને નમસ્કાર.

૪૦૩. **બૃહદ્-વપુષે નમઃ**
મોટા શરીરવાળાને નમસ્કાર

૪૦૪. **અનન્ત-નરક-ચ્છેદિને નમઃ**
સ્મરણ-માત્રથી અસંખ્ય નરકનાં દુઃખોને છેદનારને નમસ્કાર

૪૦૫. **સ્મૃતિ-માત્રાર્તિ-નાશકાય નમઃ**
સ્મરણમાત્રથી સર્વદુઃખોનો નાશ કરનારને નમસ્કાર.

૪૦૬. **સર્વાનુગ્રહ-કર્ત્રે નમઃ**
શરણે આવેલ સઘળા ઉપર કૃપા કરનારને નમસ્કાર (નરક-યાતના દેખાડી-પાપ કરતાં ડરાવી-સૌને પાપથી દૂર રાખી - સૌની ઉપર કૃપા કરનાર)ને નમસ્કાર.

છઠ્ઠા-સ્કન્ધનાં નામ

૪૦૭. **મર્યાદા-ભિન્ન-શાસ્ત્ર-કૃતે નમઃ**
(સાધનને અનુરૂપ ફલદાન તે મર્યાદા. સાધન વગર અથવા ઓછા સાધને પણ મહાફલનું દાન તે, મર્યાદાથી જુદું, અનુગ્રહ રૂપ છે, તે પુષ્ટિ છે, ભગવાનુ જ તે કૃપા કરે છે, તેથી) મર્યાદાથી જુદું પુષ્ટિ-લીલા-પ્રતિપાદક, છઠ્ઠા સ્કન્ધ રૂપ, શાસ્ત્ર કરનારને નમસ્કાર.

૪૦૮. **કાલાન્તક-ભય-ચ્છેદિને નમઃ**
યમ-મૃત્યુ વગેરેથી થતા ભયને છેદનારને નમસ્કાર.

૪૦૯. **નામ-સામર્થ્ય-રૂપ-ધૃજે નમઃ**
સર્વ-પાપોને દૂર કરવા રૂપ સામર્થ્ય પોતાના નામોમાં ધારણ કરનારને નમસ્કાર.

૪૧૦. **ઉદ્ધારાનર્હ-ગોપ્ત્રાત્મને નમઃ**
સંસારમાંથી છૂટવા અયોગ્ય અજામિલાદિ-જીવોને પણ રક્ષનારા સ્વરૂપવાળાને નમસ્કાર.

૪૧૧. **નામાદિ-પ્રેરકોત્તમાય નમઃ**
કલ્યાણના સાધનોમાં શ્રેષ્ઠ નામ-સ્મરણ-રૂપ સાધનોના પ્રેરકને નમસ્કાર.

૪૧૨. **અજામિલ-મહાદુષ્ટ-મોચકાય નમઃ**
અજામિલ નામના મહા-પાપથી દુષ્ટ બ્રાહ્મણને નામ-સામર્થ્ય દ્વારા પાપમાંથી છોડાવનારને નમસ્કાર.

૪૧૩. **અઘ-વિમોચકાય નમઃ**
(શૂદ્ર-સંબંધથી ઉત્પન્ન થયેલા) પાપમાંથી સંપૂર્ણ રીતે છોડાવનારને નમસ્કાર.

૪૧૪. **ધર્મ-વક્ત્રે નમઃ**
સ્વધર્મને વિષ્ણુદૂત રૂપે કહેનારને નમસ્કાર.

૪૧૫. **અક્લિષ્ટ-વક્ત્રે નમઃ**
શાસ્ત્રથી અવિરુદ્ધ-ધર્મના વક્તા, ભગવન્નામ-રૂપ સુખના ઉપાયના વક્તાને નમસ્કાર.

૪૧૬. **વિષ્ણુ-ધર્મ-સ્વરૂપ-ધૃજે નમઃ**
વૈષ્ણવ-ધર્મ જેમનું ધન છે તેવા ભક્તોમાં પોતાના સ્વરૂપને સ્થાપન કરનારને નમસ્કાર.

૪૧૭. **સન્માર્ગ-પ્રેરકાય નમઃ**
ભગવાનના નામમાં પરાયણતા રૂપ સન્માર્ગના પ્રેરકને નમસ્કાર.

૪૧૮. **ધર્ત્રે નમઃ**
ભક્તોને ધારણ કરનારને નમસ્કાર.

૪૧૯. **ત્યાગ-હેતવે નમઃ**
વિષયનો ત્યાગ જેની પ્રાપ્તિમાં કારણ રૂપ છે તેને નમસ્કાર.

૪૨૦. **અધોક્ષજાય નમઃ**
ઈન્દ્રિયથી ન મળતા જ્ઞાનને પ્રકટ કરનારને નમસ્કાર.

૪૨૧. **વૈકુંઠ-પુર-નેત્રે નમઃ**
અજામિલને વૈકુણ્ઠપુરમાં લઈ જનારને નમસ્કાર.

૪૨૨. **દાસ-સંવૃદ્ધિ-કારકાય નમઃ**
નિજદાસોની સંપૂર્ણ સમૃદ્ધિ કરનારને નમસ્કાર

૪૨૩. **દક્ષ-પ્રસાદ-કૃતે નમઃ**
પ્રાચેતસ દક્ષ ઉપર સૃષ્ટિ-સામર્થ્ય-દાનરૂપ કૃપા કરનારને નમસ્કાર.

૪૨૪. **હંસગુહ્ય-સ્તુતિ-વિભાવનાય નમઃ**
'હંસગુહ્ય' પરમાત્મા સંબંધી ગુપ્ત-સ્તુતિમાં પ્રેરનારને નમસ્કાર.

૪૨૫. **સ્વાભિપ્રાયપ્રવક્ત્રે નમઃ**
પોતાના વિભૂતિ-પ્રાકટ્ય રૂપ અભિપ્રાયને સ્પષ્ટ કહેનારને નમસ્કાર.

૪૨૬. **મુક્ત-જીવ-પ્રસૂતિ-કૃતે નમઃ**
મુક્તપ્રાય-મુક્ત જેવા-હર્યશ્વ વગેરે જીવોની પ્રસૂતિ કરનારને નમસ્કાર.

૪૨૭. **નારદ-પ્રેરણાત્મને નમઃ**
નારદજીને પ્રેરવામાં ચિત્તવાળાને નમસ્કાર.

૪૨૮. **હયશ્વ-બ્રહ્મ-ભાવનાય નમઃ**
નારદજીના ઉપદેશ દ્વારા દક્ષના પુત્ર હર્યશ્વોને બ્રહ્મભાવ પ્રાપ્ત કરાવનારને નમસ્કાર.

૪૨૯. **શબલાશ્વ-હિતાય નમઃ**
સુંદર બલવાળા પ્રભુને પ્રાપ્ત કરનાર સુબલાશ્વ નામના દક્ષપુત્રો માટે હિતરૂપને નમસ્કાર. (અહીં "શબલાશ્વહિતઃ" એવો પાઠ યોગ્ય છે)

૪૩૦. **ગૂઢ-વાક્યાર્થ-જ્ઞાપન-ક્ષમાય નમઃ**
નારદજીના કૂટ-પ્રશ્નોત્તરને જણાવવામાં સમર્થને નમસ્કાર.

૪૩૧. **ગૂઢાર્થ-જ્ઞાપનાય નમઃ**
હર્યશ્વોના મોક્ષરૂપ ગુપ્ત પ્રયોજનને દક્ષને જણાવનારને નમસ્કાર.

૪૩૨. **સર્વ-મોક્ષાનન્દ-પ્રતિષ્ઠિતાય નમઃ**
હર્યશ્વ વગેરે સૌનો મોક્ષરૂપ આનન્દ જેનાથી પ્રતિષ્ઠિત થયો તેને નમસ્કાર.

૪૩૩. **પુષ્ટિ-પ્રરોહ-હેતવે નમઃ**
પુષ્ટિમાર્ગીય-સૃષ્ટિમાં કારણરૂપને નમસ્કાર.

૪૩૪. **દાસૈક-જ્ઞાત-હૃદ્-ગતાય નમઃ**
માત્ર દાસો જ જેના હૃદયનો આશય જાણે છે તેવાને નમસ્કાર.

૪૩૫. **શાન્તિ-કર્ત્રે નમઃ**
બ્રહ્માજીનાં વાક્યોથી દક્ષનું સાન્ત્વન કરનારને નમસ્કાર.

૪૩૬. **સુહિત-કૃતે નમઃ**
પત્ની દઈને ધર્મ વગેરેનું સંપૂર્ણ હિત કરનારને નમસ્કાર.

૪૩૭. **સ્ત્રી-પ્રસવે નમઃ**
દક્ષને ત્યાં ૬૦ કન્યા (સ્ત્રી)નો જન્મ કરનારને નમસ્કાર.

૪૩૮. **સર્વ-કામ-દુહે નમઃ**
સર્વ પ્રકારના વિષય-ભોગનું દોહન કરનારને નમસ્કાર.

૪૩૯. **પુષ્ટિ-વંશ-પ્રણેત્રે નમઃ**
કૃપા-માત્રથી થયેલા દક્ષના વંશનો વિસ્તાર કરનારને નમસ્કાર.

૪૪૦. **વિશ્વ-રૂપેષ્ટ-દેવતાયૈ નમઃ**
ત્વષ્ટાના પુત્ર વિશ્વરૂપને ઈચ્છેલું ફલ દેનાર દેવતા નારાયણ રૂપને નમસ્કાર.

૪૪૧. **કવચાત્મને નમઃ**
નારાયણ-કવચ રૂપને નમસ્કાર.

૪૪૨. **પાલનાત્મને નમઃ**
સૌના રક્ષણ-માટે (નારાયણ-કવચ રૂપ) સ્વરૂપ-વાળાને નમસ્કાર.

૪૪૩. **વર્મોપચિતિ-કારણાય નમઃ**
નારાયણ-કવચના વિસ્તારપૂર્વક કથનમાં કારણરૂપ-ને નમસ્કાર.

૪૪૪. **વિશ્વરૂપ-શિર-ચ્છેદિને નમઃ**
વિશ્વરૂપનાં મસ્તક છેદવાના શીલવાળા ઈન્દ્ર-રૂપને નમસ્કાર.

૪૪૫. **ત્વાષ્ટ્ર-યજ્ઞ-વિનાશકાય નમઃ**
ત્વષ્ટાના યજ્ઞને નિષ્ફલ કરનારને નમસ્કાર.

૪૪૬. **વૃત્ર-સ્વામિને નમઃ**
વૃત્રાસુરના સ્વામીને નમસ્કાર.

૪૪૭. **વૃત્ર-ગમ્યાય નમઃ**
વૃત્રાસુરને માટે શરણગમન યોગ્યને નમસ્કાર.

૪૪૮. **વૃત્ર-વ્રત-પરાયણાય નમઃ**
દેવ કે દેવના શસ્ત્રથી ન મરવાનું વૃત્રાસુરનું વ્રત-રક્ષવા માટે ગમન કરનારને નમસ્કાર.

૪૪૯. **વૃત્ર-કીર્તયે નમઃ**
વૃત્રાસુરની ભક્ત તરીકેની ખ્યાતિમાં કારણરૂપને નમસ્કાર

૪૫૦. **વૃત્ર-મોક્ષાય નમઃ**
આસુર-દેહમાંથી વૃત્રાસુરને મોક્ષ દેનારને નમસ્કાર.

૪૫૧. **મઘવત્-પ્રાણ-રક્ષકાય નમઃ**
વજ્ર મેળવવાના ઉપાય દ્વારા ઈન્દ્રના પ્રાણની રક્ષા કરનારને નમસ્કાર.

૪૫૨. **અશ્વમેધ-હવિર્ભોક્ત્રે નમઃ**
વૃત્રવધ-રૂપ બ્રહ્મહત્યામાંથી છૂટવા ઈન્દ્રે કરેલ અશ્વમેધ-યજ્ઞના હવિષ્યનો ભોગ કરનારને નમસ્કાર.

૪૫૩. **દેવેન્દ્રામીવ-નાશકાય નમઃ**
ઈન્દ્રના બ્રહ્મહત્યાદિ રૂપ પાપના નાશકને નમસ્કાર.

૪૫૪. **સંસાર-મોચકાય નમઃ**
સંસારમાંથી છોડાવનારને નમસ્કાર.

૪૫૫. **ચિત્રકેતુ-બોધન-તત્પરાય નમઃ**
પુત્રશોકાર્ત ચિત્રકેતુ રાજાને નારદ-અંગીરા દ્વારા જ્ઞાન દેવા તૈયારને નમસ્કાર.

૪૫૬. **મંત્ર-સિદ્ધયે નમઃ**
નારદે આપેલા મન્ત્રની સિદ્ધિરૂપને નમસ્કાર.

૪૫૭. **સિદ્ધિ-હેતવે નમઃ**
શોક-નિવૃત્તિ રૂપ સિદ્ધિમાં કારણરૂપને નમસ્કાર.

૪૫૮. **સુસિદ્ધિ-ફલ-દાયકાય નમઃ**
ચિત્રકેતુને પોતાની સંકર્ષણની પ્રાપ્તિ રૂપ સુસિદ્ધિ રૂપી ફલને દેનારને નમસ્કાર.

૪૫૯. **મહાદેવ-તિરસ્કર્ત્રે નમઃ**
પાર્વતી સહિત મહાદેવજીનો વચનથી તિરસ્કાર કરનારને નમસ્કાર.

૪૬૦. **ભક્ત્યૈ-પૂર્વાર્થ-નાશકાય નમઃ**
ભક્તિ માટે પહેલાંની વિદ્યાધર-પણા રૂપ સંપત્તિનો નાશ કરનારને નમસ્કાર.

૪૬૧. **દેવ-બ્રાહ્મણ-વિદ્વેષ-વૈમુખ્ય-**
**-જ્ઞાપકાય નમઃ**
દેવ-બ્રાહ્મણ પ્રત્યેના દ્વેષથી ભગવાનથી થતી વિમુખતાને જણાવનારને નમસ્કાર.

૪૬૨. **શિવાય નમઃ**
મંગલરૂપ નિર્મલ શિવને નમસ્કાર.

૪૬૩. **આદિત્યાય નમઃ**
આદિત્ય (સૂર્યના ભગવદ્રૂપ પુત્ર)ને નમસ્કાર.

૪૬૪. **દૈત્ય-રાજાય નમઃ**
દૈત્યોમાં પ્રહ્લાદ વગેરે રૂપે શોભતાને નમસ્કાર.

૪૬૫. **મહત્-પતય નમઃ**
પ્રહ્લાદ, બલી વગેરે મોટાઓના સ્વામીને નમસ્કાર. ('મરુત્પતિ'- એવો પાઠ હોય તો વાયુદેવના પતિ- એવો અર્થ થાય)

૪૬૬. **અચિન્ત્ય-કૃતે નમઃ**
અણચિંતવ્યા કાર્યો કરનારને નમસ્કાર.

૪૬૭. **મરુતાં ભેદકાય નમઃ**
વાયુદેવોના ૪૯ ભેદ કરનારને નમસ્કાર.

૪૬૮. **ત્રાત્રે નમઃ**
ઈન્દ્રે કાપેલા દિતિના ગર્ભના રક્ષકને નમસ્કાર.

૪૬૯. **વ્રતાત્મને નમઃ**
પુંસવન-વ્રત સ્વરૂપને નમસ્કાર.

૪૭૦. **પું-પ્રસૂતિ-કૃતે નમઃ**
પુંસવન-વ્રતથી પુત્ર પ્રસૂતિ કરનારને નમસ્કાર.

સાતમા-સ્કંધનાં નામ

૪૭૧. **કર્માત્મને નમઃ**
પ્રાકૃત-કર્મ રૂપને નમસ્કાર.

૪૭૨. **વાસનાત્મને નમઃ**
પૂર્વકર્મોના સંસ્કાર રૂપને નમસ્કાર.

૪૭૩. **ઊતિ-લીલા-પરાયણાય નમઃ**
કર્મવાસના રૂપ ઊતિલીલામાં પરાયણને નમસ્કાર.

૪૭૪. **સમ-દૈત્ય-સુરાય નમઃ**
દૈત્યો અને દેવો જેને સમાન છે તેને નમસ્કાર.

૪૭૫. **સ્વાત્મને નમઃ**
સર્વના આત્મા રૂપને નમસ્કાર.

૪૭૬. **વૈષમ્ય-જ્ઞાન-સંશ્રયાય નમઃ**
દેવરક્ષણ અને અસુર-નાશરૂપ પક્ષપાતપણું સમજાય તેમ વર્તનારને નમસ્કાર.

૪૭૭. **દેહાદ્યુપાધિ-રહિતાય નમઃ**
દેહ વગેરે ઉપાધિથી રહિતને નમસ્કાર.

૪૭૮. **સર્વજ્ઞાય નમઃ**
સર્વને જાણનારને નમસ્કાર.

૪૭૯. **સર્વ-હેતુ-વિદે નમઃ**
બ્રમાદિ-સર્વ-કારણોથી પ્રાપ્ત થનારને નમસ્કાર

૪૮૦. **બ્રહ્મ-વાક્-સ્થાપન-પરાય નમઃ**
બ્રાહ્મણ સનત્કુમારનાં વાક્યો સફલ કરવામાં તત્પરને નમસ્કાર.

૪૮૧. **સ્વ-જન્માવધિ-કાર્ય-કૃતે નમઃ**
પોતાના વરાહ-નૃસિંહ-રામ-કૃષ્ણ વગેરે અવતારો સુધી દ્વેષબુદ્ધિ-ઉત્પાદન રૂપ કાર્ય કરનારને નમસ્કાર.

૪૮૨. **સદસદ્-વાસના-હેતવે નમઃ**
સદ્વાસના અને અસદ્વાસનાઓમાં કારણરૂપને નમસ્કાર.

૪૮૩. **ત્રિ-સત્યાય નમઃ**
(ભક્તોના) ત્રણ (અને પોતાના ચાર) અવતારોથી બ્રાહ્મણના શાપને સત્ય કરનારને નમસ્કાર.

૪૮૪. **ભક્ત-મોચકાય નમઃ**
ભક્તોને વૈકુણ્ઠના દ્વારપાલ તરીકેના અધિકારમાંથી છોડાવનારને નમસ્કાર.

૪૮૫. **હિરણ્યકશિપુ-દ્વેષિણે નમઃ**
હિરણ્યકશિપના દ્વેષના વિષયને નમસ્કાર.

૪૮૬. **પ્રાવિષ્ટાત્મને નમઃ**
હિરણ્યકશિપુમાં દ્વેષના વિષય તરીકે પ્રવેશેલા સ્વરૂપને નમસ્કાર.

૪૮૭. **અતિ-ભીષણાય નમઃ**
હિરણ્યકશિપુને અત્યંત ભય દેનારને નમસ્કાર.

૪૮૮. **શાન્તિ-જ્ઞાનાદિ-હેતવે નમઃ**
મા-ભાભીને શોક-શાન્તિ-માટે હિરણ્યકશિપુએ આપેલા જ્ઞાનના પ્રેરકને નમસ્કાર.

૪૮૯. **પ્રહ્લાદોત્પત્તિ-કારણાય નમઃ**
પ્રહ્લાદજીની ઉત્પત્તિમાં કારણરૂપને નમસ્કાર.

૪૯૦. **દૈત્ય-સિદ્ધાન્ત-સદ્વક્ત્રે નમઃ**
દૈત્યોના સિદ્ધાન્તમાં પરમશાસ્ત્રને ભક્ત પ્રહ્લાદજીના મુખે કહેનારને નમસ્કાર.

૪૯૧. **તપઃ-સારાય નમઃ**
ભજન રૂપી તપઃ-સારવાળાને નમસ્કાર.

૪૯૨. **ઉદાર-ધિયે નમઃ**
પ્રહ્લાદજીની નિર્મલ-બુદ્ધિના કારણને નમસ્કાર.

૪૯૩. **દૈત્ય-હેતુ-પ્રકટનાય નમઃ**
દૈત્યના હેતુને પ્રકટ કરનારને નમસ્કાર.

૪૯૪. **ભક્તિ-ચિહ્ન-પ્રકાશકાય નમઃ**
ભક્તિનાં લક્ષણોનો પ્રકાશ કરનારને નમસ્કાર.

૪૯૫. **સદ્-દ્વેષ-હેતવે નમઃ**
પ્રહ્લાદ પ્રત્યે હિરણ્યકશિપુના દ્વેષના કારણને નમસ્કાર.

૪૯૬. **સદ્-દ્વેષ-વાસનાત્મને નમઃ**
ભક્ત પ્રત્યેનો દ્વેષ જ જેની પ્રાપ્તિમાં પ્રતિબંધ રૂપ છે તેવાને નમસ્કાર.

૪૯૭. **નિરન્તરાય નમઃ**
દૈત્યોથી સંપૂર્ણ રીતે જુદાને નમસ્કાર.

૪૯૮. **નૈષ્ઠુર્ય-સીમ્ને નમઃ**
(પ્રહ્લાદજીની યાતનાના આરંભમાં જ પ્રકટ ન થયા તેથી) નિષ્ઠુરતા-નિર્દયતાની સીમાને નમસ્કાર.

૪૯૯. **પ્રહ્લાદ-વત્સલાય નમઃ**
પ્રહ્લાદ પ્રત્યે વાત્સલ્યવાળાને નમસ્કાર.

૫૦૦. **સંગ-દોષઘ્ને નમઃ**
પ્રહ્લાદજીનાં વચનથી આસુરબાલકોના આસુર-સંગદોષને હરનારને નમસ્કાર.

૫૦૧. **મહાનુભાવાય નમઃ**
અચિન્ત્ય સામર્થ્યવાળાને નમસ્કાર.

૫૦૨. **સાકારાય નમઃ**
પડકાર-સહિતને નમસ્કાર.

૫૦૩. **સર્વાકારાય નમઃ**
સર્વ સ્વરૂપવાળાને નમસ્કાર.

૫૦૪. **પ્રમાણ-ભુવે નમઃ**
ભક્ત પ્રહ્લાદજીનાં વાક્યોને પ્રમાણભૂત કરવા પ્રકટ થયેલાને નમસ્કાર.

૫૦૫. **સ્તમ્ભ-પ્રસૂતયે નમઃ**
થાંભલામાંથી પ્રકટ થયેલાને નમસ્કાર

૫૦૬. **નૃહરયે નમઃ**
માનવના ભયને હરનાર-નરહરિને નમસ્કાર.

૫૦૭. **નૃસિંહાય નમઃ**
નરસિંહને નમસ્કાર.

**૫૦૮. ભીમ-વિક્રમાય નમઃ**
ભયંકર પરાક્રમવાળાને નમસ્કાર

**૫૦૯. વિકટાસ્યાય નમઃ**
વિષમ મુખવાળાને નમસ્કાર

**૫૧૦. લલજ્જિહ્વાય નમઃ**
લળતી જીભવાળાને નમસ્કાર

**૫૧૧. નખ-શસ્ત્રાય નમઃ**
નખ-રૂપ શસ્ત્રવાળાને નમસ્કાર

**૫૧૨. જવોત્કટાય નમઃ**
અસહ્ય યુદ્ધ-વેગવાળાને નમસ્કાર

**૫૧૩. હિરણ્યકશિપુ-ચ્છેદિને નમઃ**
હિરણ્યકશિપુને છેદનારને નમસ્કાર

**૫૧૪. ક્રૂર-દૈત્ય-નિવારકાય નમઃ**
ક્રૂર દૈત્યોને મારનારને નમસ્કાર

**૫૧૫. સિંહાસન-સ્થાય નમઃ**
રાજાના સિંહાસને બિરાજેલાને નમસ્કાર

**૫૧૬. ક્રોધાત્મને નમઃ**
ક્રોધાવિષ્ટ સ્વરૂપવાળાને નમસ્કાર

**૫૧૭. લક્ષ્મી-ભય-વિવર્ધનાય નમઃ**
લક્ષ્મીજીના ભયને વધારનારને નમસ્કાર

**૫૧૮. બ્રહ્માદ્યત્યન્ત-ભય-ભુવે નમઃ**
બ્રહ્માજી વગેરે માટે અત્યંત ભય ઉત્પન્ન કરનારને નમસ્કાર

**૫૧૯. અપૂર્વાચિન્ત્યા-રૂપ-ધૃજે નમઃ**
પહેલાં ન થયેલ, બુદ્ધિથી વિચારી ન શકાય, તેવું નૃસિંહ રૂપ ધરનારને નમસ્કાર

**૫૨૦. ભક્તૈક-શાન્ત-હૃદયાય નમઃ**
કેવલ ભક્ત પ્રહ્લાદજી માટે જ ક્રોધરહિત શાન્ત હૃદયવાળાને નમસ્કાર

**૫૨૧. ભક્ત-સ્તુત્યાય નમઃ**
ભક્ત દ્વારા સ્તુતિ યોગ્યને નમસ્કાર

**૫૨૨. સ્તુતિ-પ્રિયાય નમઃ**
સ્તુતિપ્રિયને નમસ્કાર

**૫૨૩. ભક્તાંગ-લેહનોદ્ધૂત-ક્રોધ-પુઞ્જાય નમઃ**
ભક્ત પ્રહ્લાદજીનાં અંગોને ચાટવાથી દૂર થયેલ ક્રોધ-પુંજવાળાને નમસ્કાર

**૫૨૪. પ્રશાન્ત-ધિયે નમઃ**
ક્રોધ-રહિત બુદ્ધિવાળા (પ્રહ્લાદજીની વિષયથી વિમુખ બુદ્ધિના હેતુ રૂપ)ને નમસ્કાર

**૫૨૫. સ્મૃતિ-માત્ર-ભય-ત્રાત્રે નમઃ**
મહાસંકટમાંથી સ્મરણ-માત્રથી રક્ષા કરનારને નમસ્કાર

**૫૨૬. બ્રહ્મ-બુદ્ધિ-પ્રદાયકાય નમઃ**
બ્રહ્માજીને અસુરને વરદાન ન દેવા રૂપ બુદ્ધિનું દાન દેનારને નમસ્કાર

**૫૨૭. ગોરૂપ-ધારિણે નમઃ**
ત્રિપુરને બાળવા ઈચ્છતા શંકરના વિજય-માટે અમૃતકૂપમાંથી અમૃતપાન-માટે ગાયનું રૂપ ધરનારને નમસ્કાર

**૫૨૮. અમૃતપે નમઃ**
અમૃત પીનારને નમસ્કાર

**૫૨૯. શિવ-કીર્તિ-વિવર્ધનાય નમઃ**
શિવની ત્રિપુરાન્તક રૂપ કીર્તિ વધારનારને નમસ્કાર

**૫૩૦. ધર્માત્મને નમઃ**
ધર્મ-સ્વરૂપને નમસ્કાર

**૫૩૧. સર્વ-કર્માત્મને નમઃ**
સર્વવર્ણના કર્મ-રૂપને નમસ્કાર

**૫૩૨. વિશેષાત્મને નમઃ**
વર્ણાશ્રમ-ધર્મ-વિશેષ રૂપને નમસ્કાર

**૫૩૩. આશ્રમ-પ્રભવે નમઃ**
બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સન્યસ્ત-ચારે આશ્રમો ... સ્વામી ... નમસ્કાર

**૫૩૪. સંસાર-મગ્ન-સ્વોદ્ધર્ત્રે નમઃ**
સંસારમાં મગ્ન ભક્તોનો ધર્મોપદેશથી ઉદ્ધાર કરનારને નમસ્કાર

**૫૩૫. સન્માર્ગા-ખિલ-તત્ત્વ-વાચે નમઃ**
સન્માર્ગ રૂપ શાસ્ત્રોમાં સર્વ તત્ત્વ-પ્રતિપાદક અધ્યાત્મવિદ્યા રૂપા વાણી સ્વરૂપને નમસ્કાર

**૫૩૬. આચારાત્મને નમઃ**
આચાર-જ્ઞાન-સ્વરૂપને નમસ્કાર

**૫૩૭. સદાચારાય નમઃ**
સદાચાર સ્વરૂપને નમસ્કાર

### આઠમા-સ્કંધનાં નામ

**૫૩૮. મન્વન્તર-વિભાવનાય નમઃ**
(સ્વાયંભુવ, સ્વારોચિષ, ઉત્તમ, તામસ, રૈવત, ચાક્ષુષ એ છ પસાર થયેલા અને (વર્તમાન) શ્રાદ્ધદેવ તથા (ભવિષ્યના) સાવર્ણિ, દક્ષસાવર્ણિ, બ્રહ્મસાવર્ણિ, ધર્મસાવર્ણિ, રુદ્રસાવર્ણિ, દેવસાવર્ણિ, ઈન્દ્રસાવર્ણિ એમ કુલ ચૌદ) મનુના રાજ્ય-સમય મન્વન્તર-ના રક્ષકને નમસ્કાર

**૫૩૯. સ્મૃત્યાશેષાશુભ-હરાય નમઃ**
સ્મરણ-માત્રથી ગ્રાહગ્રસ્ત ગજેન્દ્રનાં સંપૂર્ણ પાપ હરનારને નમસ્કાર

**૫૪૦. ગજેન્દ્ર-સ્મૃતિ-કારણાય નમઃ**
દુઃખી ગજેન્દ્રને શરણાગમન રૂપ ઉપાય યાદ આવવામાં કારણરૂપને નમસ્કાર

**૫૪૧. જાતિ-સ્મરણ-હેત્વેક-પૂજા-ભક્તિ-સ્વરૂપદાય નમઃ**
પૂર્વજન્મમાં ગજેન્દ્ર પોતે ઈન્દ્રદ્યુમ્ન રાજા હતો; તેવી સ્મૃતિમાં કારણરૂપ, એક માત્ર ભગવાનની પૂજાથી થયેલ, ભક્તિ દ્વારા સ્વરૂપનું દાન કરનારને નમસ્કાર

**૫૪૨. યજ્ઞાય નમઃ**
યજ્ઞ-નારાયણ-સ્વરૂપને નમસ્કાર

**૫૪૩. ભયાન્-મનુ-ત્રાત્રે નમઃ**
તપ કરતા સ્વાયંભુવ મનુને મારવા આવેલા અસુરોના ભયમાંથી રક્ષનાર સુયજ્ઞને નમસ્કાર

**૫૪૪. વિભવે નમઃ**
બીજા મન્વન્તરમાં અવતરેલા ભગવાન્ વિભુને નમસ્કાર

**૫૪૫. બ્રહ્મ-વ્રતાશ્રયાય નમઃ**
બ્રહ્મચારીઓના વ્રતના આશ્રય રૂપને નમસ્કાર

**૫૪૬. સત્યસેનાય નમઃ**
ત્રીજા મન્વન્તરમાં અવતરેલા સત્યપરાયણ પરિકરવાળા ભગવાન્ સત્યસેનને નમસ્કાર

**૫૪૭. દુષ્ટ-ઘાતિને નમઃ**
દુષ્ટોનો ઘાત કરનારને નમસ્કાર

**૫૪૮. હરયે નમઃ**
ચોથા મન્વન્તરમાં અવતરેલા સ્મરણ-માત્રથી દુઃખ હરનારા ભગવાન્ હરિને નમસ્કાર

**૫૪૯. ગજ-વિમોચકાય નમઃ**
ગ્રાહની પીડામાંથી ગજને સંપૂર્ણ મુક્તિ દેનારને નમસ્કાર

**૫૫૦. વૈકુણ્ઠાય નમઃ**
પાંચમા મન્વન્તરમાં અવતરેલા વિકુણ્ઠાના પુત્ર ભગવાન્ વૈકુણ્ઠને નમસ્કાર

**૫૫૧. લોક-કર્ત્રે નમઃ**
રમાવૈકુણ્ઠ-લોકની રચના કરનારને નમસ્કાર

**૫૫૨. અજિતાય નમઃ**
છઠ્ઠા મન્વન્તરમાં અવતરેલા ભગવાન્ કોઈથી ન જિતાએલા અજિતને નમસ્કાર

**૫૫૩. અમૃત-કારણાય નમઃ**
અમૃત-પ્રાપ્તિમાં કારણરૂપને નમસ્કાર

**૫૫૪.ઉરુક્રમાય નમઃ**
સાતમા મન્વન્તરમાં અવતરેલા વિસ્તીર્ણ ચરણ-વિક્ષેપવાળા ભગવાન્-ઉરુક્રમ-વામનજીને નમસ્કાર

**૫૫૫.ભૂમિ-હર્ત્રે નમઃ**
બલિ પાસેથી ઈન્દ્ર-માટે ભૂમિ હરનારને નમસ્કાર

**૫૫૬. સાર્વભૌમાય નમઃ**
આઠમા મન્વન્તરમાં અવતરનાર સર્વ-ભૂમિના સ્વામી ભગવાન્ સાર્વભૌમને નમસ્કાર.

**૫૫૭.બલિ-પ્રિયાય નમઃ**
(હવેના મન્વન્તરમાં) બલિરાજાને ઈન્દ્ર તરીકેનું રાજ્ય દઈ પ્રિય કરનારને નમસ્કાર

**૫૫૮.વિભવે નમઃ**
નવમા મન્વન્તરમાં અવતરનાર વિશેષ-રીતે ઐશ્વર્યવાળા ભગવાન્ (ઋષભ) વિભુને નમસ્કાર

**૫૫૯.સર્વ-હિતૈકાત્મને નમઃ**
(દશમા મન્વન્તરમાં) સર્વના હિતમાં જ ચિત્તવાળાને નમસ્કાર

**૫૬૦. વિષ્વક્સેનાય નમઃ**
દશમા મન્વન્તરમાં અવતરનાર સર્વત્ર વ્યાપક સેનાવાળા ભગવાન્ વિષ્વક્સેનને નમસ્કાર

**૫૬૧. શિવ-પ્રિયાય નમઃ**
શિવજીના પ્રિય-સખા-ને નમસ્કાર

---

**૫૬૨. ધર્મસેતવે નમઃ**
અગિયારમા મન્વન્તરમાં અવતરનાર ધર્મમર્યાદા-સ્થાપક ભગવાન્ ધર્મસેતુને નમસ્કાર.

**૫૬૩ લોક-ધૃતયે નમઃ**
ત્રણ લોકને ધારણ કરનારને નમસ્કાર

**૫૬૪. સુધામાન્તર-પાલકાય નમઃ**
બારમા મન્વન્તરમાં અવતરનાર મન્વન્તરના રક્ષક ભગવાન્ (સ્વધામા) સુધામાને નમસ્કાર

**૫૬૫. ઉપહર્ત્રે-યોગ-પતયે નમઃ**
તેરમા મન્વન્તરમાં અવતરનાર સર્વને સુખ દેનાર યોગપતિ ભગવાન્ ઉપહર્તાને નમસ્કાર

**૫૬૬. બૃહદ્ભાનવે નમઃ**
ચૌદમા મન્વન્તરમાં અવતરનાર વિસ્તૃત કિરણોવાળા ભગવાન્ બૃહદ્ભાનુને નમસ્કાર

**૫૬૭. ક્રિયા-પતયે નમઃ**
યજ્ઞક્રિયાના રક્ષકને નમસ્કાર

**૫૬૮ ચતુર્દશ-પ્રમાણાત્મને નમઃ**
ચૌદ મનુ રૂપે સ્મૃતિરૂપ પ્રમાણ-પ્રવર્તક સ્વરૂપને નમસ્કાર

**૫૬૯. ધર્માય નમઃ**
મનુ-પ્રણીત ધર્મ-સ્વરૂપને નમસ્કાર.

**૫૭૦. મન્વાદિ-બોધકાય નમઃ**
મનુ વગેરેના મહિમાના પ્રદર્શકને નમસ્કાર

**૫૭૧. લક્ષ્મી-ભોગૈક-નિલયાય નમઃ**
સ્વર્ગની લક્ષ્મીના અનુભવના સ્થાન-રૂપને નમસ્કાર.

**૫૭૨. દેવ-મંત્ર-પ્રદાયકાય નમઃ**
દેવોને અમૃતોત્પાદન-યત્ન રૂપ મન્ત્ર આપનારને નમસ્કાર.

**૫૭૩ દૈત્ય-વ્યામોહકાય નમઃ**
દૈત્યોને દેવો સાથે સંધિ કરાવી મોહ કરાવનારને નમસ્કાર

**૫૭૪.સાક્ષાદ્ -ગરુડ-સ્કન્ધ-સંશ્રયાય નમઃ**
સાક્ષાત્ ગરુડજીના ખભા ઉપર સ્થિતિ કરનારને નમસ્કાર

**૫૭૫.લીલા-મન્દર-ધારિણે નમઃ**
અનાયાસે લીલામાત્રથી મન્દરાચલને ઉઠાવનારને નમસ્કાર

**૫૭૬. દૈત્ય-વાસુકિપૂજિતાય નમઃ**
દૈત્યોના સામર્થ્યને દૂર કરવા વાસુકિ-નાગને

**૫૭૭.સમુદ્રાન્મથનાવત્તાય નમઃ**
સમુદ્રનું મથન કરવામાં ઉદ્યોગવાળાને નમસ્કાર

**૫૭૮. અવિઘ્ન-કર્ત્રે નમઃ**
વિઘ્ન દૂર કરનારને નમસ્કાર

**૫૭૯.સ્વવાક્ય-કૃતે નમઃ**
વિઘ્ન દૂર કરીને પોતાના વાક્યને યથાર્થ કરનારને નમસ્કાર

---

**૫૮૦. આદિ-કૂર્માય નમઃ**
પૃથ્વીને રમાડનાર કૂર્મ-નારાયણ-સ્થલના વિચારે, સર્વાધાર-આદિકૂર્મને નમસ્કાર

**૫૮૧. પવિત્રાત્મને નમઃ**
પવિત્ર સ્વરૂપવાળાને નમસ્કાર

**૫૮૨. મન્દરાઘર્ષણોત્સુકાય નમઃ**
પીઠ પર ફરતા મન્દર-પર્વતના ઘર્ષણમાં ઉત્સુકને નમસ્કાર

**૫૮૩ શ્વાસૈજદબ્ધિ-વાર્વીચયે નમઃ**
શ્વાસથી કંપતા સમુદ્રના જલના તરંગોમાં હેતુરૂપને નમસ્કાર

**૫૮૪. કલ્પાન્તાવધિ-કાર્ય-કૃતે નમઃ**
કલ્પના અંત સુધી મન્દર પર્વતને ધારણ કરવાનું કાર્ય કરનારને નમસ્કાર

**૫૮૫. ચતુર્દશ-મહારત્નાય નમઃ**
ચૌદ મહારત્નોને પ્રકટ કરનારને નમસ્કાર

**૫૮૬. લક્ષ્મી-સૌભાગ્ય-વર્દ્ધનાય નમઃ**
લક્ષ્મીજીના સૌભાગ્યને વધારનારને નમસ્કાર

**૫૮૭. ધન્વન્તરયે નમઃ**
રોગ રૂપ જલ વગરના-ધન્વન્-પ્રદેશમાં-નૌકા રૂપ ધન્વન્તરિજીને નમસ્કાર

**૫૮૮ સુધા-હસ્તાય નમઃ**
હાથમાં અમૃતપૂર્ણ કલશને ધરનારને નમસ્કાર

---

**૫૮૯. યજ્ઞ-ભોક્ત્રે નમઃ**
યજ્ઞનો ભોગ કરનારને નમસ્કાર

**૫૯૦. આર્તિ-નાશનાય નમઃ**
રોગથી થતી ચિંતાનો નાશ કરનારને નમસ્કાર

**૫૯૧. આયુર્વેદ-પ્રણેત્રે નમઃ**
આયુષ્ય વધારનાર-ઋગ્વેદના ઉપવેદ-આયુર્વેદના પ્રવર્તકને નમસ્કાર

**૫૯૨ દૈવ-દૈત્યાખિલાર્ચિતાય નમઃ**
દેવો-દૈત્યો-સર્વ વડે - આરોગ્ય વા અમૃત માટે પૂજાયેલાને નમસ્કાર

**૫૯૩ બુદ્ધિ-વ્યામોહકાય નમઃ**
દૈત્યોની બુદ્ધિને મોહ કરનારને નમસ્કાર

**૫૯૪.દેવ-કાર્ય-સાધન-તત્પરાય નમઃ**
અમૃતપાન રૂપ દેવકાર્ય સમ્પાદન કરવામાં સાવધાનને નમસ્કાર

**૫૯૫ સ્ત્રી-રૂપાય નમઃ**
દૈત્યને મોહ કરવા માટે સ્ત્રી-મોહિનીનારાયણ-રૂપને નમસ્કાર

**૫૯૬. માયયા-વક્ત્રે નમઃ**
દૈત્યો સાથે માયા વડે બોલનારને નમસ્કાર

**૫૯૭.દૈત્યાન્તઃકરણ-પ્રિયાય નમઃ**
દૈત્યોના મનમાં પ્રિયરૂપે ભાસતાને નમસ્કાર

---

**૫૯૮. પાયિતામૃત-દેવાંશાય નમઃ**
અમૃતરૂપ દેવાંશનું દેવોને પાન કરાવનારને નમસ્કાર.

**૫૯૯. યુદ્ધ-હેતુ-સ્મૃતિ-પ્રદાય નમઃ**
દેવ-દાનવના યુદ્ધમાં કારણ રૂપ વચનની યાદ આપનારને નમસ્કાર

૬૦૦. સુમાલ-માલ-વધ-કૃત નમઃ
સુમાલી-માલી નામના દાનવનો વધ કરનારને નમસ્કાર

૬૦૧. માલ્યવત્-પ્રાણ-હારકાય નમઃ
માલ્યવાનના પ્રાણ હરનારને નમસ્કાર

૬૦૨. કાલનેમિ-શિર-ચ્છેદિને નમઃ
કાલનેમિના શિરને છેદનારને નમસ્કાર

૬૦૩. દૈત્ય-યજ્ઞ-વિનાશકાય નમઃ
વામનજીના પધારતા પહેલાંના બલિરાજાના કેવલ દૈત્ય-યજ્ઞનો વિનાશ કરનારને નમસ્કાર

૬૦૪. ઈન્દ્ર-સામર્થ્ય-દાત્રે નમઃ
ઈન્દ્રને દૈત્યોને જિતવાની શક્તિ આપનારને નમસ્કાર

૬૦૫. દૈત્ય-શેષ-સ્થિતિ-પ્રિયાય નમઃ
વધમાંથી બચેલા દૈત્યોની સ્થિતિ જેને પ્રિય છે તેને નમસ્કાર

૬૦૬. શિવ-વ્યામોહકાય નમઃ
મોહિની-નારાયણ રૂપે શિવજીને મોહ કરનારને નમસ્કાર

............

૬૦૭. માયિને નમઃ
માયા રૂપી દાસીવાળાને નમસ્કાર

૬૦૮. ભૃગુ-મંત્ર-સ્વશક્તિદાય નમઃ
ભૃગુવંશના સંજીવની-મંત્રમાં પોતાની વૈષ્ણવી-શક્તિ દેનારને નમસ્કાર

૬૦૯. બલિ-જીવન-કર્ત્રે નમઃ
બલિરાજાને જીવાડનારને નમસ્કાર

૬૧૦. સ્વર્ગ-હેતવે નમઃ
ઈન્દ્રની સ્વર્ગ-પ્રાપ્તિમાં કારણરૂપને નમસ્કાર

૬૧૧. વ્રતાર્ચિતાય નમઃ
કશ્યપમુનિએ આપેલા પયોવ્રત દ્વારા અદિતિથી પૂજાયેલાને નમસ્કાર

૬૧૨. અદિત્યાનન્દ-કર્ત્રે નમઃ
પોતે પુત્રરૂપ બનીને અદિતિને આનન્દ આપનારને નમસ્કાર

૬૧૩. કશ્યપાદિતિ-સંભવાય નમઃ
નિમિત્ત રૂપ કશ્યપ અને અદિતિ દ્વારા પ્રકટ થનારને નમસ્કાર

૬૧૪. ઉપેન્દ્રાય નમઃ
ઈન્દ્રના નાનાભાઈ-(ભગવાન્) ઉપેન્દ્રને નમસ્કાર

૬૧૫. ઈન્દ્રાવરજાય નમઃ
ઈન્દ્રની પછી જન્મનારને નમસ્કાર

૬૧૬. વામન-બ્રહ્મ-રૂપ-ધૃજે નમઃ
વામન-બ્રહ્મ-રૂપ ધારણ કરનારને નમસ્કાર

૬૧૭. બ્રહ્માદિ-સેવિત-વપુષે નમઃ
બ્રહ્માદિ-વડે સેવાયેલ શરીરવાળાને નમસ્કાર

૬૧૮. યજ્ઞ-પાવન-તત્પરાય નમઃ
બલિરાજાના દૈત્ય-યજ્ઞને પાવન કરવાં તૈયારને નમસ્કાર

૬૧૯. યાચ્ઞોપદેશ-કર્ત્રે નમઃ
યાચનાના રૂપે સ્વર્ગ અર્પણ કરવા રૂપ ઉપદેશ કરનારને નમસ્કાર

૬૨૦. જ્ઞાપિતાશેષ-સંસ્થિતયે નમઃ
પોતાના પ્રાકટ્યથી સર્વ કર્મોની સમાપ્તિ-સંપૂર્ણતા-જણાવનારને નમસ્કાર

૬૨૧. સત્યાર્થ-પ્રેરકાય નમઃ
બલિરાજાને સત્ય- સંકલ્પના પ્રેરકને નમસ્કાર

૬૨૨. સર્વ-હર્ત્રે નમઃ
ત્રણ પગલાંના બહાને સર્વ ત્રિલોકને હરનારને નમસ્કાર

૬૨૩. ગર્વ-વિનાશકાય નમઃ
ભક્તના ગર્વનો નાશ કરનારને નમસ્કાર

૬૨૪. ત્રિ-વિક્રમાય નમઃ
ત્રણ પાદક્રમવાળા ત્રિવિક્રમને નમસ્કાર

૬૨૫. ત્રૈ-લોકાત્મને નમઃ
ત્રણ લોકમાં વ્યાપકને નમસ્કાર

૬૨૬. વિશ્વ-મૂર્તયે નમઃ
વિશ્વરૂપ સ્વરૂપવાળાને નમસ્કાર

............

૬૨૭. પૃથુ-શ્રવસે નમઃ
વિપુલ કીર્તિવાળાને નમસ્કાર

૬૨૮. પાશ-બદ્ધ-બલયે નમઃ
વરુણપાશથી બલિરાજાને બાંધનારને નમસ્કાર

૬૨૯. સર્વ-દૈત્ય-પક્ષોપ-મર્દકાય નમઃ
સઘળા દૈત્ય-પક્ષપાતીઓનો નાશ કરનારને નમસ્કાર

૬૩૦. સુતલ-સ્થાપિત-બલયે નમઃ
સુતલ નામના ત્રીજા પાતાલમાં બલિને સ્થાપનારને નમસ્કાર

૬૩૧. સ્વર્ગાધિક-સુખ-પ્રદાય નમઃ
સુતલમાં બલિને સ્વર્ગ કરતાં અધિક સુખ પ્રયત્નપૂર્વક આપનારને નમસ્કાર

૬૩૨. કર્મ-સંપૂર્તિ-કર્ત્રે નમઃ
પૂર્વમાં શરૂ થયેલા અશ્વમેધ-યજ્ઞ રૂપ કર્મની, પોતાની ઉપસ્થિતિથી શાસ્ત્રોક્ત કરતાં વધારે ફલ દઈને, સંપૂર્ણ રીતે પૂર્તિ કરનારને નમસ્કાર

૬૩૩. સ્વર્ગ-સંસ્થાપિતામરાય નમઃ
દેવોને પોતપોતાના સ્વર્ગમાં સ્થાપનારને નમસ્કાર

૬૩૪. જ્ઞાત-ત્રિવિધ-ધર્માત્મને નમઃ
સાત્ત્વિક, રાજસ, તામસ લોકોએ જેનું ધર્મ સ્વરૂપ ઉપાસ્ય તરીકે જાણ્યું છે તેને નમસ્કાર

૬૩૫. મહા-મીનાય નમઃ
અલૌકિક મત્સ્યરૂપ મત્સ્ય-નારાયણને નમસ્કાર

............

૬૩૬. અબ્ધિ-સંશ્રયાય નમઃ
પ્રલય-સમયના સમુદ્રમાં વસનારને નમસ્કાર

૬૩૭. સત્યવ્રત-પ્રિયાય નમઃ
સત્યરૂપ વ્રતવાળા સત્યવ્રત રાજાના પ્રિયને નમસ્કાર

૬૩૮. ગોપ્ત્રે નમઃ
પ્રલય-જલમાં ડૂબતા સત્યવ્રતને સપ્તર્ષિ-સહિત રક્ષનારને નમસ્કાર

૬૩૯. મત્સ્ય-મૂર્તિ-ધૃત-શ્રુતયે નમઃ
મત્સ્ય-સ્વરૂપે હયગ્રીવ-અસુરનો વધ કરીને લાવેલ શ્રુતિ (વેદ)ને ધારણ કરનારને નમસ્કાર

૬૪૦. શ્રૃંગ-બદ્ધ-ધૃત-ક્ષોણયે નમઃ
શ્રૃંગ સાથે બાંધેલ નાવ રૂપ પૃથ્વીને ધારણ કરનારને નમસ્કાર

૬૪૧. સર્વાર્થ-જ્ઞાપકાય નમઃ
ધર્મ વગેરે સર્વ પુરુષાર્થોને મત્સ્ય-પુરાણ દ્વારા સત્યવ્રતને જણાવનારને નમસ્કાર

૬૪૨. ગુરવે નમઃ
તત્ત્વોપદેશ કરનાર ગુરુને નમસ્કાર

નવમા-સ્કંધનાં નામઃ

૬૪૩. ઈશ-સેવક-લીલાત્મને નમઃ
સ્વામી-સેવક-સંબંધી ઈશાનુકથા લીલા-રૂપને નમસ્કાર

............

૬૪૪. સૂર્ય-વંશ-પ્રવર્તકાય નમઃ
સૂર્યવંશના પ્રવર્તકને નમસ્કાર

૬૪૫. સોમ-વંશોદ્ભવ-કરાય નમઃ
ચંદ્રવંશની ઉત્પત્તિ ઈલા અને બુધ દ્વારા પુરૂરવાના પ્રાકટ્યથી કરનારને નમસ્કાર

૬૪૬. મનુ-પુત્ર-ગતિ-પ્રદાય નમઃ
મનુપુત્ર પૃષધ્રને પ્રયત્નપૂર્વક સદ્ગતિ દેનારને નમસ્કાર

૬૪૭. અમ્બરીષ-પ્રિયાય નમઃ

**૬૯૩. દંડકારણ્ય-પાવનાય નમઃ**
પોતાના ચરણ-સ્પર્શથી દણ્ડકારણ્યને પવિત્ર કરનારને નમસ્કાર

**૬૯૪. શરભંગ-સુતીક્ષ્ણાદિ-પૂજિતાય નમઃ**
શરભઙ્ગ-સુતીક્ષ્ણ વગેરે મુનિયોથી પૂજાયેલાને નમસ્કાર

**૬૯૫. અગસ્ત્ય-ભાગ્ય-ભુવે નમઃ**
મુનિ અગત્સ્યના ભાગ્યથી દર્શનદાન માટે તેમના આશ્રમમાં પધારનારને નમસ્કાર

**૬૯૬. ઋષિ-સંપ્રાર્થિત-કૃતયે નમઃ**
વનવાસી ઋષિયો દ્વારા આદરથી રાક્ષસ-વધ રૂપ કાર્ય-માટે પ્રાર્થના કરાયેલને નમસ્કાર

---

**૬૯૭. વિરાધ-વધ-પંડિતાય નમઃ**
વિરાધ-રાક્ષસના વધમાં પ્રવીણને નમસ્કાર

**૬૯૮. છિન્ન-શૂર્પણખા-નાસાય નમઃ**
શૂર્પણખાના નાક-કાન કાપનારને નમસ્કાર

**૬૯૯. ખર-દૂષણ-ઘાતકાય નમઃ**
ખર-દૂષણ રાક્ષસનાં ઘાતકને નમસ્કાર

**૭૦૦. એક-બાણ-હતાનેક-સહસ્ર-બલ-રાક્ષસાય નમઃ**
એક બાણથી અપરિમિત-બલવાળા રાક્ષસોને હણનારને નમસ્કાર

**૭૦૧. મારીચ-ઘાતિને નમઃ**
રાક્ષસ-મારીચનો ઘાત કરનારને નમસ્કાર

**૭૦૨. નિયત-સીતા-સંબંધ-શોભિતાય નમઃ**
છાયા રૂપ માયા-સીતાનું હરણ થવા છતાં પણ નિરંતર મૂલ-સીતાજીના સંબંધથી શોભતાને નમસ્કાર

**૭૦૩. સીતા-વિયોગ-નાટ્યાય નમઃ**
સીતાજીના વિયોગમાં નટની જેમ વર્તનાર (દિખાવ કરનાર)ને નમસ્કાર

**૭૦૪. જટાયુ-વધ-મોક્ષદાય નમઃ**
ગીધ-જટાયુને વધથી મોક્ષ દેનારને નમસ્કાર

**૭૦૫. શબરી-પૂજિતાય નમઃ**
શબર-જાતિની સ્ત્રી શબરીથી સત્કારાયેલાને નમસ્કાર

---

**૭૦૬. ભક્ત-હનુમત્-પ્રમુખાવૃતાય નમઃ**
હનુમાનજી જેમાં મુખ્ય છે તેવા સુગ્રીવ-વિભીષણ વગેરે ભક્તોથી વીંટપેલાને નમસ્કાર

**૭૦૭. દુન્દુભ્યસ્થિ-પ્રહરણાય નમઃ**
રાક્ષસ-દુન્દુભિનાં હાડકાંને પગના અંગૂઠાથી ૧૦ યોજન દૂર ફેંકી દેનારને નમસ્કાર

**૭૦૮. સપ્ત-તાલ-વિભેદનાય નમઃ**
તાડનાં સાત વૃક્ષને એક બાણથી વીંધનારને નમસ્કાર

**૭૦૯. સુગ્રીવ-રાજ્ય-દાય નમઃ**
વાનરરાજ સુગ્રીવને કિષ્કિંધાનું રાજ્ય દેનારને નમસ્કાર

**૭૧૦. વાલી-ઘાતિને નમઃ**
સુગ્રીવના મોટાભાઈ વાલીનો વધ કરનારને નમસ્કાર

**૭૧૧. સાગર-શોષણાય નમઃ**
સમુદ્ર શોષનારને નમસ્કાર

**૭૧૨. સેતુ-બંધન-કર્ત્રે નમઃ**
વૃક્ષ-પર્વત-વગેરેથી સમુદ્રમાં પુલ બાંધનારને નમસ્કાર

**૭૧૩. વિભીષણ-હિત-પ્રદાય નમઃ**
વિભીષણને યત્નપૂર્વક ભક્તિ દેનારને નમસ્કાર

**૭૧૪. રાવણાદિ-શિર-ચ્છેદિને નમઃ**
રાવણ, કુંભકર્ણ વગેરે રાક્ષસોનાં શિર છેદનારને નમસ્કાર

**૭૧૫. રાક્ષસાઘૌઘ-નાશકાય નમઃ**
(પ્રભુ પાસે મરવાથી) રાક્ષસોના પાપના પ્રવાહનો નાશ કરનારને નમસ્કાર

**૭૧૬. સીતાભય-પ્રદાત્રે નમઃ**
સીતાજીને રાવણના ભયમાંથી અભયદાન દેનારને નમસ્કાર

**૭૧૭. પુષ્પકાગમનોત્સુકાય નમઃ**
પુષ્પક-વિમાનમાં બેસી ભરતજીને મળવામાં આતુરને નમસ્કાર

**૭૧૮. અયોધ્યા-પતયે નમઃ**
અયોધ્યાના સ્વામીને નમસ્કાર

**૭૧૯. અત્યન્ત-સર્વ-લોક-સુખ-પ્રદાય નમઃ**
કૃપાવૃષ્ટિથી સર્વ લોકોને અતિશય સુખ આપનારને નમસ્કાર

**૭૨૦. મથુરા-પુર-નિર્માત્રે નમઃ**
મધુવનમાં શત્રુઘ્ન-સ્વરૂપે મથુરા-નગરીની રચના કરનારને નમસ્કાર

**૭૨૧. સુકૃતજ્ઞ-સ્વરૂપદાય નમઃ**
પુણ્યપથ જાણનારાઓને સ્વરૂપનું દાન કરનારને નમસ્કાર

**૭૨૨. જનક-જ્ઞાન-ગમ્યાય નમઃ**
પ્રજાને પોતાના પ્રત્યે રક્ષક-પિતા-તરીકે જ્ઞાનના વિષયને નમસ્કાર

**૭૨૩. ઐલાન્ત-પ્રકટ-શ્રુતયે નમઃ**
પાતાલ પર્યંત કીર્તિ શ્રવણવાળાને નમસ્કાર

---

**૭૨૪. હૈહયાન્ત-કરાય નમઃ**
હૈહય (હજાર-હાથવાળા સહસ્રાર્જુન) કાર્તવીર્યાર્જુનનો નાશ કરનારને નમસ્કાર

**૭૨૫. રામાય નમઃ**
યુદ્ધ ઈચ્છનારને રણમાં રમાડનાર પરશુરામજીને નમસ્કાર

**૭૨૬. દુષ્ટ-ક્ષત્ર-વિનાશકાય નમઃ**
બ્રાહ્મણનો દ્વેષ કરનાર દુષ્ટ-ક્ષત્રિયોનો એકવીશ વખત નાશ કરનારને નમસ્કાર

**૭૨૭. સોમ-વંશ-હિતૈકાત્મને નમઃ**
ચન્દ્રવંશનું હિત કરવામાં ચિત્તવાળાને નમસ્કાર

**૭૨૮. યદુ-વંશ-વિવર્ધનાય નમઃ**
યયાતિના મોટા પુત્ર યદુરાજાના પુત્ર ક્રોષ્ટુથી શરૂ થતા યદુવંશની વૃદ્ધિ કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર

દશમા-સ્કન્ધ(પૂર્વાર્ધ)માં નામ

**૭૨૯. પર-બ્રહ્માવતરણાય નમઃ**
અક્ષર-બ્રહ્મથી શ્રેષ્ઠ પરબ્રહ્મ રૂપ અવતારી શ્રીકૃષ્ણને નમસ્કાર

**૭૩૦. કેશવાય નમઃ**
બ્રહ્માજી અને શંકરજીના સુખના કારણરૂપને નમસ્કાર

**૭૩૧. ક્લેશ-નાશનાય નમઃ**
ભક્તોના ક્લેશનો નાશ કરનારને નમસ્કાર

---

**૭૩૨. ભૂમિ-ભારાવતરણાય નમઃ**
દુષ્ટ-રાજાઓ રૂપ ભૂમિના ભારને ઉતારવા અવતરેલાને નમસ્કાર

**૭૩૩. ભક્તાર્થાખિલ-માનસાય નમઃ**
ભક્તોના અર્થોમાં સંપૂર્ણ મનવાળાને નમસ્કાર

**૭૩૪. સર્વ-ભક્ત-નિરોધાત્મને નમઃ**
સર્વ ભક્તોના પ્રપંચ-વિસ્મૃતિ પૂર્વક ભગવાનમાં આસક્તિ રૂપ નિરોધ સ્વરૂપને નમસ્કાર

**૭૩૫. લીલાનન્ત-નિરોધ-કૃતે નમઃ**
અગણિત લીલાઓ દ્વારા ભક્તોનો નિરોધ કરનારને નમસ્કાર

**૭૩૬. ભૂમિષ્ઠ-પરમાનન્દાય નમઃ**
પૃથ્વી પર રહેલા ભક્તોના અપરિમિત આનંદ રૂપને નમસ્કાર

**૭૩૭. દેવકી-શુદ્ધિ-કારણાય નમઃ**
દેવકીજીની શુદ્ધિમાં કારણરૂપને નમસ્કાર

**૭૩૮. વસુદેવ-જ્ઞાન-નિષ્ઠ-સમ-જીવ નિવારકાય નમઃ**
શુદ્ધ-સત્ત્વાત્મક વસુદેવજીમાં જ્ઞાનરૂપે નિત્ય રહેલા, ભગવાનની સાથે રહેલા, અન્ય છ જીવો (વસુદેવજીના પહેલા છ પુત્રો)-ના જીવપણાના નિવારકને નમસ્કાર

---

**૭૩૯. સર્વ-વૈરાગ્ય-કરણ-સ્વલીલાધાર-શોધકાય નમઃ**
સર્વને વિષયોમાંથી વૈરાગ્ય દેનાર પ્રાકટ્ય રૂપ પોતાની લીલાના આધાર દેવકીજીની મૃતપુત્રત્વ-રૂપ અશુદ્ધિ દૂર કરી (તે પુત્રો પુનઃ દઈ) શુદ્ધિ કરનારને નમસ્કાર

**૭૪૦. માયાજ્ઞાપન-કર્ત્રે નમઃ**
યોગમાયાને વ્રજમાં જવાની આજ્ઞા કરનારને નમસ્કાર

**૭૪૧. શેષ-સંભાર-સંભૃતયે નમઃ**
અવશિષ્ટ સામગ્રીને સંપૂર્ણ કરનાર (દેવકીજીના ઉદરમાંથી ગર્ભનું સંકર્ષણ થવા છતાં પણ ગર્ભપૂર્તિ કરનાર)ને નમસ્કાર

**૭૪૨. ભક્ત-ક્લેશ-પરિજ્ઞાત્રે નમઃ**
પોતાના પ્રાકટ્યમાં નિમિત્તરૂપ ભક્તોનાં દુઃખોને સંપૂર્ણ-પણે જાણનારને નમસ્કાર

**૭૪૩. તન્નિવારણ-તત્પરાય નમઃ**
ભક્તોનાં તે દુઃખો દૂર કરવામાં તત્પરને( ાર

**૭૪૪. આવિષ્ટ-વસુદેવાંશાય નમઃ**
વસુદેવજીના મનમાં પ્રદ્યુમ્ન-વ્યૂહ રૂપ અંશથી પ્રવેશેલાને નમસ્કાર

**૭૪૫. દેવકી-ગર્ભ-ભૂષણાય નમઃ**
દેવકીજીના ગર્ભરૂપે અલંકાર(શોભા)રૂપને નમસ્કાર

---

**૭૪૬. પૂર્ણ-તેજોમયાય નમઃ**
ધર્મિરૂપ પૂર્ણ તેજઃ-પુંજને નમસ્કાર

**૭૪૭. પૂર્ણાય નમઃ**
અખંડિત ઐશ્વર્યાદિથી પૂર્ણને નમસ્કાર

**૭૪૮ કંસાધૃષ્ય-પ્રતાપવતે નમઃ**
કંસથી ગ્રહણ કરી (દબાવી) ન શકાય તેવા પ્રતાપવાળાને નમસ્કાર

**૭૪૯. વિવેક-જ્ઞાન-દાત્રે નમઃ**
કંસને યોગ્યાયોગ્ય રૂપ વિવેક-જ્ઞાન દેનારને નમસ્કાર

**૭૫૦. બ્રહ્માદ્યખિલ-સંસ્તુતાય નમઃ**
બ્રહ્માદિ સર્વ દેવોથી પોતાના કાર્ય-નિવેદન પૂર્વક સ્તુતિ કરાયેલાને નમસ્કાર

**૭૫૧. સત્યાય નમઃ**
સત્ય-સ્વરૂપને નમસ્કાર

**૭૫૨. જગત્કલ્પતરવે નમઃ**
જડચેતન-જગત્ રૂપ કલ્પવૃક્ષ સ્વરૂપને નમસ્કાર

**૭૫૩. નાના-રૂપ-વિમોહનાય નમઃ**
સત્ત્વ-રજઃ-તમઃ-પ્રકૃતિવાળા રૂપો વડે ...હ પમાડનારને નમસ્કાર

**૭૫૪. ભક્તિ-માર્ગ-પ્રતિષ્ઠાત્રે નમઃ**
ભક્તિ-માર્ગની પ્રયત્નપૂર્વક સ્થિરતા કરનારને નમસ્કાર

૮૨૧. વૃન્દાવન-લતા-ગુલ્મ-વૃક્ષ-રૂપ-નિરૂપકાય નમઃ
વૃન્દાવનમાં વેલ-નાના છોડ-વૃક્ષોના સ્વરૂપનું નિરૂપણ કરનારને નમસ્કાર

૮૨૨. નાદ-બ્રહ્મ-પ્રકટનાય નમઃ
નાદબ્રહ્મ-શબ્દબ્રહ્મ રૂપ ગાનના પ્રકટ કરનારને નમસ્કાર

૮૨૩. વયઃ-પ્રતિ-કૃતિ-સ્વનાય નમઃ
પક્ષીઓના અવાજનું અનુકરણ કરનારને નમસ્કાર

૮૨૪. બર્હિ-નૃત્યાનુકરણાય નમઃ
મયૂરના નૃત્યનું અનુકરણ કરનારને નમસ્કાર

૮૨૫. ગોપાલાનુકૃતિ-સ્વનાય નમઃ
ગોવાળનું અનુકરણ કરતા ગાયોને ઉદ્દેશી "હીહીહી"-શબ્દો કરનારને નમસ્કાર

૮૨૬. સદાચાર-પ્રતિષ્ઠાત્રે નમઃ
મોટાભાઈના પગ દબાવવા રૂપ સદાચારના સ્થાપકને નમસ્કાર

૮૨૭. બલ-શ્રમ-નિરાકૃતયે નમઃ
બલદેવજીનો થાક ઉતારનારને નમસ્કાર

૮૨૮. તરુ-મૂલ-કૃતાશેષ-તલ્પ-શાયિને નમઃ
વૃક્ષના મૂલમાં રચેલ સર્વ કોમલ-પત્ર પુષ્પોની શય્યામાં પોઢનારને નમસ્કાર

૮૨૯. સખિ-સ્તુતાય નમઃ
સખાઓથી સ્તવાયેલાને નમસ્કાર

૮૩૦. ગોપાલ-સેવિત-પદાય નમઃ
ગોપાલોથી સેવાયેલા ચરણવાળાને નમસ્કાર

૮૩૧. શ્રી-લાલિત-પદામ્બુજાય નમઃ
લક્ષ્મીજીએ સ્નેહપૂર્વક સેવેલ ચરણ-કમલવાળાને નમસ્કાર

૮૩૨. ગોપ-સંપ્રાર્થિત-ફલ-દાન-નાશિત-ધેનુકાય નમઃ
ગોપબાલકોએ ખાવા-માટે માગેલાં તાલફલ દઈ ગધેડાના રૂપમાં રહેલ ધેનુકાસુરનો વિનાશ કરનારને નમસ્કાર

૮૩૩. કાલીય-ફણિ-માણિક્ય-રંજિત-શ્રી-પદામ્બુજાય નમઃ
કાલીય-નાગની ફણાઓ ઉપર રહેલાં માણેકથી રંગાયેલ શોભાયુક્ત ચરણ-કમલવાળાને નમસ્કાર

૮૩૪. દૃષ્ટિ-સંજીવિતાશેષ-ગોપ-ગો-ગોપિકા-પ્રિયાય નમઃ
અમૃત વરસાવતી દૃષ્ટિથી જીવાડેલ ગોપ-ગાય-ગોપીજનના પ્રિયને નમસ્કાર

૮૩૫. લીલા-સંપીત-દાવાગ્નયે નમઃ
વનમાં લાગેલા દાવાનલનું અનાયાસે લીલામાત્રથી સંપૂર્ણ પાન કરનારને નમસ્કાર

૮૩૬. પ્રલમ્બ-વધ-પંડિતાય નમઃ
બલરામજીને જણાવી પ્રલમ્બાસુરનો વધ કરનારને નમસ્કાર

૮૩૭. દાવાગ્ન્યાવૃત-ગોપાલ-દૃષ્ટ્યાચ્છાદન-વહ્નિપાય નમઃ
દાવાગ્નિથી ઘેરાયેલા ગોપબાલકોની આંખો બંધ કરાવીને દાવાનલનું પાન કરનારને નમસ્કાર

૮૩૮. વર્ષા-શરદ્-વિભૂતિ-શ્રિયે નમઃ
વર્ષા-ઋતુ તથા શરદ્-ઋતુની વિભૂતિની શોભારૂપને નમસ્કાર

૮૩૯. ગોપી-કામ-પ્રબોધકાય નમઃ
ગોપીજનમાં કામનો પ્રયત્નપૂર્વક ઉદય કરનારને નમસ્કાર

૮૪૦. ગોપી-રત્ન-સ્તુતાશેષ-વેણુ-વાદ્ય-વિશારદાય નમઃ
સર્વ ગોપીજન રૂપ રત્નોથી સ્તુતિ કરાયેલ, સંપૂર્ણ વેણુવાદ્યને બજાવવામાં નિપુણને નમસ્કાર

૮૪૧. કાત્યાયની-વ્રત-વ્યાજ-સર્વ-ભાવા-શ્રિતાંગનાય નમઃ
માગશર માસ - હેમન્ત-ઋતુના પહેલા માસ-માં ભગવાનની તામસ-શક્તિ રૂપ કાત્યાયની-દેવીના વ્રતના બહાને સર્વાત્મભાવથી કુમારીકાઓએ જેનો આશ્રય કર્યો તેને નમસ્કાર

૮૪૨. સત્સંગતિ-સ્તુતિ-વ્યાજ-સ્તુત-વૃન્દા-વનાંઘ્રિપાય નમઃ
સત્સંગતિ-સત્સંગ-ના વખાણના બહાને વૃન્દાવનનાં વૃક્ષોની સ્તુતિ કરનારને નમસ્કાર

૮૪૩. ગોપ-ક્ષુત્-છાંતિ-સંવ્યાજ-વિપ્ર-ભાર્યા-પ્રસાદ-કૃતે નમઃ
ગોપબાલકોની ભૂખ શાન્ત કરવાના બહાને યજ્ઞ કરતા બ્રાહ્મણોની પત્નીઓ ઉપર કૃપા કરનારને નમસ્કાર

૮૪૪. હેતુ-પ્રાપ્તેન્દ્ર-યાગ-સ્વકાર્ય-ગોસવ-બોધકાય નમઃ
ધર્મ-અર્થ-કામ રૂપ હેતુની પ્રાપ્તિના ઉદ્દેશથી થતા ઈન્દ્રના યજ્ઞ-માટેની સામગ્રીથી ગાય-બ્રાહ્મણ-ગોવર્ધનજીના યજ્ઞ-ગોસવ (ગાય-માટે થતા યજ્ઞ)-નો ઉપદેશ દેનારને નમસ્કાર

૮૪૫. શૈલ-રૂપ-કૃતાશેષ-રસ-ભોગ-સુખા-વહાય નમઃ
શ્રીગોવર્ધનજીનું રૂપ ધારણ કરી - 'હું પર્વત છું'-કહી,- નન્દરાયજી વગેરે વડે તૈયાર કરાયેલ છ રસવાળા-પદાર્થોનો સંપૂર્ણભોગ કરી સૌ વ્રજવાસીઓને સુખ આપનારને નમસ્કાર

૮૪૬. લીલા-ગોવર્ધનોદ્ધાર-પાલિત-સ્વવ્રજ-પ્રિયાય નમઃ
સુખપૂર્વક લીલામાત્રથી ગાયોની વૃદ્ધિ કરનાર ગોવર્ધન-પર્વતને ધારણ કરી, રક્ષેલા પોતાના વ્રજવાસીઓના પ્રિયને નમસ્કાર

૮૪૭. ગોપ-સ્વચ્છંદ-લીલાર્થ-ગર્ગ-વાક્યાર્થ-બોધકાય નમઃ
ગોપ-લોકોને, ભય વગર સ્વચ્છન્દપૂર્વક લીલા કરવા માટે,- નન્દજીને ગર્ગાચાર્યજીએ નામકરણ સંસ્કાર-પ્રસંગે કહેલ વાક્યોના અર્થનું ફરીથી નન્દજીના મુખે જ્ઞાન દેનારને નમસ્કાર

૮૪૮. ઈન્દ્ર-ધેનુ-સ્તુતિ-પ્રાપ્ત-ગોવિન્દેન્દ્રા-ભિધાનવતે નમઃ
ઈન્દ્ર અને કામધેનુની સ્તુતિથી પ્રાપ્ત થયેલ "ગોવિન્દ"-રૂપ ગાયોના ઈન્દ્ર - એવા નામવાળાને નમસ્કાર

૮૪૯. વ્રતાદિ-ધર્મ-સંસક્ત-નન્દ-ક્લેશ-વિનાશકાય નમઃ
એકાદશીના નિરાહાર ઉપવાસ રૂપ વ્રત વગેરે ધર્મોમાં આસક્ત નન્દરાયજીના વ્રત વગેરેથી થતા ક્લેશનો નાશ કરનારને નમસ્કાર

૮૫૦. નન્દાદિ-ગોપમાત્રેષ્ટ-વૈકુણ્ઠ-ગતિ-દાયકાય નમઃ
નન્દજી વગેરે સર્વ ગોપોને મનગમતી વૈકુણ્ઠ-લોક-દર્શનની-ગતિ આપનારને નમસ્કાર

૮૫૧. વેણુ-વાદ-સ્મર-ક્ષોભ-મત્ત-ગોપી-વિમુક્તિદાય નમઃ
રાસ-માટે કરેલા વેણુનાદને સાંભળી, કામથી ક્ષોભ પામવાથી કામમદવાળાં મત્ત, ઘરની અંદર રહી ગયેલાં-અંતર્ગૃહગતા-ગોપીજનને વિશેષ પ્રકારે મુક્તિ આપનારને નમસ્કાર

૮૫૨. સર્વ-ભાવ-પ્રાપ્ત-ગોપી-સુખ-સંવર્ધન-ક્ષમાય નમઃ
સર્વ વિષય-વાસનાદિ છોડી સર્વાત્મ સમીપમાં આવેલાં ગોપીજનનાં રાસસુખને સંપૂર્ણપણે વધારવામાં સમર્થને નમસ્કાર

૮૫૩. ગોપી-ગર્વ-પ્રણાશાર્થ-તિરોધાન-સુખ-પ્રદાય નમઃ
ભગવાન્ પાસેથી માન મળતાં ગોપીજનને થયેલા ગર્વના પ્રયત્નપૂર્વક નાશ-માટે ગોપીજનની અંદર સ્થિતિરૂપ તિરોધાનથી અંતઃસુખ પ્રદાન કરનારને નમસ્કાર

૮૫૪. કૃષ્ણ-ભાવ-વ્યાપ્ત-વિશ્વ-ગોપી-ભાવિત-વેશ-ધૃજે નમઃ
કૃષ્ણાત્મ-ભાવથી સંપૂર્ણ-વ્યાપ્ત-વિશ્વવાળાં થયેલાં સર્વ ગોપીજનોએ (અંતઃકરણમાં) ભાવના કરેલ લીલા-સંબંધી વેષને ધારણ કરતા સ્વરૂપને તેમનામાં પ્રકટ કરનારને નમસ્કાર

૮૫૫. રાધા-વિશેષ-સંભોગ-પ્રાપ્ત-દોષ-નિવારકાય નમઃ
અન્ય ગોપીજનને છોડી એકાંતમાં પધરાવેલાં શ્રી-રાધા-સહચરીજીને બીજા કરતાં વિશેષ ભોગ પ્રાપ્ત થવાથી ઉત્પન્ન થયેલા દોષ રૂપ ગર્વનું નિવારણ કરનારને નમસ્કાર

૮૫૬. પરમ-પ્રીતિ-સંગીત-સર્વાદ્ભુત-મહા-ગુણાય નમઃ
પરમ પ્રેમથી સુંદર રીતે ગોપીગીતમાં ગવાયેલ સર્વ અદ્ભુત, અન્યમાં સંભવી શકે નહિ તેવા મહા-અલૌકિક ગુણવાળાને નમસ્કાર

૮૫૭. માનાપનોદનાક્રન્દ-ગોપી-દૃષ્ટિ-મહોત્સવાય નમઃ
ગર્વ ઉતર્યા પછી, ભગવાનના વિરહથી રુદન કરતાં ગોપીજનની દૃષ્ટિમાં દર્શન દેતા મહોત્સવ રૂપને નમસ્કાર

૮૫૮. ગોપિકા-વ્યાપ્ત-સર્વાંગાય નમઃ
ગોપીજનોમાં સ્પર્શાદિથી વ્યાપક સર્વ અંગોવાળાને નમસ્કાર

૮૫૯. સ્ત્રી-સંભાષા-વિશારદાય નમઃ
વ્રજસ્ત્રીઓના પ્રશ્નોના પ્રત્યુત્તરમાં ચતુરને નમસ્કાર

૮૬૦. રાસોત્સવ-મહાસૌખ્ય-ગોપી-સંભોગ-સાગરાય નમઃ
મહારાસ રૂપ ઉત્સવના મહાસુખમાં ગોપીજનને સ્વરૂપાનન્દનો અનુભવ દેવામાં પરિપૂર્ણ અક્ષય-રસના સાગર રૂપને નમસ્કાર

૮૬૧. જલ-સ્થલ-રતિ-વ્યાપ્ત-ગોપી-દૃષ્ટ્યભિપૂજિતાય નમઃ
જલ અને સ્થલના વિહારોથી પૂર્ણ ગોપીજનના સપ્રેમ નેત્ર-કટાક્ષોથી અલંકૃતને નમસ્કાર

૮૬૨. શાસ્ત્રાનપેક્ષ-કામૈક-મુક્તિ-દ્વાર-વિવર્ધનાય નમઃ
મર્યાદા-શાસ્ત્ર-ની અપેક્ષા વગર, અલૌકિક કામ, માત્ર - પ્રેમલક્ષણા સ્વતન્ત્ર ભક્તિ-રૂપ, મુક્તિના દરવાજાને વધારનારને નમસ્કાર

૮૬૩. સુદર્શન-મહા-સર્પ-ગ્રસ્ત-નન્દ-વિમોચકાય નમઃ
વિદ્યાધર-સુદર્શન, ઋષિના શાપથી, મોટો સાપ થયેલો. તેણે ગળેલા નન્દજીને વિશેષ રીતે છોડાવનારને નમસ્કાર

**૯૨૦. મનુષ્ય-માત્ર-ભોગાર્થ-ભૂમ્યાનીતેન્દ્ર-વૈભવાય નમઃ**

મનુષ્ય-માત્રના સુખાનુભવ રૂપ ભોગ-માટે પૃથ્વી પર દ્વારકામાં ઈન્દ્રના વૈભવ રૂપ પારિજાત વગેરે લાવનારને નમસ્કાર

**૯૨૧. યવન-વ્યાપ્ત-મથુરા-નિર્ગમાનંદ-વિગ્રહાય નમઃ**

યવન-સૈન્યથી ઘેરાયેલ મથુરામાંથી બહાર નીકળતી વખતે આયુધ વગરના શુદ્ધ-સચ્ચિદાનંદ સ્વરૂપવાળાને નમસ્કાર

**૯૨૨. મુચુકુન્દ-મહાબોધ-યવન-પ્રાણ-દર્પઘ્ને નમઃ**

માન્ધાતા-રાજાના પુત્ર મુચુકુન્દના નિદ્રામાંથી લાંબા સમયે જાગવાથી કાલયવનના પ્રાણ અને ગર્વ હરનારને નમસ્કાર

**૯૨૩. મુચુકુન્દ-સ્તુતાશેષ-ગુણ-કર્મ-મહોદયાય નમઃ**

મુચુકુન્દે સ્તુતિ કરેલ સંપૂર્ણ ગુણ-કર્મના મહોદય રૂપ અધિકતાવાળાને નમસ્કાર

**૯૨૪. ફલ-પ્રદાન-સન્તુષ્ટયે નમઃ**

ભક્તિરૂપ ફ્લદાનથી મુચુકુન્દને સંતોષનારને નમસ્કાર

**૯૨૫. જન્માન્તરિત-મોક્ષદાય નમઃ**

ક્ષત્રિય-જન્મ પછી બ્રાહ્મણ-જન્મે મળવાના જન્મના અંતરાયવાળા-મોક્ષને દેનારને નમસ્કાર

**૯૨૬. શિવ-બ્રાહ્મણ-વાક્યાપ્ત-જય-ભીતિ-વિભાવનાય નમઃ**

શિવજી અને બ્રાહ્મણોના "જય થશે"- તેવા વાક્યથી અઢારમીવાર યુદ્ધ માટે આવેલા જરાસન્ધના જય-નિમિત્તે પોતાનામાં ભયભાવના દેખાડનારને નમસ્કાર

**૯૨૭. પ્રવર્ષણ-પ્રાર્થિતાગ્નિ-દાન-પુણ્ય-મહોત્સવાય નમઃ**

પ્રવર્ષણ-પર્વતે પ્રાર્થના કરેલ અગ્નિદાનથી જરા-સન્ધને મિથ્યા પુણ્ય-મહોત્સવ દેનારને નમસ્કાર

**૯૨૮. રુક્મિણી-રમણાય નમઃ**

સુવર્ણના જેવા વર્ણવાળાં રુક્મિણીજીને આનંદ આપનારને નમસ્કાર

**૯૨૯. કામ-પિત્રે નમઃ**

મહાદેવજીના ક્રોધમાં બળી ગયેલા વાસુદેવાંશ કામના પિતાને નમસ્કાર

**૯૩૦. પ્રદ્યુમ્ન-ભાવનાય નમઃ**

પ્રદ્યુમ્નને પ્રકટ કરનારને નમસ્કાર

**૯૩૧. સ્યમન્તક-મણિ-વ્યાજ-પ્રાપ્ત-જામ્બવતી-પતયે નમઃ**

સ્યમન્તકમણિ લાવવાના બહાને પ્રાપ્ત થયેલ રીંછ-રાજ જામ્બવાનનાં પુત્રી જામ્બવતીજીના સ્વામીને નમસ્કાર

**૯૩૨. સત્યભામા-પ્રાણ-પતયે નમઃ**

સત્ય-યથાર્થ, ભામ- ક્રોધવાળાં, સત્યભામાજીના પ્રાણના નાથને નમસ્કાર

**૯૩૩. કાલિન્દી-રતિ-વર્ધનાય નમઃ**

સૂર્યપુત્રી કાલિન્દીજીની પ્રીતિને વધારનારને નમસ્કાર

**૯૩૪. મિત્રવિન્દા-પતયે નમઃ**

મિત્રવિન્દાજીના પતિને નમસ્કાર

**૯૩૫. સત્યા-પતયે નમઃ**

નગ્નજિત-રાજાનાં પુત્રી સત્યાજીના સ્વામીને નમસ્કાર

**૯૩૬. વૃષ-નિષૂદનાય નમઃ**

નગ્નજિત-રાજાની પ્રતિજ્ઞાનુસાર સાત સાંઢને નાથનારને નમસ્કાર

**૯૩૭. ભદ્રા-વાઞ્છિત-ભર્ત્રે નમઃ**

શ્રુતકીર્તિનાં પુત્રી ભદ્રાજીના મનગમતા પતિને નમસ્કાર

**૯૩૮. લક્ષ્મણા-વરણ-ક્ષમાય નમઃ**

મદ્રદેશના રાજાનાં કન્યા લક્ષ્મણાજીને વરવામાં સમર્થને નમસ્કાર

**૯૩૯. ઈન્દ્રાદિ-પ્રાર્થિત-વધ-નરકાસુર-સૂદનાય નમઃ**

ઈન્દ્ર વગેરે દ્વારા જેનો વધ યાચવામાં આવેલો તે નરકાસુરનો વધ કરનારને નમસ્કાર

**૯૪૦. મુરારયે નમઃ**

મુરદૈત્યના શત્રુને નમસ્કાર

**૯૪૧. પીઠ-હન્ત્રે નમઃ**

નરકાસુરના સેનાપતિ પીઠ-દૈત્યના ઘાતકને નમસ્કાર

**૯૪૨. તામ્રાદિ-પ્રાણ-હારકાય નમઃ**

તામ્ર વગેરે દૈત્યોના પ્રાણને હરનારને નમસ્કાર

**૯૪૩. ષોડશ-સ્ત્રી-સહસ્રેશાય નમઃ**

નરકાસુરની કેદમાંથી છોડાવેલ સોળ હજાર સ્ત્રીઓના સ્વામીને નમસ્કાર

**૯૪૪. છત્ર-કુંડલ-દાન-કૃતે નમઃ**

નરકાસુરે હરેલ તે છત્ર ઈન્દ્રને અને કુંડલ અદિતિને દાન કરનારને નમસ્કાર

**૯૪૫. પારિજાતાપહરણાય નમઃ**

સ્વર્ગમાંથી પારિજાત-ફૂલના વૃક્ષને હરનારને નમસ્કાર

**૯૪૬. દેવેન્દ્ર-મદ-નાશકાય નમઃ**

દેવોના સ્વામી-ઈન્દ્રનો પરાજય કરી ગર્વનો નાશ કરનારને નમસ્કાર

**૯૪૭. રુક્મિણી-સમ-સર્વ-સ્ત્રી-સાધ્ય-ભોગ-રતિ-પ્રદાય નમઃ**

લક્ષ્મીજીના અંશથી રુક્મિણીજીની સમાન સર્વ સ્ત્રીઓ વડે સાધ્ય ભોગ-માટે તેઓને પ્રયત્નપૂર્વક પ્રીતિ દેનારને નમસ્કાર

**૯૪૮. રુક્મિણી-પરિહાસોક્તિ-વાક્તિરોધાન-કારકાય નમઃ**

રુક્મિણીજીની સાથે પરિહાસ રૂપ વાણી-વડે પોતાનું વાચનિક તિરોધાન કરનારને નમસ્કાર

**૯૪૯. પુત્ર-પૌત્ર-મહા-ભાગ્ય-ગૃહ-ધર્મ પ્રવર્તકાય નમઃ**

પુત્ર-પૌત્ર વગેરે સંબંધી મહાભાગ્ય યુક્ત ગૃહસ્થાશ્રમને પ્રયત્નપૂર્વક (દર્શાવનાર) જણાવનાર-ને નમસ્કાર

**૯૫૦. શમ્બરાન્તક-સત્પુત્ર-વિવાહ-હત-રુક્મિકાય નમઃ**

શમ્બર-દૈત્યનો નાશ કરનાર પ્રદ્યુમ્નજીના સુપુત્ર અનિરુદ્ધના વિવાહમાં રુક્મીનો વધ કરનારને નમસ્કાર

**૯૫૧. ઉષાપહત-પૌત્ર-શ્રિયે નમઃ**

બાણાસુરની પુત્રી ઉષા-માટે ચિત્રલેખાથી અપહરણ કરાયેલ પોતાના પૌત્ર અનિરુદ્ધની સમ્પત્તિના કારણરૂપને નમસ્કાર

**૯૫૨. બાણ-બાહુ-નિવારકાય નમઃ**

શિવજીનાં વાક્યો સત્ય કરવા-માટે બાણાસુરના ચાર હાથ રાખી બાકીના હાથ છેદનારને નમસ્કાર

**૯૫૩. શીત-જ્વર-ભય-વ્યાપ્ત-જ્વર-સંસ્તુત-ષડ્-ગુણાય નમઃ**

શ્રીકૃષ્ણે પ્રકટ કરેલ શીતજ્વરના ભયથી ઘેરાયેલા ઉષ્ણજ્વરથી સ્તુતિ કરાયેલા છ ગુણોવાળાને નમસ્કાર

**૯૫૪. શંકર-પ્રતિ-યોદ્ધ્રે નમઃ**

શંકરજીની સામે યુદ્ધ કરનારને નમસ્કાર

**૯૫૫. દ્વન્દ્વ-યુદ્ધ-વિશારદાય નમઃ**

બે જણના-દ્વન્દ્વ-યુદ્ધમાં નિપુણને નમસ્કાર

**૯૫૬. નૃગ-પાપ-પ્રભેત્રે નમઃ**

બ્રાહ્મણના દ્રવ્યથી કાચિંડા રૂપ થયેલા ઈક્ષ્વાકુ-રાજાના પુત્ર નૃગનાં પાપને છેદનારને નમસ્કાર

**૯૫૭. બ્રહ્મ-સ્વ-ગુણ-દોષ-દર્શે નમઃ**

બ્રહ્મદ્રવ્યના ગુણદોષ જોનારને નમસ્કાર

**૯૫૮. વિષ્ણુ-ભક્તિ-વિરોધૈક-બ્રહ્મ-સ્વ-વિનિવારકાય નમઃ**

વિષ્ણુભક્તિમાં પ્રતિબંધના અસાધારણ કારણ રૂપ બ્રહ્મદ્રવ્યના વિશેષ નિવારકને નમસ્કાર

**૯૫૯. બલભદ્રાહિત-ગુણાય નમઃ**

બલભદ્રજીમાં ગુણોનું સ્થાપન કરનારને નમસ્કાર

**૯૬૦. ગોકુલ-પ્રીતિ-દાયકાય નમઃ**

બલભદ્રજી દ્વારા ગોકુલવાસીઓને હર્ષ દેનારને નમસ્કાર

**૯૬૧. ગોપી-સ્નેહૈક-નિલયાય નમઃ**

ગોપીજનના સ્નેહના એકમાત્ર સ્થાન-રૂપને નમસ્કાર

**૯૬૨. ગોપી-પ્રાણ-સ્થિતિ-પ્રદાય નમઃ**

ગોપીજનના પ્રાણોને સ્થિરતા આપનારને નમસ્કાર

**૯૬૩. વાક્યાતિગામિ-યમુના-હલાકર્ષણ-વૈભવાય નમઃ**

બલભદ્રજીનાં વાક્યોનું ઉલ્લંઘન કરનાર યમુનાજીને હલથી ખેંચવામાં સામર્થ્યરૂપ વૈભવવાળાને નમસ્કાર

**૯૬૪. પૌણ્ડ્રક-ત્યાજિત-સ્પર્ધાય નમઃ**

વાસુદેવનો વેશ ધરનાર પૌણ્ડ્રક-રાજાની હરિફાઈ (વધ કરીને) છોડાવનારને નમસ્કાર

**૯૬૫. કાશી-રાજ-વિભેદનાય નમઃ**

પૌણ્ડ્રકના મિત્ર કાશીરાજને મારનારને નમસ્કાર

**૯૬૬. કાશી-નિદાહ-કરણાય નમઃ**

સુદર્શન-ચક્ર દ્વારા કાશી-નગરીને બાળનારને નમસ્કાર

**૯૬૭. શિવ-ભસ્મ-પ્રદાયકાય નમઃ**

શિવની અંગ-શોભા-માટે કાશીદાહથી ભસ્મ આપનારને નમસ્કાર

**૯૬૮. દ્વિવિદ-પ્રાણ-ઘાતિને નમઃ**

નરકાસુરના મિત્ર દ્વિવિદ-વાનરના પ્રાણને હણનારને નમસ્કાર

**૯૬૯. કૌરવાખર્વ-ગર્વનુદે નમઃ**

દુર્યોધનાદિ કૌરવોના અતિશય ગર્વને હણનારને નમસ્કાર

**૯૭૦. લાંગુલાકૃષ્ટ-નગરી-સંવિગ્ના-ખિલ-નાગરાય નમઃ**

હલના અગ્રભાગથી ગંગાજીમાં ડૂબાવી દેવા-માટે ખેંચેલ હસ્તિનાપુર નગરીના સર્વ નગરજનોને વિહ્વલ બનાવી દેનારને નમસ્કાર

**૯૭૧. પ્રપન્નાભયદાય નમઃ**

શરણે આવેલાઓને અભય દેનારને નમસ્કાર

**૯૭૨. સામ્બ-પ્રાપ્ત-સન્માન-ભાજનાય નમઃ**

૧૦૧૯. **શ્રીભાગવત-ધર્માદિ-બોધકાય નમઃ**
શ્રીમદ્-ભાગવતમાં કહેલ ભગવદ્-ભક્તોના ધર્મનો વસુદેવજીને નારદજી દ્વારા બોધ કરનારને નમસ્કાર.

૧૦૨૦. **ભક્તિ-નીતિ-કૃતે નમઃ**
નિમિરાજાને નવ યોગેશ્વરો દ્વારા ભક્તિની નીતિ- પ્રાપ્તિ કરાવનારને નમસ્કાર

૧૦૨૧. **ઉદ્ધવ-જ્ઞાન-દાત્રે નમઃ**
પોતાના ભક્ત ઉદ્ધવજીને શોક દૂર કરે તેવું જ્ઞાન દેનારને નમસ્કાર.

૧૦૨૨. **પંચવિંશતિધા-ગુરવે નમઃ**
અવધૂત દત્તાત્રેયજીને પચીસ પ્રકારે તત્ત્વનો ઉપદેશ કરનાર ગુરુ (પચીસ પ્રકારે ગુરુ દત્તાત્રેયજી)ને નમસ્કાર.

૧૦૨૩. **આચાર-ભક્તિ-મુક્ત્યાદિ-વક્ત્રે નમઃ**
વર્ણાશ્રધર્મ, ભક્તિ, મુક્તિ વગેરે ધર્મોના વક્તાને નમસ્કાર.

૧૦૨૪. **શબ્દોદ્ભવ-સ્થિતયે નમઃ**
પરા, પશ્યન્તી, મધ્યમા, વૈખરી-રૂપ વાણીની અભિવ્યક્તિ રૂપ (વાણીના ઉદ્ભવ-સ્થાનમાં સ્થિતિવાળા)ને નમસ્કાર.

૧૦૨૫. **હંસાય નમઃ**
સંસારને હણનાર-હંસ-સ્વરૂપવાળા શ્રીકૃષ્ણને નમસ્કાર

૧૦૨૬. **ધર્મ-પ્રવક્ત્રે નમઃ**
મુમુક્ષુધર્મને સંશય-નિવૃત્તિપૂર્વક કહેનારને નમસ્કાર

૧૦૨૭. **સનકાદ્યુપદેશ-કૃતે નમઃ**
સનકાદિને બ્રહ્મનો ઉપદેશ કરનારને નમસ્કાર.

૧૦૨૮. **ભક્તિ-સાધન-વક્ત્રે નમઃ**
પોતાની પ્રાપ્તિના મુખ્ય-સાધન રૂપ ભક્તિનાં સાધનના વક્તાને નમસ્કાર.

૧૦૨૯. **યોગ-સિદ્ધિ-પ્રદાયકાય નમઃ**
ચિત્તના નિરોધ રૂપ યોગથી મળતી અણિમા વગેરે સિદ્ધિઓનું ફલદાન કરનારને નમસ્કાર.

૧૦૩૦. **નાના-વિભૂતિ-વક્ત્રે નમઃ**
બહુ પ્રકારની વિભૂતિઓના વક્તાને નમસ્કાર.

૧૦૩૧. **શુદ્ધ-ધર્માવબોધકાયનમઃ**
પોતાને પ્રાપ્ત કરાવનાર શુદ્ધ શ્રૌત-સ્માર્ત-ધર્મોનું ઉદ્ધવજીને જ્ઞાન કરાવનારને નમસ્કાર

૧૦૩૨. **માર્ગ-ત્રય-વિભેદાત્મને નમઃ**
કર્મ-જ્ઞાન-ભક્તિ-એ ત્રણે માર્ગના વિશેષ-ભેદમાં ચિત્તવાળાને નમસ્કાર

૧૦૩૩. **નાના-શંકા-નિવારકાય નમઃ**
જુદા જુદા પ્રકારની શંકાઓનું સમાધાન કરનારને નમસ્કાર

૧૦૩૪. **ભિક્ષુ-ગીતા પ્રવક્ત્રે નમઃ**
ઉજ્જયિનીના ભિક્ષુએ ગાયેલ ગીત-ભીક્ષુગીતા-ના ઉત્તમ વક્તાને નમસ્કાર

૧૦૩૫. **શુદ્ધ-સાંખ્ય-પ્રવર્તકાય નમઃ**
શુદ્ધ-સેશ્વર-સાંખ્ય-આત્માનાત્મવિવેક-ના પ્રવૃત્તિ-કર્તાને નમસ્કાર.

૧૦૩૬. **મનો-ગુણ-વિશેષાત્મને નમઃ**
મનના સાત્ત્વિક વગેરે ગુણો-વિશેષ-દેવાદિ-જેમનાથી છે તેને નમસ્કાર.

૧૦૩૭. **જ્ઞાપકોક્ત-પુરૂરવસે નમઃ**
ગુણોમાં આસક્ત ન થવા માટે પુરૂરવા-ઐલ-નું જ્ઞાપક-દૃષ્ટાન્ત કહેનારને નમસ્કાર

૧૦૩૮. **પૂજા-વિધિ-પ્રવક્ત્રે નમઃ**
વૈદિક-તાન્ત્રિક-મિશ્ર-ભેદથી પૂજાના પ્રકારના શ્રેષ્ઠ વક્તાને નમસ્કાર

૧૦૩૯. **સર્વ-સિદ્ધાંત-બોધકાય નમઃ**
સર્વ સિદ્ધાન્તોના ગુણદોષના બોધકને નમસ્કાર.

૧૦૪૦. **લઘુ-સ્વમાર્ગ-વક્ત્રે નમઃ**
લઘુ-અલ્પ-પ્રયાસથી સાધ્ય થતા પોતાના-ભક્તિ-માર્ગના વક્તાને નમસ્કાર.

૧૦૪૧. **સ્વ-સ્થાન-ગતિ-બોધકાય નમઃ**
ઉદ્ધવજીને પોતાના સ્થાન બદરીકાશ્રમ પ્રતિ ગમનની આજ્ઞા કરનારને નમસ્કાર

૧૦૪૨. **યાદવાંગોપ-સંહર્ત્રે નમઃ**
યાદવોના દેહ-કુલ-નો ઉપસંહાર કરનારને નમસ્કાર.

૧૦૪૩. **સર્વાશ્ચર્ય-ગતિ-ક્રિયાય નમઃ**
સર્વને આશ્ચર્યજનક પોતાના સ્વસ્થાન વૈકુણ્ઠ-ગમનની ક્રિયાવાળાને નમસ્કાર

બારમા-સ્કંધનાં નામ

૧૦૪૪. **કાલ-ધર્મ-વિભેદાર્થ-વર્ણ-નાશન-તત્પરાય નમઃ**
કાલથી થતા ધર્મના લોપ-માટે વર્ણોનો નાશ-એકીકરણ-થવા છતાં ધર્મ-રક્ષકને નમસ્કાર.

૧૦૪૫. **બુદ્ધાય નમઃ**
પોતાની મેળે જ ધર્માધર્મને જાણનાર-બુદ્ધને નમસ્કાર.

૧૦૪૬. **ગુપ્તાર્થ-વક્ત્રે નમઃ**
ધર્મ રૂપ અર્થ ગુપ્ત-સુરક્ષિત - રહે તેમ અહિંસાદિ-ધર્મના વક્તાને નમસ્કાર.

૧૦૪૭. **નાના-શાસ્ત્ર-વિધાયકાય નમઃ**
બૌદ્ધ-ચાર્વાક વગેરે જુદા જુદા શાસ્ત્રોના કર્તાને નમસ્કાર.

૧૦૪૮. **નષ્ટ-ધર્મ-મનુષ્યાદિ-લક્ષણ-જ્ઞાપનોત્સુકાય નમઃ**
નષ્ટ થયેલા ધર્મવાળા મનુષ્યાદિનાં લક્ષણો જણાવવામાં ઉત્કણ્ઠાવાળાને નમસ્કાર.

૧૦૪૯. **આશ્રયૈક-ગતિ-જ્ઞાત્રે નમઃ**
આશ્રયની એક માત્ર ગતિના જાણનારને નમસ્કાર.

૧૦૫૦. **કલ્કયે નમઃ**
શત્રુને દબાવનાર-કલ્કિ-રૂપને નમસ્કાર.

૧૦૫૧. **કલિ-મલાપહાય નમઃ**
પોતાના પ્રાકટ્યથી કલિના મલને દૂર કરનારને નમસ્કાર.

૧૦૫૨. **શાસ્ત્ર-વૈરાગ્ય-સંબોધાય નમઃ**
શ્રીમદ્ભાગવત-શાસ્ત્રથી સર્વ વિષયાદિમાંથી વૈરાગ્યનો સુંદર-સંપૂર્ણ રીતે બોધ કરનારને નમસ્કાર.

૧૦૫૩. **નાના-પ્રલય-બોધકાય નમઃ**
નૈમિત્તિક-પ્રાકૃતિક-નિત્ય-આત્યન્તિક, એમ જુદા જુદા પ્રલયને જણાવનારને નમસ્કાર.

૧૦૫૪. **વિશેષતઃ-શુક-વ્યાજ-પરીક્ષિત્-જ્ઞાન-બોધકાય નમઃ**
અસાધારણ રીતે, અલૌકિક રીતે, શ્રીશુકદેવજીના બહાને મોતે જ શ્રીશુકદેવજીનું રૂપ ધરીને રાજા પરીક્ષિતને શ્રીમદ્-ભાગવતનું યથાર્થ-જ્ઞાન આપનારને નમસ્કાર.

૧૦૫૫. **શુકેષ્ટ-ગતિ-રૂપાત્મને નમઃ**
શ્રીશુકદેવજીની અત્યંત પ્રિય ગતિ-ભગવજ્જ્ઞાન-રૂપ સ્વરૂપવાળાને નમસ્કાર.

૧૦૫૬. **પરીક્ષિદ્-દેહ-મોક્ષદાય નમઃ**
રાજા-પરીક્ષિતને દેહ-બંધનમાંથી મોક્ષ દેનારને નમસ્કાર

૧૦૫૭. **શબ્દ-રૂપાય નમઃ** શબ્દ-બ્રહ્મ ...

૧૦૫૮. **નાદ-રૂપાય નમઃ**
નાદ-પ્રણવ-સ્વરૂપને નમસ્કાર

૧૦૫૯. **વેદ-રૂપાય નમઃ**
સર્વવેદ-સ્વરૂપને નમસ્કાર

૧૦૬૦. **વિભેદનાય નમઃ**
એક વેદમાંથી ચાર તથા ચાર વેદના અનેક શાખાઓ રૂપ વિભેદ કરનારને નમસ્કાર

૧૦૬૧. **વ્યાસાય નમઃ**
વિસ્તાર કરનાર - વ્યાસજીને નમસ્કાર

૧૦૬૨. **શાખા-પ્રવક્ત્રે નમઃ**
વેદોની શાખાઓનું શિષ્યો-માટે પ્રવચન કરનારને નમસ્કાર.

૧૦૬૩. **પુરાણાર્થ-પ્રવર્તકાય નમઃ**
પુરાણોનાં લક્ષ્ય-લક્ષણ-રૂપ અર્થનો બોધ કરનારને નમસ્કાર.

૧૦૬૪. **માર્કણ્ડેય-પ્રસન્નાત્મને નમઃ**
માર્કણ્ડેય પ્રત્યે પ્રસન્નતા-યુક્ત અન્તઃકરણ-વાળાને નમસ્કાર.

૧૦૬૫. **વટ-પત્ર-પુટે-શયાય નમઃ**
માર્કણ્ડેય-મુનિને માયા-દર્શન કરાવતાં મહાસાગરમાં વટપત્રમાં પોઢેલા બાલક-સ્વરૂપને નમસ્કાર.

૧૦૬૬. **માયા-વ્યાપ્ત-મહા-મોહ-દુઃખ-શાંતિ-પ્રવર્તકાય નમઃ**
માયાથી પ્રાપ્ત થયેલ મહામોહ રૂપ અજ્ઞાનથી માર્કણ્ડેયજીને દુઃખ અને પોતાના સ્વરૂપ-દર્શનથી શાન્તિ દેનારને નમસ્કાર.

૧૦૬૭. **મહાદેવ-સ્વરૂપાય નમઃ**
માર્કણ્ડેય-મુનિને દર્શન દેતા મહાદેવજી-રૂપને નમસ્કાર

૧૦૬૮. **ભક્તિ-દાત્રે નમઃ**
માર્કણ્ડેયજીને ભક્તિરૂપ વરદાન દેનારને નમસ્કાર.

૧૦૬૯. **કૃપા-નિધયે નમઃ**
અતિદુર્લભ ભક્તિ-દાનથી કૃપાના ભંડાર રૂપને નમસ્કાર.

૧૦૭૦. **આદિત્યાન્તર્ગતાય નમઃ**
સૂર્યમંડળની અંદર બિરાજતાને નમસ્કાર.

૧૦૭૧. **કાલાય નમઃ**
કાલ-રૂપને નમસ્કાર.


૧૦૭૨. **દ્વાદશાત્મને નમઃ**
બાર સૂર્યનારાયણ-સ્વરૂપને નમસ્કાર.

૧૦૭૩. **સુપૂજિતાય નમઃ**
ઉપાસકો દ્વારા મંત્રોથી સુંદર-રીતે પૂજાયેલાને નમસ્કાર.

૧૦૭૪. **શ્રીભાગવત-રૂપાય નમઃ**
શ્રીમદ્-ભાગવત-સ્વરૂપને નમસ્કાર.

૧૦૭૫. **સર્વાર્થ-ફલ-દાયકાય નમઃ**
શ્રીમદ્-ભાગવત રૂપે સર્વ-પુરુષાર્થોના સર્વાર્થ ફલરૂપ પ્રેમલક્ષણા-ભક્તિનું દાન કરનાર-શ્રીકૃષ્ણને નમસ્કાર

ઇતિ શ્રીપુરુષોત્તમ-સહસ્ર-નામાવલી-સંપૂર્ણ ॥



II · 3 · 31